
**સરપરસ્ત**



પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન બાવા સાહેબ(મદે.) અને હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદે.)



અખિલ ગુજરાત શીઆહ જાફરી મશાયખી મોમિન સમાજનું ગૌરવવંતું સામયિક

શીઆહ જાફરી મશાયખી વિકાસ મંડળનું મુખપત્ર

# જાફરી આવાઝ

વર્ષ : ૩૦ ❖ અંક : ૫ ❖ ૧૦, જાન્યુઆરી-૨૦૧૧
૪, સફર, હિ.સન-૧૪૩૨ ❖ સળંગ અંક : ૩૫૩

**આદ્ય તંત્રી : મર્હૂમ 'દીપક' દાંત્રેલિયા**

**માનદ તંત્રી**

કાસમભાઈ વિજાપુરા (મોબા. : ૯૪૨૬૫ ૪૧૪૭૨)

સહતંત્રી : માસૂમ મહેરપુરી
મો.૯૬૮૭૬૭૯૫૧૩

વ્યવસ્થાપક : ઈબ્રાહીમ ડી. વાઘ
✆ ૨૨૭૨૯૬ મો.૯૪૨૮૬૪૬૪૭૬

મશાયખ કમ્પ્યૂટર : જાફરી આવાઝ ૯૯૨૫૭૩૦૧૦૭

સહ વ્યવ. : અકબરઅલી એ. મસી
મો.૯૮૨૫૪૯૭૧૭૮, ૯૪૨૯૩૭૦૮૫૨
હનીફભાઈ વી. મતિયા

**સલાહ અને માર્ગદર્શન**

મોલ્વી હાસમભાઈ વલીભાઈ ગાંધી(સિધ્ધપુર)

**મુખપૃષ્ઠ સજાવટ**

શબ્બીરઅલી ગુલામમહંમદ રેવાસીયા(જેઠીપુરા)

**કાર્યાલયનું સરનામુ**

'જાફરી આવાઝ'(માસિક)
મુ.પો. ઈલોલ, તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા
પીન-૩૮૩ ૨૨૦. ફોન : ૦૨૭૭૨-૨૨૭૨૯૬

Website : www.jafariaawaz.com
Email : jafariaawaz@gmail.com

વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/-
પંચવર્ષિય લવાજમ રૂા.૨૮૦/-
(મોહર્રમ માસથી જ ગ્રાહક થવાય છે.)

SUBJECT TO HIMATNAGAR JURISDICTION


## લેખ સૂચિ


❋ ઊઘડતે પાને .......................... ૦૧
❋ કુરઆન શિક્ષણ ....................... ૦૬
❋ અહાદીસ .............................. ૦૭
❋ ઈબાદતમાં ઈતાઅતનું મહત્વ .......... ૦૯
❋ ગડમથલ .............................. ૧૪
❋ હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદે.)એ પઢેલ મજલિસ ... ૧૫
❋ અરબી મૂળાક્ષરોનો પરિચય .......... ૧૮
❋ રઝા એ ઈલાહી ........................ ૧૯
❋ સુપરમેન ઈન ઈસ્લામ : હ.ઈમામ જાફર સાદિક(અ.) ૨૫
❋ તૌહીદ ................................. ૨૮
❋ મેઅરાજ : સ્વર્ગ આરોહણની રાત ..... ૨૯
❋ આરોગ્યની સાચવણી ................. ૩૨
❋ જુંબિશે લબ ........................... ૩૩
❋ મશાયખવાણી ......................... ૩૫
❋ કુરઆને મજીદના સૂરાઓનો પરિચય .. ૩૭
❋ નહજુલ બલાગહ ...................... ૩૯
❋ સર્વશ્રેષ્ઠ સ્મરણ ....................... ૪૧
❋ જ્ઞાનગોષ્ઠિ ............................ ૪૩
❋ શેખ સાઅદીની શાયરીનો રસાસ્વાદ ... ૪૭
❋ આપણા ઘરની વાતો .................. ૪૯
❋ 'જાફરી આવાઝ'ને મળેલ ડોનેશન ..... ૫૧


## ઊઘડતે પાને...

માહે મોહર્રમ હિજરી સન-૬૧.

દસમી મોહર્રમ, આશુરાની રાત.

આ રાત ઈમામ હુસૈન(અ.)ના અસ્હાબો માટે કસોટીની રાત હતી. આ રાતનું એક દશ્ય તમને બતાવું.

એક તંબુમાં ઈમામ હુસૈન(અ.) ખુરસીમાં બેઠેલા છે. આપની આજુબાજુ આપના સ્વજનો અને અસ્હાબો બેઠેલા છે. દીવો સળગી રહ્યો છે.

**જગતને જ્યારે કરબલના મુસાફર યાદ આવે છે,
તો એને ઘેરતું લાખોનું લશ્કર યાદ આવે છે.**

ઈમામ હુસૈન(અ.) પોતાના સાથીદારોને સલાહ મશ્વેરો આપી રહ્યા છે.

'અય સાથીઓ ! આજે હું તમને મારી બયઅતથી આઝાદ કરી દઉં છું. તમે બધા અહીંથી ચાલ્યા જાઓ. તમે અહીંથી જશો તો તમારા માટે રસ્તો ખુલ્લો હશે. માત્ર અમારી મદદે આવનારા લોકો માટે જ રસ્તો બંધ છે. તમે ચાલ્યા જાઓ. હું તમારી પાસેથી કોઈ પણ પ્રકારનો બદલો નહીં લઉં.'

ઈમામના આ શબ્દો સાંભળીને તંબુમાં સન્નાટો છવાઈ ગયો. કોઈ કંઈ બોલતું નથી. બધા ખામોશ છે.

ઈમામ હુસૈન(અ.)ના મનમાં આવો વિચાર આવ્યો હશે :

... કદાચ આ લોકોના દિલમાં એવો ખયાલ હોય કે જો અમે રસૂલ(સ.)ના નવાસાને છોડીને જઈશું તો કાલે કયામતના દિવસે રસૂલ(સ.)ને શું મોઢું બતાવીશું... આ વિચાર પર પોતે જ નિર્ણય આપતાં ઈમામે ફરમાવ્યું,

'સાંભળો. તમે બધા કયામતની ચિંતા ના કરતા. ચાલ્યા જાઓ. કયામતના દિવસે તમને બક્ષાવવાની જવાબદારી મારી. તમે બધા ચાલ્યા જાઓ.'

આ સાંભળીને પણ બધા ખામોશ... કોઈ કંઈ બોલતું નથી.

ઈમામ(અ.) વિચારે છે : લાવો, કોઈ બહાનું શોધી કાઢું જેથી તેઓ અહીંથી જઈ શકે.

આપે ફરમાવ્યું,

'જુઓ, તમે બધા એમ કરો. તમે જાઓ અને મારા બાળકોમાંથી એક એક બચ્ચાને પણ સાથે લેતા જાઓ જેથી બહારવાળા કદાચ તમને એવું પૂછે કે તમે ઈમામને છોડીને કેમ ચાલ્યા આવ્યા ? તો તેમને કહી દેજો કે ઈમામે અમને પોતાના કામ માટે મોકલ્યા હતા. અમે કંઈ ઈમામને છોડીને આવ્યા નથી. અમે તેમના બચ્ચાઓને લઈને આવ્યા છીએ.'

પરંતુ આ વખતે પણ બધા શાંત.

ઈમામ(અ.) વિચારે છે : દીવો સળગી રહ્યો છે. હું તેમને જોઈ રહ્યો છું. તેઓ મને જોઈ રહ્યા છે તેથી જતાં શરમ લાગતી હશે. લાવો, આ દીવાને જ હોલવી નાખું. અંધારું થઈ જશે તો કદાચ કોઈ ચાલ્યો પણ જાય.

ઈમામ હુસૈન(અ.)એ દીવો હોલવી નાખ્યો. થોડી વાર પછી જ્યારે દીવો ફરીથી સળગાવ્યો. તો જોયું કે બધા જ અસ્હાબો યથાવત્ સ્થિતિમાં બેઠેલા છે અને તેમના બધાનો બેસી રહેવાનો અંદાજ, તેમનો હાવભાવ બતાવી રહ્યો છે કે -

'અય ઈમામ ! જો કદાચ અમે આ શમ્આના પરવાના હોત તો તેના હોલવાઈ જવાની સાથે જ અહીંથી ચાલ્યા જાત. પરંતુ અમે બધા તો શમ્એ ઈમામતના પરવાના છીએ. શમ્આ સળગી રહી છે અને પરવાનો ચાલ્યો જાય તે બાબત પરવાનાના મિઝાજની વિરૂધ્ધ છે. અમે તો શમ્આના હોલવાઈ જવા પહેલાં જ પોતાની જાતને બુઝાવી દઈશું. પરંતુ અમારી જિંદગીમાં તો આ શમ્એ ઈમામતને હોલવાઈ જવા નહીં દઈએ.'

દોસ્તો ! જોઈ લીધાને ઈમામના સાથીદારોને? આ બધા છે સાચી મોહબ્બત કરવાવાળા. આ બધા છે ઈમામના સાચા સાથીદાર. તેમણે બધાએ પોતાનો જીવ કુરબાન કરી દીધો પરંતુ અંત સુધી ઈમામનો સાથ ન છોડ્યો, તે ન જ છોડ્યો.

આવા જ એક સહાબીએ હુસૈન.

જનાબે મુસ્લિમ ઈબ્ને અવસજા.

જનાબે મુસ્લિમ ઈબ્ને અવસજાની ગણતરી

**કપાયા હાથ તો પણ હાથ ભાઈનો નથી છોડ્યો,**
**વફાને પણ એ અબ્બાસે દિલાવર યાદ આવે છે.**

**જવાનીના જમાનામાં ઝિલ્યા છે ઘાવ બરછીના,**
**કલેજે દર્દ ઊઠે છે જ્યાં અકબર યાદ આવે છે.**

પ્રથમ પંક્તિના આબિદોમાં અને ઝાહિદોમાં થતી હતી. આબિદ અને ઝાહિદ હોવા ઉપરાંત આપ સાચા મુજાહિદ પણ રહી ચૂક્યા હતા. ઈસ્લામની મદદ કરવામાં નોંધપાત્ર ભાગ લઈ ચૂક્યા હતા. જનાબે રસૂલે ખુદા(સ.)ની સાથે કાફિરો સમક્ષ જંગ કરી ચૂક્યા હતા. આવા શૂરવીર હતા જનાબે મુસ્લિમ ઈબ્ને અવસજા.

લખ્યું છે કે મુસ્લિમ ઈબ્ને અવસજાએ ઈમામ હુસૈન(અ.)ની ખિદમતમાં આવીને અરજ કરી,

'યા ઈમામ ! મને મેદાનમાં જવાની રજા આપો.'

ઈમામે રજા આપતાં જનાબે મુસ્લિમ મેદાનમાં આવ્યા. આપ ખૂબ જ વૃધ્ધ હોવા છતાં પોતાની ખૂબ જ ઈમાની શક્તિ અને તાકાતનો પરિચય કરાવ્યો. ઘણા બધા યઝીદીઓને જહન્નમ ભેગા કરી દીધા. જ્યારે તેઓ ઘાયલ થઈને ઘોડા ઉપરથી નીચે આવ્યા તો તેમણે ઈમામને અવાજ આપ્યો.

ઈમામ હુસૈન(અ.) હબીબ ઈબ્ને મઝાહિરને સાથે લઈને મુસ્લિમની પાસે આવ્યા. જોયું તો થોડોક જ જીવ બાકી છે. ઈમામે ફરમાવ્યું,

'મુસ્લિમ ! તમે હક અદા કરી દીધો. ખુદા તમારા ઉપર રહેમત નાઝિલ કરે. તમે જાઓ, અમે પણ તમારી પાછળ પાછળ આવીએ છીએ.'

હબીબ ઈબ્ને મઝાહિર મુસ્લિમની નજીક આવ્યા અને કહ્યું,

'મુસ્લિમ ! તમને જન્નતની ખુશખબરી આપું છું.'

જનાબે મુસ્લિમે ખૂબ જ નિર્બળ અવાજમાં કહ્યું,

'હબીબ ! તમે પણ આ મરતબા ઉપર આરૂઢ થાઓ એવી મારી દુઆ છે.'

હબીબે કહ્યું,

'અય મુસ્લિમ ! જો કે હું પણ તમારી પાછળ પાછળ આવું છું છતાં પણ અય મુસ્લિમ ! આખર સમયે તમારે કોઈ વસિયત કરવી હોય તો કહો.'

મુસ્લિમે કહ્યું,

'મારી વસિયત તો એ છે કે ઈમામની મદદ કરવાથી હાથ ઉઠાવી ન લેતા.'

દોસ્તો ! કેવા વફાદાર હતા હુસૈન(અ.)ના અસ્હાબ કે મરતાં પહેલાં ઈમામ હુસૈન(અ.)ની મદદ કરવાની વસિયત કરતા જાય છે. આ બધું જાણીને હુસૈન(અ.)ના ઉપર શું વીત્યું હશે !

મૌલા હુસૈન પોતાનું કાળજુ પકડીને બેઠા છે. મલેકુલ મૌતે પોતાની ફરજ પૂરી કરી. ગુલામ વફાદારીની દાદ આપીને દુનિયાથી વિદાય થઈ ગયો. ગુલામનું મસ્તક અને આકાનો ખોળો. હું નથી જાણતો કે હુસૈન(અ.)ને પોતાના ખોળામાંથી મુસ્લિમનું મસ્તક કેવી રીતે ખસેડ્યું હશે. છેવટે મુસ્લિમની લાશ લઈને તંબુમાં આવ્યા. બધાએ મુસ્લિમનો ગમ કર્યો.

ઈમામ હુસૈન(અ.) એક બાજુ ઊભેલા હતા તેવામાં તેમણે જોયું કે ખૈમાગાહમાંથી એક નાની વયનો બાળક બહાર નીકળ્યો. માથા ઉપર નાનકડો અમામો. ખભા ઉપર નાનકડી ચાદર. કમરમાં તલવાર બાંધેલી હતી. બાળવયની પરિસ્થિતિ એ હતી કે તલવાર જમીન ઉપર લીટી દોરતી જાય છે. આ બાળક ઝડપથી મેદાન તરફ દોડતો જઈ રહ્યો છે.

ઈમામ હુસૈન(અ.)એ તેને જોતાંની સાથે જ બૂમ પાડીને કહ્યું,

'હબીબ ! આ કોનું બાળક છે ? અને ખૈમાગાહમાંથી નીકળીને ક્યાં જઈ રહ્યું છે ? જરા તેને રોકી લો. જુઓ તો ખરા, મેદાનમાં તીરોનો વરસાદ વરસી રહ્યો છે. દુશ્મનો બધી બાજુએ કતલ

**હતાં જે ફૂલ સેહરાનાં થયાં એ ફૂલ તુરબતનાં,**
**વર્યા છે મોતને ફરઝંદે શબ્બર યાદ આવે છે.**

**ઝુલાની બહાર નીકળીને ઝુલામાં આવવા બદલે,**
**સૂતા છે જે કબરમાં જઈ એ અસગર યાદ આવે છે.**

કરવા માટે તત્પર છે. ક્યાંક એવું ન થાય કે આ માસૂમ બાળકનું બાળપણ ધૂળમાં મળી જાય.'

હબીબ ઈબ્ને મઝાહિરે આગળ વધીને બાળકને રોકી લીધું. બાળકે છટકવાની ઘણી કોશિશ કરી પરંતુ હબીબ તેને લઈને ઈમામ હુસૈન(અ.)ની સેવામાં ઉપસ્થિત થયા. ઈમામે મોહબ્બતના આવેશમાં બાળકને પોતાના ગળા સાથે વળગાડી દીધું. હુસૈન(અ.)એ ફરમાવ્યું,

'અય મારા લાલ ! તું કોનો ફરઝંદ છે અને ક્યાં જઈ રહ્યો છે ? બેટા ! આ કરબલાના મેદાનમાં વળી તારે શું કામ છે ?'

બાળકે અરજ કરી,

'મૌલા ! હું મુસ્લિમ ઈબ્ને અવસજાનો ફરઝંદ છું. હવે હું આપના કદમો ઉપર મારો જીવ ન્યોછાવર કરવા જઈ રહ્યો છું. વળી ઘણી વાર થઈ મારા બાબાના કંઈ સમાચાર પણ આવ્યા નથી. ખુદા જાણે મારા બાપના ઉપર શું વીત્યું હશે !'

ઈમામે ફરમાવ્યું,

'મારા લાલ ! પાછો ફરી જા. એવું ન થાય કે તારું ઘરમાંથી નીકળવું તારી માતા માટે અસહ્ય થઈ પડ્યું હોય.'

આ શબ્દો સાંભળતાં જ બાળકે પોતાના હાથ અદબપૂર્વક જોડીને અરજ કરી,

'મૌલા ! આપ આ શું ફરમાવી રહ્યા છો ? મૌલા ! આ તલવાર કમરમાં કોણે ભરાવી છે ? મારા માથા ઉપર આ અમામો કોણે બંધાવ્યો છે ? આ લોખંડી બખ્તર મને કોણે પહેરાવ્યું છે ?'

આ સાંભળીને ઈમામની આંખોમાં આંસુ આવી ગયાં. મનોમન કહેવા લાગ્યા,

'યા અલ્લાહ ! આ મારી પરદેશી અવસ્થા અને મારી નિઃસહાયતા કેવી છે કે હવે તો સ્ત્રીઓ પણ પોતાની ગોદમાં ઉછરેલાં બાળકોને આવી રીતે સજાવીને મેદાનમાં મોકલી રહી છે.'

ઈમામે આંસુઓને રોકીને ફરમાવ્યું,

'બેટા ! જાઓ પાછા જાઓ, મારા લાલ ! હું તારા બાપના સિરહાનેથી હમણાં જ પાછો આવ્યો છું. બેટા ! તારા પિતા રાહે ખુદામાં કામ આવી ગયા. તારી માતા માટે આ દુઃખ કંઈ ઓછું છે ? હવે તું તેમને તારો ગમ ન આપતો.'

નાનેરા બાળકે મૌલાની વાતચીત સાંભળીને પોતાનું કાળજું પકડી લીધું. એક તરફ યતીમીનો ગમ અને બીજી તરફ મેદાનમાં જવાની રજા ન મળવાનું દુઃખ. બાળકે વિચાર કર્યો,

'યા અલ્લાહ ! શું મારું નસીબ જ ફૂટેલું છે કે ન તો માથા ઉપર બાપનો સાયો રહ્યો કે ન તો મૌલા તરફથી રજા મળી કે જેથી મારું મસ્તક કપાવીને રાહે ખુદામાં ઉન્નત મસ્તક થાઉં અને મારી માતાના દિલને ખુશ કરું.'

બાળક હજુ તો આવા વિચારો જ કરી રહ્યો હતો તેવામાં ખૈમાના દરવાજેથી અવાજ આવ્યો,

'મૌલા ! આ તો એક વિધવાનો હદીયો છે એને રદ ન કરતા. આકા ! તેને આપના અકબરનો ફિદ્‌યો સમજજો. આકા ! આ મારી અંતિમ તમન્ના છે. તેને નકામી ન થવા દેતા. અય ફાતેમાના લાલ! આ દાસીની મુરાદને પૂરી થવા દેજો. હું મારી આંખોથી મારા લાલને ખૂનમાં નાહેલો જોઈ લઉં.'

મૌલાએ દિલને અંકુશમાં રાખી દીધું. આંસુઓને રોકી લીધાં. બાળકને પરવાનગી આપી દીધી. ખુદા જાણે છે કે હુસૈન(અ.)એ કયા દિલથી રજા આપી હશે અને મૌલાના દિલ ઉપર શું વીત્યું હશે.

મેદાનમાં મુસ્લિમનો લાલ.

પડદાની પાછળ મુસ્લિમની વિધવા.

માતા પોતાના પુત્રના છેલ્લા સમાચારની વાટ

**ઝૂક્યું છે સર જે સજદામાં સિતમગરને નથી ઝૂક્યું,**
**એ ગરદન યાદ આવે છે એ ખંજર યાદ આવે છે.**

**બધી કુરબાનીઓની લાજ રાખી છે લૂંટાઈને,**
**અલીની લાડલી ઝયનબની ચાદર યાદ આવે છે.**

જોઈ રહી છે.

એટલામાં તો કોઈનો અવાજ સંભળાયો,

'અય મુસ્લિમની વિધવા ! લે, તારો ખોળો ઉજ્જડ થઈ ગયો. તારી આરઝૂ પૂરી થઈ ગઈ. તારા ખોળાનો ખુંદનાર મેદાનમાં કામ આવી ગયો. હુસૈન(અ.) તારા લાલની મૈયત લઈને મેદાનમાંથી આવી રહ્યા છે.'

અઝાદારો ! હું નથી જાણતો કે મુસ્લિમની પત્નીએ આંસુ વહાવ્યાં કે પછી શુક્રનો સિજદો કર્યો. પરંતુ હા, એટલું તો જરૂર થયું. વાતાવરણમાં એક અસર ચોક્કસ રહી ગઈ કે જેના કારણે આજે અમારી મા-બહેનો માથાં કૂટી કૂટીને મુસ્લિમના લાલનું માતમ કરી રહી છે. *

**અલા લાઅનતુલ્લાહે અલલ કૌમિઝ્ ઝાલેમીન.**

**(મસાઈબ - નુક્તએ હિદાયત કિતાબમાંથી ભાષાંતરિત)**


**ભોરણીયા સાદિકઅલી આર.**
મો.૯૯૦૯૪૮૮૨૨૫
૯૯૨૪૪૧૮૨૪૩

**બાલીસણા ઝાકિરહુસૈન જી.**
મો.૯૪૨૯૫૨૯૪૧૦
૯૪૨૮૮૪૯૪૭૭

**ન્યુ ચિરાગ ઈલેક્ટ્રીક**

**(સેલ્સ & સર્વિસ)**

**L.E.D. ડેકોરેશન**

અમારે ત્યાં ઈલેક્ટ્રીક સામાન, રિચાર્જેબલ ટોર્ચ તેમજ હોટલ, દરગાહ, ઝરીહ મુબારક કે ઈમામવાડાને લગતું L.E.D. સીરીઝનું દરેક પ્રકારનું કામ હોલસેલ તેમજ રીટેઈલ ભાવે કરી આપવામાં આવશે.

**L.E.D. સ્પેશ્યાલિસ્ટ**

**બસ સ્ટેન્ડની બાજુમાં, રીંગલ શોપીંગ સેન્ટર, વડનગર.**


*તમારું દીની જ્ઞાન ચકાસો.*

## ? ઈસ્લામી કવીઝ નં. ૨૦૨

**(૧) એ મહાન વૈદ્ય કોણ છે કે જેમનું વર્ણન કુરઆન શરીફમાં કરવામાં આવ્યું છે ?**
(A) હઝરત યુનુસ(અ.) (B) હઝરત હુદ(અ.)
(C) હઝરત લુકમાન(અ.)

**(૨) હઝરત અલી(અ.)એ કયા પ્રકારની મહેર આપી હતી ?**
(A) મુઅજ્જલ (B) મુવજ્જલ (C) જહેઝ

**(૩) ઈસ્લામ સ્વીકાર પહેલાં હઝરત સલમાન ફારસી(રઝી.)નું અસલ નામ શું હતું ?**
(A) અખનુસ (B) હોમલ (C) રૂઝબેહ

**(૪) કયા પયગમ્બરના ગળામાં સીસુ ગરમ કરીને રેડવામાં આવ્યું હતું ?**
(A) હઝરત હિઝકીલ(અ.)
(B) હઝરત ઝરજીસ(અ.)
(C) હઝરત હનજલ(અ.)

**(૫) અબ્રાહમે યમન જીત્યા બાદ કા'બાની મહાનતા જોઈને જે ભવ્ય ઈમારત (ઈબાદતખાનું) બનાવી હતી તેનું નામ શું?**
(A) ઈરમ (B) કલીસ (C) અદન

**(૬) ઘેસ મૂકવાની પ્રથા કોની શહાદત પછી શરૂ થઈ ?**
(A) હઝરત હમ્ઝા(રઝી.)
B) હઝરત જાફરે તૈયાર(રઝી.)
(C) હઝરત ઓવેશ કરની(રઝી.)

**(૭) નીચેનામાંથી કયા પીરને ૮૦ વર્ષે ઔલાદ નસીબ થઈ હતી ?**
(A) પીર સૈયદ ગાલિબુદ્દીન બાવા(રહે.)
(B) પીર સૈયદ સદરૂદ્દીન બાવા(રહે.)
(C) પીર સૈયદ અબ્દુલ મોમિનશાહ(રહે.)

**સકીનાની યતીમી પર વહે છે લોહીનાં આંસુ,**
**તમાચા યાદ આવે છે એ ગૌહર યાદ આવે છે.**

**બીમારી, કેદની હાલત અને દરદર ભટકવાનું,**
**કદમની બેડીઓ, રસ્તાના પથ્થર યાદ આવે છે.**

# કુરઆન શિક્ષણ

અઝ
આકાએ નામદાર
પીર સૈયદ મોહંમદ
મુશાહિદહુસૈન
જાફરી(મદ્દે.)

بسم الله الرحمن الرحيم

**મનુષ્ય જીવન સંબંધી હુકમો વિષયક આયતો**

✻ ન કોઈ આંધળાના માથે દોષ છે ન કોઈ લંગડાના માથે અને ન કોઈ માંદા ઉપર અને ન તમારા પોતાના માથે, એ(વાત)માં કે તમે ખાવાનું તમારા ઘરોમાં ખાઓ અથવા તમારા બાપ દાદાઓના ઘરોમાં, અથવા તમારી માતાઓના ઘરોમાં અથવા તમારા ભાઈઓના ઘરોમાં અથવા તમારી બહેનોના ઘરોમાં અથવા તમારા કાકાઓના ઘરોમાં અથવા તમારી ફોઈઓના ઘરોમાં અથવા તમારા મામાઓના ઘરોમાં અથવા તમારી માસીઓના ઘરોમાં અથવા જે ઘરોની ચાવીઓ તમારા હાથમાં હોય તે ઘરોમાં અથવા તમારા મિત્રોના ઘરોમાં; (વળી) એમાં પણ તમારા માટે કાંઈ વાંધો નથી કે તમે ભેગા મળીને ખાઓ યા જુદા જુદા (બેસીને); પછી જ્યારે તમે ઘરોમાં દાખલ થાઓ તો તમારા લોકોને સલામ કરો, તે અલ્લાહ તરફની મુબારક અને પાક ભેટ છે; આવી રીતે અલ્લાહ પોતાના હુકમો સ્પષ્ટ કરીને તમને વર્ણવે છે કે જેથી તમે(સહેલાઈથી) સમજી લો.

**(પારો-૧૮, સૂરએ નૂર, આયત-૬૧)**

✻ અને તે એ જ છે કે જેણે મનુષ્યને (વીર્યના) પાણીમાંથી પેદા કર્યો, પછી તેને વંશ (ઓલાદ) અને સગપણ (વહુ, જમાઈ વગેરે) ધરાવનાર બનાવી દીધો; અને તમારો પરવરદિગાર (સઘળી વાતો પર) સંપૂર્ણ કાબૂ ધરાવનારો છે.

**(પારો-૧૯, સૂરએ ફુર્કાન, આયત-૫૪)**

**એ બંદગીની શાન ને શૌકત હુસૈનની,**
**આવ્યા હતા જે મારવા, પોતે મરી ગયા.**

✻ શું લોકોએ એમ ધારી લીધું છે કે તેઓ માત્ર આટલું કહેવાથી કે અમે ઈમાન લાવ્યા, છોડી દેવામાં આવશે અને તેમની કસોટી કરવામાં નહીં આવે ?✻ અને ખચીત જ અમોએ તેમની આગમચવાળાઓને પણ અજમાવ્યા હતા, જેથી અલ્લાહ જેઓ સાચા છે તેમને જરૂર જાણી લેશે અને જૂઠાઓને પણ જરૂર જાણી લેશે.

**(પારો-૨૦, સૂરએ અનકબુત, આયત-૨ થી૩)**

✻ અને હે મારા તે બંદાઓ કે જે ઈમાન લાવ્યા છો ! નિઃસંશય મારી ભૂમિ અતિ વિશાળ છે, માટે તમે મારી જ ઈબાદત કરો.

**(પારો-૨૦, સૂરએ અનકબુત, આયત-૫૬)**

✻ અને પૃથ્વી પર ચાલનારા કેટલાય (પ્રાણીઓ) એવા છે કે જેઓ પોતાની રોજી ઊંચકીને ફરતા નથી; પણ અલ્લાહ જ તેમને રોજી પહોંચાડે છે અને તમને પણ; અને એ જ મોટો સાંભળનારો (અને) જાણનારો છે.

**(પારો-૨૦, સૂરએ અનકબુત, આયત-૬૦)**


✻ અને લોકોમાંથી કોઈ કોઈ એવા પણ છે કે જે બેહુદી વાતો ખરીદે છે કે (તે વડે લોકોને) સમજ્યા વગર અલ્લાહની રાહથી ભમાવે અને પછી તે (આયતો)ની હાંસી ઉડાડે; હિણપત ભરેલી શિક્ષા તેઓ માટે જ છે.

**(પારો-૨૧, સૂરએ લુકમાન, આયત-૬)**

**જાફરી આવાઝનું કુરિઅર સરનામુ**

મશાયખ કમ્પ્યૂટર, જાફરી આવાઝ(માસિક)
આરઝૂ કોમ્પલેક્ષ, બીજે માળે, એલ.આઈ.સી.
ઓફિસની બાજુમાં, ન્યાય મંદિર, હિંમતનગર.
મો.૯૯૨૫૭૩૦૧૦૭

**ડૂબી ગયા એ જેમણે પહેરો મૂક્યો હતો,**
**તરસ્યા રહ્યા હતા એ બધાયે તરી ગયા.**



# અહાદીસ



## મહેમાનનવાઝી વિશે

મહેમાનનવાઝી એક વિશિષ્ઠ અને શિષ્ટાચારપૂર્વકના સદગુણોમાંનો એક સદગુણ છે. જે કોમોએ આ સદગુણ અપનાવ્યો છે તે ભાગ્યશાળી છે અને તેના પર તેઓ ગર્વ અનુભવે છે. સાચું તો એ છે કે તેમણે આ બાબતમાં ગર્વ કરવો જ જોઈએ. ઈસ્લામના દષ્ટિકોણથી આ બાબતનું મહત્વ ખૂબ આંકવામાં આવ્યું છે.

ઈમામ અસ્સાદિક(અ.) ફરમાવે છે :

**'જો બે ઈમાનદાર માણસો કોઈ બીજા ઈમાનદાર માણસના ઘરમાં આવે અને તે માણસ તેમને ખવડાવી પીવડાવીને પરિતૃપ્ત કરી દે તો એ (કાર્ય) એવું જ છે જેવું કે તેણે એક ગુલામને આઝાદ કર્યો હોય.'**

નીચેની રિવાયતથી આપણે તેનું મહત્વ ઓર વધારે સમજી શકીએ છીએ. ઈમામ મોહંમદ બાકિર(અ.) ફરમાવે છે :

**'ચાર મુસલમાન વ્યક્તિઓને પરિતૃપ્ત કરવા એ ઈસ્માઈલ(અ.)ના ફરઝંદોમાંથી એક ગુલામને આઝાદ કરવા બરાબર છે.'**

ઈસ્લામ ધર્મ હંમેશાં કોઈ મુસાફર અને મહેમાનના વ્યક્તિત્વનું રક્ષણ કરે છે અને શરીઅતની રૂએ કહે છે કે તે (મહેમાન કે મુસાફર) ઘરના માણસો માટે બોજારૂપ નથી પરંતુ (તે મહેમાન) પોતાની રોઝીની સાથે આવે છે અને તે એક રહેમત છે, જે તે કુટુંબ પર મોકલવામાં આવે છે.

હઝરત રસૂલે અકરમ(સ.) ફરમાવે છે :

**'મહેમાન જન્નતના રસ્તાનો રહેનુમા (માર્ગદર્શક) છે.'**

વળી આપ ફરમાવે છે :

**'જ્યારે કોઈ વાર ખુદા તઆલા કોઈ પરિવાર દ્વારા ભલાઈ કરવાની ઈચ્છા ધરાવે છે તો તે તેની તરફ એક ઉપહાર (ભેટ) મોકલે છે અને તે ભેટ મહેમાન છે કે જે પોતાની રોઝીની સાથે આવતો હોય છે અને તે પરિવારના ગુનાહ પોતાની સાથે લઈ જાય છે.'**

આ ઉપરાંત આપ ફરમાવે છે :

**'કોઈ પણ મહેમાન કોઈ પરિવારના ત્યાં કદી (ખાલી હાથે) આવતો નથી સિવાય તેના કે પોતાની રોઝી પોતાની સાથે લઈ જાય.'**

ઈસ્લામ ધર્મ મહેમાનના ચાહકોને ખૂબ પ્રોત્સાહન આપે છે અને તે નેક સદગુણ ધરાવવા બદલ તેમની પ્રશંસા કરે છે.

ઈમામ અલી મુર્તઝા(અ.) ફરમાવે છે :

**'જે મોમિન મહેમાનનો ચાહક હોય તો કયામતના દિવસે જ્યારે તે કબરમાંથી ઊભો થશે તો તેનો ચહેરો ચંદ્રના ટુકડાની માફક ચમકી રહ્યો હશે. (આ જોઈને) લોકો નવાઈ પામશે અને એકબીજાને કહેશે કે આ (માણસ) ખુદાના પયગમ્બરોમાંથી છે. જે ફરિશ્તો તેની સાથે હશે તે તે(માણસ)ની ઓળખાણ કરાવશે કે આ એક એવો**

**એક મંઝર છે અને એ પણ અજબ છે આંખમાં,**
**તોય સૌ સમજી શકે એવો સબબ છે આંખમાં.**

**નામ લેતાં આંસુ છલકે છે હુસૈની પ્યાસ પર,**
**કુદરતે પોતે જ બાંધેલી પરબ છે આંખમાં.**

**માણસ છે કે જે મહેમાનોનો મિત્ર હતો અને તેનો (એટલે કે મહેમાનનો) આતિથ્ય સત્કાર કરતો હતો અને જન્નતમાં પ્રવેશવા સિવાય તેના માટે બીજો કોઈ માર્ગ નથી.'**

ઈસ્લામ ધર્મ કોઈ પણ મહેમાનનવાઝ વ્યક્તિનું, પછી ભલેને કોઈ અકીદા સાથે અથવા ધર્મ સાથે સંબંધ ધરાવતો હોય, તો પણ તેનું ખૂબ સન્માન કરે છે.

એક વખત કેટલાક કેદીઓને રસૂલે અકરમ(સ.)ની સેવામાં એટલા માટે ઉપસ્થિત કરવામાં આવ્યા કે તેમને (તેમણે કરેલા અપરાધના બદલામાં) કતલ કરવામાં આવે. એ બેમાંથી એક વ્યક્તિને કતલ કરવાના હુકમ પર અમલ કરવાના હેતુ સર સામે લાવવામાં આવ્યો. રસૂલે અકરમ(સ.) પર જિબ્રઈલ નાઝિલ થયા અને અરજ કરી કે તેના કતલને મુલતવી રાખવામાં આવે. રસૂલે અકરમ(સ.)એ તે વ્યક્તિને પાછો મોકલી દીધો અને તેના બીજા સાથીના કતલ થઈ જવા પછી તેને પાછો બોલાવ્યો. જિબ્રઈલ(અ.) ફરીથી નાઝિલ થયા અને અરજ કરી કે ખુદા તઆલા ફરમાવે છે કે આ વ્યક્તિ બીજાઓને ખાવાનું ખવડાવતો હતો અને મહેમાનનવાઝ હતો, તેમજ મુસીબતના સમયે સબર કરતો હતો. આં હઝરત(સ.)એ તેને તેની આ ફઝીલતોના આધારે આઝાદ કરી દીધો. જ્યારે આ આખી વાત તે વ્યક્તિની સમજમાં આવી ગઈ તો તે ખૂબ જ અચંબિત થઈ ગયો અને ઈસ્લામ ધર્મનો સ્વીકાર કરી લીધો. પછી તેણે કહ્યું, એ પરવરદિગારની કસમ જેણે આપને નબુવ્વત પર મબઉસ કર્યા છે, મેં ક્યારેય પણ કોઈને મારા માલથી વંચિત રાખીને પાછો મોકલ્યો નથી.(ક્રમશઃ)

**સિતારા આભના ધરતીના કણ ઉપર લાવ્યો,**
**ને ફૂલ સ્વર્ગનાં સૃષ્ટિના રણ ઉપર લાવ્યો.**

# General Knowledge Corner

112

**સંકલન : મો.ઈસ્માઈલહુસૈન જી. ડોડીયા(ઝહીરાબાદ-કાટવાડ)**

**(૧) પ્રખ્યાત ચાર મિનાર જોવા માટે કયા શહેરમાં જવું પડે ?**
(A) મુંબઈ (B) હૈદરાબાદ
(C) પુના (D) બૅંગલુરુ

**(૨) દૂધને પેશ્ચુરાઈઝડ કરવાની પધ્ધતિના શોધક કોણ છે ?**
(A) મેન્ડેલીફ (B) ગેલિલિયો
(C) રૂથરફોર્ડ (D) લૂઈ પાશ્ચર

**(3) કમ્પ્યૂટરના કયા ભાગને કમ્પ્યૂટરનું મગજ કહે છે ?**
(A) માઉસ (B) CPU
(C) કીબોર્ડ (D) મૉનિટર

**(૪) પ્રાણી અને મનુષ્યના વર્તનનો અભ્યાસ કરતા શાસ્ત્રને શું કહે છે ?**
(A) રેડિયોલૉજી (B) હિસ્ટ્રોલૉજી
(C) સાયકોલૉજી (D) ઈકોલૉજી

**(૫) નીચેનામાંથી કયું સૌથી મોટું પ્રાણી છે ?**
(A) વ્હેલ માછલી (B) રીંછ
(C) જંગલી પાડો (D) હિપ્પોપોટેમસ

**(૬) વોલીબોલની રમતમાં એક ટૂકડીમાં કેટલા ખેલાડી હોય છે ?**
(A) સાત (B) પાંચ
(C) આઠ (D) છ

**(૭) વલસાડનું શું વખણાય છે ?**
(A) અથાણું (B) પટોડા
(C) કેસર કેરી (D) ચવાણું

**કોઈ શું એના કદમનાં નિશાન ભૂસવાના?**
**કે કાફલો જે જીવનનો મરણ ઉપર લાવ્યો.**

# ઈબાદતમાં ઈતાઅતનું મહત્વ

: લેખન :
પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન
જાફરી બાવા સાહેબ(મદ્દે.)

બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ

પારા-૫, સૂરએ નિસા, આયત-૫૯

**યા અય્યોહલ્લઝીન આમનૂ અતીઉલ્લાહ વ અતીઉર્રસૂલ વ ઉલીલ અમ્રે મિન્કુમ.**

આ આયતમાં ઈમાનદારોને ઈતાઅત કરવાનો હુકમ કરવામાં આવ્યો છે.

દુનિયામાં બધા મા-બાપના વસીલાથી પેદા કરવામાં આવ્યા છે. જો મા-બાપ વગર બધાને આસમાનથી ફરિશ્તાઓ મારફત મોકલવામાં આવ્યા હોત તો દુનિયામાં કેવી રીતે રહેવું, કેવી રીતે વર્તન કરવું, શું ખાવું-પીવું એ વાતની કોઈને સમજણ ન પડી હોત. પરંતુ અલ્લાહે મા-બાપના વસીલાથી મોકલ્યા એટલે દરેક બાળકનો ઉછેર મા-બાપની મહોબ્બત અને હૂંફ સાથે થયો. દરેક બાળકને ખ્યાલ આવ્યો કે દુનિયામાં તેણે કેવી રીતે રહેવું અને કેવી રીતે વર્તન કરવું જોઈએ. મા-બાપ દ્વારા દરેક બાળકને રોકવામાં અને ટોકવામાં આવે છે. મા-બાપની તાબેદારીથી તે દરેક વસ્તુ શીખે છે. કેવી રીતે બેસવું, કયા હાથે જમવું, કઈ વસ્તુ ખાવી, કઈ વસ્તુ ન ખાવી, આવી દરેક બાબત મા-બાપની ઈતાઅતથી બાળક શીખે છે. બાળક મા-બાપની ઈતાઅત કરે છે તો તેને મા-બાપની ખુશી મળે છે. આજ્ઞાપાલન અને ઈતાઅત ન કરવી એટલે નાફરમાની કરવી.

આનાથી જાણવા મળ્યું કે અલ્લાહ પણ ઈમાનદારો પાસે એવી આશા રાખે છે કે જેમ બાળક મા-બાપની તાબેદારી કરે છે તેમ તમે પણ અલ્લાહની, રસૂલ(સ.)ની અને ઉલીલ અમ્રની તાબેદારી કરો, ઈતાઅત કરો. બાળકને દરેક કાર્યમાં મા-બાપનો ખ્યાલ હોય છે. તેવી જ રીતે ઈમાનદારોને પણ દરેક કાર્ય કરતી વખતે અલ્લાહનો, રસૂલ(સ.)નો અને ઉલીલ અમ્રનો ખ્યાલ હોવો જોઈએ. જો તેમની ફરમાબરદારી થતી હોય તો કાર્ય કરવું અને જો નાફરમાની થતી હોય તો તે કાર્યને ત્યજી દેવું.

હવે આપણે ઈતાઅત અને ઈબાદત વચ્ચે શું તફાવત છે તે જોઈએ. અલ્લાહ કુરઆનમાં નમાઝ, રોઝા, હજ, ઝકાત ખુમ્સ વગેરેનો હુકમ કરે છે. આ ઈબાદત થઈ ગણાય. આ ઈબાદત ત્યારે જ ઈબાદત રહેશે કે જ્યારે તેને અલ્લાહની ઈતાઅતમાં કરવામાં આવી હોય. જો નમાઝમાં આપણી મરજી પ્રમાણે ફેરબદલ કરીએ અને તેને નમાઝનું નામ આપી દઈએ તો તે ઈબાદત ગણાશે નહીં. તેવી જ રીતે રોઝાને આપણે આપણી મરજી પ્રમાણે સમય ગોઠવીને રાખીએ તો તે રોઝો કહેવાશે નહીં. એમ દરેક ઈબાદત અલ્લાહના હુકમ મુજબ અને રસૂલ(સ.)એ બતાવેલા તરીકા પ્રમાણે હોવી જોઈએ તો જ તે ઈબાદત કહેવાશે કેમકે રસૂલ(સ.) જાણે છે કે અલ્લાહ પોતાના હુકમમાં શું કહેવા માગે છે. માટે ઈબાદતમાં પણ અલ્લાહની ઈતાઅત અને રસૂલ(સ.)ની ઈતાઅત આવી જશે.

ઉપર જણાવેલ આયતમાં અલ્લાહ ફરમાવે છે કે હે ઈમાનદારો ! તમે અલ્લાહની ઈતાઅત કરો, રસૂલ(સ.)ની ઈતાઅત કરો અને તમારામાં

**ઉપર નભને રૂધિર લાલી મળી સંધ્યા-ઉષા કેરી,**
**મળી નીચે ધરતીને પણ અસર ખાકે શિફા કેરી.**

**મળી ના હોત જો ભાષા જગતમાં કોઈને, તો પણ,**
**કથા તો હોત કહેવાતી શહીદે કરબલા કેરી.**

જે ઉલીલઅમ્ર છે તેમની ઈતાઅત કરો.

બીજી આયત - **યા અય્યોહર્રસૂલો બલ્લિગ મા ઉન્જેલ એલૈક મિર્રબ્બેક વ ઈલ્લમ તફઅલ ફમા બલ્લગ્ત રેસાલતહુ, વલ્લાહો યઅ્સેમોક મેનન્નાસ ઈન્નલ્લાહ લા યહ્દિલ કૌમલ કાફેરીન.**

(સૂરએ માએદા, આયત-૬૭)

હે રસૂલ ! જે હુકમ તમારા પરવરદિગાર તરફથી તમારા પર નાઝિલ કરવામાં આવ્યો છે તેને લોકો સુધી પહોંચાડી દો અને જો તમે એમ ન કર્યું તો સમજી લો કે તમે તેનો કોઈ હુકમ પહોંચાડ્યો જ નથી અને તમે ડરો નહીં ખુદા તમને લોકોના ત્રાસથી સુરક્ષિત રાખશે. ખુદા કદી કાફિરોની કોમને સીધો માર્ગ દેખાડતો નથી.

આ બન્ને આયતોને આપણે પઢી નાખીએ અને આપણું ધ્યાન ઉલીલ અમ્ર અને તાકીદી હુકમ તરફ ન જાય તો જાણે આપણે અલ્લાહની ઈતાઅત કરી જ નથી. અલ્લાહ કહેશે કે નાલાયક ! કુરઆનની તિલાવત દરરોજ કરે છે પરંતુ આયતો ઉપર તો ધ્યાન આપતો જ નથી. તને મારા તરફ લાગણી નથી, મારા તરફ ઈમાન નથી. પછી તને કુરઆનની તિલાવતથી શું લાભ થશે ?

પરંતુ ખરેખર જો આપણા દિલમાં અલ્લાહની મહોબ્બત હશે, તેના પ્રત્યે માન હશે તો તરત જ આપણું ધ્યાન ઉલીલ અમ્ર કોણ છે તે જાણવા માટે તત્પર થશે જેથી આપણે તેમની ઈતાઅત કરીએ.

વળી તાકીદી હુકમ વિશે પણ જાણવાનો શોખ પેદા થશે કે આ એવો તો કેવો હુકમ છે કે જેને અલ્લાહ પોતે મહત્વ આપી રહ્યો છે. અને જો રસૂલ(સ.) પણ એ હુકમ ન પહોંચાડે તો તેમણે અલ્લાહનો કોઈ સંદેશો પહોંચાડ્યો જ નથી, એવું અલ્લાહ ગણી લેશે. તો પછી આપણી શી વિસાત!

**લાગણી જેને શહીદે કરબલાની હોય છે,**
**એવા બંદા પર ખુદાની મહેરબાની હોય છે.**

જો આપણે તે હુકમ તરફ લક્ષ્ય ન આપીએ તો આપણે કરેલા બધા આ'માલો પણ વેડફાઈ જશે. આટલું મહત્વ સમજીશું તો આપણને આ હુકમને જાણવાની તીવ્ર ઈચ્છા થવાની.

આ હુકમ અલ્લાહે રસૂલ(સ.) પર ઉતારીને લોકો સુધી પહોંચાડવાનો હુકમ કર્યો છે. જો આપણે આ હુકમને માનીશું તો આપણે અલ્લાહની ઈતાઅત અને રસૂલ(સ.)ની ઈતાઅત કરી કહેવાશે અને જો ઈન્કાર કર્યો તો અલ્લાહની ઈતાઅત નથી કરી અને રસૂલ(સ.)ની ઈતાઅત નથી કરી એવું કહેવાશે.

આપણા મનમાં એવો વિચાર આવી શકે કે અલ્લાહે સ્પષ્ટ શબ્દોમાં નામો લઈ લઈને હુકમ કર્યો હોત તો બધા લોકો ઉલીલ અમ્ર વિષે અને તાકીદી હુકમ વિશે જાણી શકત અને તેના પર હોંશે હોંશે અમલ પણ કરત. પરંતુ અહીં અલ્લાહે ચોખ્ખે ચોખ્ખું ફરમાવ્યું નહીં અને નામો છૂપો રાખ્યાં. એનું કારણ શું હશે ? કારણ એ જ કે અલ્લાહ બતાવવા માગે છે કે જો તમે મને સાચા અર્થમાં માનતા હોત, મારી સાથે સાચી મહોબ્બત રાખતા હોત તો તમે ઉલીલ અમ્રમાં અને તાકીદી હુકમમાં મારો શું આશય છે તે તમે તરત જ જાણી લીધો હોત. પરંતુ તમને મારાથી સાચી મહોબ્બત નથી માટે જ ફાંફાં મારો છો.

તો હવે આપણે ઉલીલ અમ્ર વિશે વિચારીએ. આ આયતમાં અલ્લાહની ઈતાઅત, રસૂલ(સ.)ની ઈતાઅત અને ઉલીલ અમ્રની ઈતાઅતનું ફરમાન છે.

સૂરએ નૂર, આયત-૩૫માં અલ્લાહ ફરમાવે છે કે અલ્લાહ તો આકાશ અને પૃથ્વીનું નૂર છે. અલ્લાહે રસૂલ(સ.)ને પોતાના નૂરથી બનાવ્યા છે

**પાણી પોતે પાર પહોંચાડે છે જીવન-નાવને,**
**શોકમાં શબ્બીરના આંસુ સુકાની હોય છે.**

**કુરઆન શરીફમાં દુઆના સ્વરૂપે આવેલ આયતો**

# કુરઆની દુઆઓ

૧૧

بِسْمِ اللَّهِ الرَّحْمَٰنِ الرَّحِيمِ

رَبَّنَآ إِنَّنَا سَمِعْنَا مُنَادِيًا يُنَادِي
لِلْإِيمَانِ أَنْ آمِنُوا بِرَبِّكُمْ فَآمَنَّا ۚ
رَبَّنَا فَاغْفِرْ لَنَا ذُنُوبَنَا وَكَفِّرْ عَنَّا سَيِّئَاتِنَا
وَتَوَفَّنَا مَعَ الْأَبْرَارِ ﴿١٩٣﴾

**રબ્બના ઈન્નના સમેઅ્ના મોનાદીય્યોનાદી લિલ્ઈમાને ઈન્ આમેનૂ બેરબ્બેકુમ્ ફઆમન્ના રબ્બના ફગ્ફિરલના ઝોનૂબના વ કફ્ફિર અન્ના સૈયેઆતેના વ તવફ્ફના મઅલ્ અબ્રાર.**

(પારો-૩, સૂરએ આલે ઈમરાન, આયત-૧૯૩)

અર્થ : અય અમારા પરવરદિગાર ! બેશક અમોએ એક સાદ કરનાર (ઉપદેશક)નો સાદ સાંભળ્યો કે જે ઈમાન (લાવવા) માટે (એવો) સાદ કરતો હતો કે તમે તમારા પરવરદિગાર પર ઈમાન લાવો જેથી અમે ઈમાન લાવ્યાઃ માટે અય અમારા પરવરદિગાર ! તું અમારા ગુન્હા માફ કરી દે અને અમારી બૂરાઈઓને અમારાથી વેગળી કરી દે અને અમને સદાચારીઓની સાથે મૃત્યુ આપ.) ✻

અને **'આસારે હૈદરી'** પ્રમાણે અલ્લાહે હઝરત આદમ(અ.)ની પીઠમાં પંજેતન પાક(અ.)નું નૂર મૂક્યું હતું અને દુનિયામાં મોકલ્યું હતું. એટલે અલ્લાહ પણ નૂર, રસૂલ(સ.) પણ નૂર. તો ઉલીલ અમ્ર કે જેની ઈતાઅતનું અલ્લાહ ફરમાન કરે છે તે પણ મારા તમારા જેવો માટીથી બનેલો માણસ ન હોવો જોઈએ. તે પણ નૂર જ હોવો જોઈએ. એનો અર્થ એ કે હઝરત અલી(અ.) કે જે પંજેતન પાક(અ.)માંથી છે અને - **અના વ અલી મિન નૂરે વાહિદીન** - હું અને અલી એક જ નૂરમાંથી છીએ એ હદીસ પ્રમાણે હઝરત અલી(અ.) પણ હઝરત રસૂલ(સ.) જે નૂરથી છે તે જ નૂરથી છે. માટે જેવી રીતે હઝરત રસૂલ(સ.)ની ઈતાઅતનો હુકમ કરવામાં આવ્યો છે તેવી જ રીતે અલ્લાહે ઉલીલ અમ્રમાં હઝરત અલી(અ.)ની તાબેદારીનો હુકમ કર્યો છે.

હઝરત અલી(અ.)ની ઓલાદમાં બીજા પણ ઈમામો છે. તેઓ પણ એ જ નૂરથી બનેલા છે. માટે આ આયતમાં અલ્લાહની ઈતાઅત, રસૂલ(સ.)ની ઈતાઅત અને ઈમામોની ઈતાઅત કરવા માટેનું અલ્લાહનું ફરમાન છે.

કિતાબમાંથી વર્ણન લઈએ.

રૌઝતુલ અહબાબ જીલ્દ-૪થી કલમી અને હબીબુસયર જીલ્દ બીજીમાં છે કે હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ અન્સારી સહાબી કહે છે કે જ્યારે ખુદા તઆલાએ પોતાના પયગમ્બર પર આયએ કરીમા - **યા અય્યોહલ્લઝીન આમનૂ અતિઉલ્લાહ વ અતિઉર્રસૂલ વ ઉલીલ અમ્રે મિન્કુમ** - ને નાઝિલ ફરમાવી તો મેં અરજ કરી, યા રસૂલિલ્લાહ ! અમે ખુદાને અને તેના રસૂલને તો ઓળખીએ છીએ પરંતુ ઉલીલ અમ્ર કોણ છે કે જેમની ઈતાઅત ખુદા તઆલાએ પોતાની ઈતાઅતની નજીક કરેલી છે ? જનાબે રસૂલે ખુદા(સ.)એ ફરમાવ્યું, તેઓ મારા જાનશીન છે અને હુજ્જતે ખુદા છે, મારી ઉમ્મત પર. તેમાંના પહેલા અલી ઈબ્ને અબીતાલિબ(અ.) છે. પછી હસન(અ.) પછી હુસૈન(અ.) પછી અલી બિન હુસૈન(અ.) પછી મોહંમદ ઈબ્ને અલી(અ.) કે જેઓ તૌરેતમાં બાકિર (તરીકે) મશહૂર છે અને નજીક છે કે તું એમને મળે. જે વખતે તું તેમની મુલાકત કરે તો તેમને મારા તરફથી સલામ કહેજે.

**રેહબર હતા તો રાહ બતાવી ગયા હુસૈન,**
**દુશ્મન મટાડી દોસ્ત બનાવી ગયા હુસૈન.**

**હુરને તો પાણી રૂપમાં કૌસર મળી ગયું,**
**જન્નતની એની પ્યાસ બુઝાવી ગયા હુસૈન.**

પછી જાફર બિન મોહમદ(અ.) પછી મૂસા બિન જાફર(અ.) પછી અલી બિન મૂસા(અ.) પછી મોહંમદ બિન અલી(અ.) પછી અલી બિન મોહંમદ(અ.) પછી હસન બિન અલી(અ.) અને પછી હુજ્જતે ખુદા મોહંમદ બિનુલ હસન બિન અલી(અ.) છે કે જે પોતાના શીઆઓ અને મિત્રોની નજરોથી ગાયબ અને છુપાયેલા રહેશે.

હવે આપણે એ હુકમ વિશે વિચાર કરીએ કે જે રસૂલ(સ.) પર નાઝિલ થયો હતો અને જેને લોકો સુધી પહોંચાડવાની તાકીદ અલ્લાહ તરફથી કરવામાં આવી હતી. આ હુકમનું મહત્વ પણ એના ઉપરથી જણાઈ આવે છે કે તે હુકમ લોકો સુધી જેમ બને તેમ જલ્દી પહોંચી જાય તેમાં અલ્લાહ પણ રસ ધરાવે છે. હવે જેને પણ અલ્લાહ પ્રત્યે લાગણી અને અલ્લાહ પ્રત્યે માન હશે તે તો આ કયો હુકમ છે તે જાણી લેવા ઉત્સુક હશે જ કારણ કે આ હુકમને અલ્લાહ પણ મહત્વ આપી રહ્યો છે. આ આયત પર ધ્યાન આપતાં આપણને જણાઈ આવશે કે નમાઝ, રોઝા, હજ, ઝકાત જેવી ઈબાદતો કરતાં પણ તેને વધારે મહત્વ આપવામાં આવ્યું છે. જો આ હુકમને મહત્વ ન આપ્યું અને નમાઝ, રોઝા, હજ, ઝકાત પર અમલ કર્યો તો અલ્લાહ પણ આપણે કરેલી ઈબાદતોને મહત્વ નહીં આપે અને આપણી બધી મહેનત વેડફાઈ જશે, તેનો સવાબ નહીં મળે. એવું લાગે છે કે આ પ્રસંગ બહુ મહત્વનો પ્રસંગ હશે કે જે રસૂલ(સ.)ના જીવનમાં બની ગયો છે. આ તાકીદી હુકમને પહોંચાડવા માટે લોકોને ભેગા કરવાની પણ જરૂર ઊભી થઈ હશે.

વિચારવા જેવી વાત તો એ છે કે અરબસ્તાનની ધગધગતી રેતી, હાડકાં પીગળાવી નાખે તેવો ભયંકર તડકો, બપોરનો સમય, આ સમયે રસૂલિલ્લાહ(સ.) ઊંટોના પલાણોથી બનાવેલા મિમ્બર ઉપર તશરીફ લઈ જાય છે. પ્રથમ એક લાંબો ખુત્બો ઈરશાદ ફરમાવે છે કે જેમાં પોતાની વફાત નજીક હોવાની ખબર આપે છે. પછી લોકોને આ વાત ઉપર સાક્ષી બનાવીને પયગમ્બર(સ.)એ સંપૂર્ણ રીતે રિસાલતનો હક અદા કર્યો. આપ(સ.) લોકોને પ્રશ્ન કરે છે, શું હું તમારા નફ્સો (આત્મા) ઉપર તમારાથી વધારે પ્રભુત્વ ધરાવતો નથી? બધાએ એકી અવાજે કહ્યું, બેશક, યા રસૂલિલ્લાહ ! ત્યાર બાદ પયગમ્બર (સ.)એ ફરમાવ્યું **'જેનો હું મૌલા છું તેના આ અલી પણ મૌલા છે.'** છેલ્લે અલી(અ.) માટે આવી દુઆ ફરમાવે છે :

'ખુદાયા ! દોસ્ત રાખજે તેને કે જે અલીને દોસ્ત રાખે અને દુશ્મન ગણજે તેને કે જે અલીને દુશ્મન ગણે, મદદ કરજે તેમની કે જેઓ અલીની મદદ કરે અને છોડી દેજે તેમને કે જેઓ અલીને છોડી દે.'

આ જાનશીનીનો શુભ પ્રસંગ જેવો પૂર્ણ થયો કે તરત જ આ આયત નાઝિલ થઈ :

**'અલ યૌમ અકમલ્તો લકુમ દીનકુમ વ અત્મમ્તો અલૈકુમ નેઅમતી વ રઝીતો લકોમુલ ઈસ્લામ દીના.'**

અર્થાત (અય મુસલમાનો !) આજે મેં તમારા માટે તમારો દીન પરિપૂર્ણ કરી દીધો અને મારી નેઅમતો તમારા પર સંપૂર્ણ કરી દીધી છે અને દીને ઈસ્લામ તમારા માટે પસંદ કરી લીધો છે.

ઉપરોક્ત ઈલાહી ફરમાનથી એ બાબત સાબિત થઈ ગઈ કે હઝરત અલી(અ.)ની ઈમામત ઉપર નિમણુંક થતાં જ દીન સંપૂર્ણ થઈ ગયો અને અલ્લાહની નેઅમતો પણ સંપૂર્ણ થઈ ગઈ અને

**સદા રહેશો સલામત એ રીતે આફત મરી ગઈ છે,**
**રહે કાયમ મોહબ્બત એ રીતે નફરત મરી ગઈ છે.**

**હુસૈની કાફ્લો તમને કહે છે એ જ કે મિત્રો !**
**હુસૈનિયત જીવે છે ને યઝીદિયત મરી ગઈ છે.**

અલ્લાહ ઈસ્લામથી રાજી થઈ ગયો. જ્યારે ખુદા તરફથી ખુશખબરીનો આ સંદેશો આવ્યો ત્યારે લોકોએ પયગમ્બર(સ.)ની સામે જ હઝરત અલી(અ.)ને મુબારકબાદી આપવાની શરૂઆત કરી દીધી અને શાએરોએ કસીદા(પ્રશસ્તિ કાવ્યો) ગાયા. આ સર્વે સત્ય બાબતો હદીસોની કિતાબોમાં લખાયેલી છે. (જુઓ તફસીર દુર્રે મન્સુર મુલ્લા જલાલુદ્દીન સુયુતિ, જીલ્દ-૨, પાનુ-૩૯૮, ૮ મી લાઈન મિસરની છપાએલી.)

આ પ્રસંગ ઉપરથી જાણવા મળે છે કે અલ્લાહનો તાકીદી હુકમ અલી(અ.)ની મૌલા તરીકે અને રસૂલ(સ.)ના વસી તરીકે જાહેરાત કરવા અંગેનો હતો. હવે જો આપણે રસૂલ(સ.) પછી અલી(અ.)ને મૌલા માનીશું અને રસૂલ(સ.)ના વસી ગણીશું તો જાણે કે આપણે અલ્લાહના દરેક હુકમ પર અમલ કર્યો ગણાશે અને જો આપણે અલી(અ.)નો ઈન્કાર કર્યો તો જાણે આપણે અલ્લાહના કોઈ પણ હુકમને માન્યો નહીં, ઈતાઅત પણ કરી નહીં.



અલ્લાહ આપણને બધાયને રસૂલ(સ.) પછી તેમના વસી તરીકે અલી(અ.)ને મૌલા માનવાની નેક તૌફીક અતા ફરમાવે અને દરેક પ્રકારની નાફરમાનીથી બચાવે. *

**ઈસ્લામી કવીઝ નં. ૨૦૨ના જવાબો**

(૧) હઝરત લુકમાન(અ.) (૨) મુઅજ્જલ (૩) રૂઝબેહ (૪) હઝરત ઝરજીસ(અ.) (૫) કલીસ (૬) હઝરત જાફરે તૈયાર(રઝી.) (૭) પીર સૈયદ ગાલિબુદ્દીન બાવા(રહે.)

**મદીના-કરબલાની વાતનો ઉપદેશ એક જ છે,**
**મોહંમદનો અને શબ્બીરનો ઉદ્દેશ એક જ છે.**

**તફાવત છે ભલે એમાં રિસાલત ને ઈમામતનો,**
**પરંતુ બેયમાં અલ્લાહનો સંદેશ એક જ છે.**


નવાને આવકારો
જુનાથી મેળવો છુટકારો
અત્યંત લાભદાયી એક્ષચેન્જ ઓફર ખાસ હોટલ ઈન્ડસ્ટ્રીઝ માટે
METRO®
છેલ્લાં ૩૦ વર્ષથી હોટલ ઈન્ડસ્ટ્રીઝમાં જોડાયેલા

▶ વોટર કુલરની રેન્જ - ૧૦ થી ૫૦૦ લીટર સુધી
▶ ઓઝોન ફ્રેન્ડલી ▶ વીજળીનો ઓછો વપરાશ
▶ સ્ટેનલેસ સ્ટીલનો એંગલ સ્ટ્રક્ચર અને બોડી

OUR OTHER PRODUCTS
Window Air Conditioner • Split Air Conditioner
Water Cooler • Vertical Freezers • Deep Freezers
MKTD. BY : METRO ENGINEERING CO. (Rahimbhai)
૮, હાઈટેક કોમ્પલેક્ષ, મ્યુઝીયમ સામે, પાલડી, અમદાવાદ-૭. ફોન : ૨૬૫૮૯૬૯૮ ફેકસ : ૦૭૯-૨૬૫૮૯૨૪૦ મો. : ૯૮૨૫૦ ૩૫૩૮૨
Mfg. By : PERFECT ENGINEERS
૮/બી, હાઈવે કોમર્શીયલ સેન્ટર, દાણીલીમડા, અમદાવાદ - ૩૮૦ ૦૨૨. ફોન : ૨૫૩૨૬૯૧૪, ૨૫૩૨૯૨૫૬,
મો.૯૭૨૫૦૧૧૧૨૧ Email : perfectengg_1986@yahoo.co.in

# ગ ડ મ થ લ ૨૨૧

**::::: સંપાદક:::::**
**મો.હસનઅલી રફીકઅલી પટેલ(મહેરપુરા)**

|   |   |   |   |   |   |   |   |   |   |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ |   | ૨ | ૩ | ■ | ૪ | ૫ |   | ૬ |   |
|   | ■ | ૭ |   |   | ■ |   | ■ |   | ■ |
|   | ■ | ૮ |   | ■ | ૯ |   |   |   | ૧૦ |
| ■ | ૧૧ |   |   | ૧૨ | ■ |   | ■ | ૧૩ | ૧૪ |
| ૧૫ |   | ■ | ■ | ૧૬ |   | ■ | ૧૭ | ■ |   |
| ■ | ૧૮ |   | ૧૯ |   | ■ | ૨૦ |   | ■ |   |
| ૨૧ |   | ■ |   | ■ | ૨૨ |   |   | ૨૩ | ■ |
|   | ■ | ૨૪ |   | ૨૫ |   |   | ■ | ૨૬ |   |
| ૨૭ |   | ■ | ■ | ૨૮ |   |   |   |   | ■ |
|   | ■ | ૨૯ | ■ |   | ■ | ૩૦ |   | ■ | ■ |

## ::::: આડી ચાવીઓ :::::

(૧) અલ્લાહની રાહમાં જીવ સમર્પણ (૪)
(૪) યુધ્ધમાં શાંતિ / શરણાગતી માટેનો પોકાર (૫)
(૭) શહેર, ઈરાકનું એક પ્રખ્યાત શહેર (૩)
(૮) ઔષધ, રોગ નિવારક (૨)
(૯) યુધ્ધ વગેરેમાં અલમ પકડનાર (૫)
(૧૧) અક્ષર વિન્યાસ, પદાવલી, શ્રુતલેખ (૪)
(૧૩) નસ, લોહીની નળી (૨)
(૧૫) પિતા માટે વપરાતો અરબી શબ્દ (૨)
(૧૬) આફત, મુશ્કેલી (૨)
(૧૮) ઈમામ હુસૈન(અ.)ના ગમમાં મરસિયા લખીને બક્ષાઈ જનાર શરાબી શાયર (૪)
(૨૦) એક પ્રખ્યાત પયગમ્બર (૨)
(૨૧) પત્ર, કાગળ, લીટી (૨)
(૨૨) એહલેબયત, ઘરવાળાં (૪)
(૨૪) ઈમામ હુસૈન(અ.)નો પ્રખ્યાત ઘોડો (૫)
(૨૬) ક્ષમા, અપરાધની ભૂલી જવાની ક્રિયા (૨)
(૨૭) ખીણ, બે પહાડો વચ્ચેની જગ્યા (૨)
(૨૮) એવો પુરૂષ કે જેનો પડદો કરવો સ્ત્રી માટે જાઈઝ હોય (૫)
(૩૦) ઈર્ષા, અદેખાઈ (૨)

## ::::: ઊભી ચાવીઓ :::::

(૧) સજ્જન, પ્રતિષ્ઠિત સુશીલ (૩)
(૨) રોબ, તેજ, પ્રભાવ, આતંક (૪)
(૩) તેગ, લડાઈ માટેનું પ્રખ્યાત શસ્ત્ર (૪)
(૫) લબરેઝ, ભરપૂર (૪)
(૬) પૈસાદાર, ધનવાન (૪)
(૧૦) ઈચ્છા, અભિલાષા, અભિરૂચિ (૪)
(૧૧) બંદગી (૪)
(૧૨) એક પ્રકારનું નગારું (૩)
(૧૭) સ્વાર્થત્યાગ, દાનનો સર્વોત્તમ પ્રકાર (૩)
(૧૯) કંજૂસ, મખ્ખીચૂસ (૩)
(૨૦) (નમાઝમાં) પવિત્ર, પાક વસ્તુ (૫)
(૨૧) અપરાધી, ગુનેગાર (૪)
(૨૨) પુરસ્કાર, ઉપહાર (૩)
(૨૩) સઘળું, બધું, સમાપ્ત (૩)
(૨૫) મુસ્લિમ મૃતદેહ (૩)
(૨૯) વાસ, ગંધ (૧)

## ગડમથલ નં.૨૨૦નો ઉકેલ

|   |   |   |   |   |   |   |   |   |   |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ અ | ક | ૨ બ | ર | ■ | ૩ અ | લ | ૪ મ | દા | ૫ ર |
| સ | ■ | ૬ ર | ફી | ૭ ક | ■ | ■ | દી | ■ | હે |
| ૮ ગ | લ | બા | ■ | ૯ ર | બ | ■ | ૧૦ ના | ૧૧ કા | મ |
| ર | ■ | દ | ■ | ૧૨ બ | ર | ૧૩ સ | ■ | ૧૪ બુ | ત |
| ■ | ૧૫ અ | ■ | ૧૬ સિ | લા | ■ | ૧૭ ફા | ૧૮ ઝ | લ | ■ |
| ૧૯ હ | લા | હ | લ | ■ | ૨૦ સા | ઈ | લ | ■ | ૨૧ ક |
| ■ | મ | ■ | સિ | ■ | દિ | ■ | ૨૨ ઝ | ખી | મ |
| ૨૩ મ | ત | ૨૪ વા | લા | ■ | ૨૫ ક | ૨૬ બી | લા | ■ | ન |
| લ | ■ | રિ | ■ | ૨૭ હા | ■ | ર | ■ | ૨૮ વ | સી |
| ૨૯ ક | મૂ | સ | ■ | ૩૦ ની | દા | ■ | ૩૧ હ | લી | બ |

# હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન જાફરી બાવા સાહેબ(મદ્દે.)એ પઢેલ મજલિસ

## મજલિસ નં. ૧૩

અઉઝોબિલ્લાહે મેનશ્શયતાનિર રજીમ.

બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ

અલ્હમ્દોલિલ્લાહે રબ્બિલ આલમીન વસ્સલાતો વસ્સલામો અલા મોહંમદીંવ વ આલેહીત તૈયેબીન. (સલવાત)

હઝરત ઈમામ હુસૈન(અ.) પોતાના ખુત્બામાં ફરમાવે છે :

**ખુદાયા ! અય વો જો માલિક હૈ તો કાદિર ભી હૈ.** યા અલ્લાહ ! તું એવો છે કે જે માલિક છે તો સક્ષમ પણ છે. એવું નથી કે માલિક તો છે પરંતુ આવડત કાંઈ ના હોય, અલ્લાહ એવો માલિક છે કે જે માલિક તો છે, માલિક બનવાની આવડત પણ ધરાવે છે. **ઔર કાદિર હૈ તો ગાલિબ ભી હૈ.** અને જ્યારે આવડત ધરાવે છે, કુદરત રાખે છે, કાદિર છે તો ગાલિબ પણ છે. ગાલિબ એટલે દરેક વસ્તુ પર વિજય પામનારો. **જબ ઉસકી નાફરમાની કી ગઈ તો ઉસને છૂપાયા.** જ્યારે કોઈએ તેની અવજ્ઞા કરી, નાફરમાની કરી તો અલ્લાહે જાહેર કરી ના દીધી. અલ્લાહે તેની ત્રુટિને છુપાવી. **ઔર જબ ઉસસે મગ્ફેરત તલબ કી ગઈ તો ઉસને બક્ષ દીયા.** અને તેનાથી માફી માગવામાં આવી તો તરત માફી આપી દીધી. **અય તલબગારોં ઔર શૌક રખનેવાલોં કી આખરી મંઝિલ !** જેમને અલ્લાહની લગન લાગી હોય તેવા લોકોની છેલ્લી મંઝિલ અલ્લાહ જ છે. **અય ઉમ્મીદ લગાનેવાલોં કી ઈન્તેહા !** આશા રાખનારા લોકોની આશા અલ્લાહ પાસેથી પૂરી થાય છે. **અય વો કે જીસકા ઈલ્મ તમામ ચીઝોં પર મુહીત હૈ.** અલ્લાહનું ઈલ્મ એવું છે કે જે બધી વસ્તુઓ ઉપર છવાયેલું છે. કોઈપણ વસ્તુથી અલ્લાહ અજ્ઞાત નથી. **ઔર ઉસકી મહેરબાની રહેમત ઔર ઉસકા હિલ્મ તમામ ઉઝરખ્વાહોં પર વસીઅ હૈ.** કોઈ પણ નેક કાર્ય કરવામાં પાછળ રહેતો હોય અથવા બૂરાઈ કરવામાં આગળ રહેતો હોય તેવો માણસ બહાનાં પ્રસ્તુત કરે તો અલ્લાહ તેને મહેરબાનીથી, રહેમતથી અને સહનશીલતાથી હિલ્મ વડે તેની સામે પેશ થાય છે. **ખુદાયા ! મૈં ઈસ શામ તેરી તરફ મુતવઝ્ઝે હું.** હઝરત ઈમામ હુસૈન(અ.) ફરમાવે છે કે યા અલ્લાહ ! હું આ અરફાના દિવસની, અરફાતના મેદાનની સાંજે તારું ધ્યાન ધરું છું. **જીસકો તૂ ને શરાફતો અઝમત અતા કી હૈ ઉસ મોહંમદ(સ.) કે ઝરીયે જો તેરે નબી વ રસૂલ હૈ ઔર તેરી મખ્લૂક મેં બેહતરીન હૈ ઔર તેરી વહી કે અમીન હૈ.** એવા રસૂલિલ્લાહ વડે કે જેમને તેં શરાફત એટલે કે દરેક બૂરાઈઓથી દૂરી લગભગ એવો અર્થ થાય છે અને અઝમત એટલે મહાનતા આપેલી છે એવા રસૂલિલ્લાહ વડે કે જે તારા નબી અને રસૂલ છે અને તારી મખ્લૂકમાં સૌથી સારા છે અને તારી વહીના અમીન છે. અમીન એટલે અમાનતદાર. **બશારત દેનેવાલે,** તે બશારત આપનાર છે. બશારત એટલે ખુશખબર, **ડરાનેવાલે.** લોકોને અઝાબથી ડરાવવાવાળા છે, જો લોકો બૂરાઈ કરતા હોય તો. **રોશન ચરાગ હૈ.** અલ્લાહની હિદાયતના રૌશન ચિરાગ છે. **જીસકે ઝરીયે સે તૂ ને તમામ મુસલમાનોં કો નેઅમતોં સે**

**કર્મના આખા બગીચાની ફસલ છે કરબલા,**
**ધર્મના સૂરજની કાયમની મજલ છે કરબલા.**

**ઈશનો સંદેશ જે લાવ્યા હતા છેલ્લા નબી,**
**ઈશના સંદેશનો પાકો અમલ છે કરબલા.**

**નવાઝા હૈ.** અને રસૂલિલ્લાહ વડે અલ્લાહે બધા મુસલમાનોને નેઅમતોથી નવાજ્યા છે. **ઔર જીનકો આલમીન કે લીયે રહેમત કરાર દીયા હૈ.** રસૂલિલ્લાહ રહેમતુલલીલ આલમીન છે.

**ખુદાયા ! મોહંમદ વ આલે મોહંમદ પર ઈસી તરહ દુરૂદ નાઝિલ ફરમા કે જીસ તરહ મોહંમદ(સ.) તેરે નઝદીક અહ્‌લ હૈ.** રસૂલિલ્લાહનો જેટલો હક છે તેવો દુરૂદ તું એમના ઉપર મોકલ. **અય સાહેબે અઝમત !** અય મહાનતાવાળા ! **પસ ઈન પર ઔર ઉનકીં તમામ પાકો પાકીઝા નજીબ આલ પર દુરૂદ નાઝિલ ફરમા.** તેમના ઉપર અને તેમની પાક અને પાકીઝા કુલિન એવી આલ પર તું દુરૂદ નાઝિલ કર. **ઔર અપની અફ્વ કે દામન મેં હમેં છૂપા લે.** અને તારી માફીના દામનમાં અમને છુપાવી લે. **તેરી હી જાનિબ મુખ્તલીફ ઝબાનોંમેં આવાઝો ફર્યાદ બુલંદ હૈ.** તારી જ સમક્ષ દરેક ભાષામાં લોકો ફરિયાદ કરી રહ્યા છે એટલે કે દુઆ માગી રહ્યા છે. **પસ અય ખુદા ! મેરે લીયે ઈસ શામ હર ઉસ નેકીમેં હિસ્સા કરાર દે જો કે તૂ અપને બંદોં મેં તકસીમ કર રહા હૈ.** આજની સાંજે જેટલા બધા લોકોને નેકીઓ વહેંચે એ બધી નેકીઓમાં મારો ભાગ તું લખી લે. **ઔર ઉસ નૂર કા હિસ્સા જીસસે તૂ હિદાયત કર રહા હૈ.** અને એ નૂરનો ભાગ પણ મારા નામે લખી લે કે જેના વડે તું હિદાયત કરી રહ્યો છે. **ઔર ઉસ રહેમત કા હિસ્સા જીસ કો તૂ ફૈલા રહા હૈ.** એ રહેમતનો ભાગ પણ મારા નામે લખ કે જેને તું ફેલાવી રહ્યો છે. **ઔર ઉસ બરકત કા હિસ્સા જીસકો તૂ નાઝિલ કર રહા હૈ.** અને તેં જે નીચે મોકલી છે તેવી બરકતનો ભાગ પણ મારા નામે લખી લે. **ઔર ઉસ આફિયત કા હિસ્સા જીસે તૂ ફૈલા રહા હૈ.** અને સલામતીનો ભાગ મને આપ.

**દૃશ્ય આવાં ક્યાંય દુનિયામાં બીજે મળતાં નથી,**
**ક્યાંય આવા કાફલાવાળા ય નીકળતા નથી.**

**ઔર ઉસ રિઝ્ક કા હિસ્સા જીસમેં તૂ વુસ્અત દે રહા હૈ** અને રોઝીનો ભાગ. **અય રહેમ કરનેવાલોં મેં સબસે ઝિયાદા રહેમ કરનેવાલે !** બધા રહેમ કરવાવાળાઓમાં સૌથી વધુ રહેમ કરવાવાળા ! તું મને આ બધી નેઅમતો અતા ફરમાવ.

**ખુદાયા ! હમકો ઈસ વક્ત ઐસા મુન્કલિબ કર દે કે હમ કામિયાબ, રસ્તગાર, નેકુકાર ઔર ફાઈઝુલમરામ વાપિસ જાયે.** યા અલ્લાહ ! અમને આ સમયે એવી રીતે પરિવર્તિત કરી દે કે અમે સફળ થઈને, માર્ગ પામીને, નેક થઈને અને પોતાના મકસદોમાં કામયાબ થઈને પાછા જઈએ અહીંથી.

યાદ રાખો કે હઝરત ઈમામ હુસૈન(અ.) અરફાતના મેદાનમાં આ દુઆ પઢી રહ્યા છે. **ઔર હમ કો માયૂસ લોગોં મેં કરાર ન દેના.** જે જીવનમાં માયૂસ થઈ જાય તેવા લોકોમાં અમને તું શામેલ ન કરતો. **ન હમારા દિલ અપની રહેમત સે ખાલી કરના.** અને અમારા દિલમાં તારી રહેમત હંમેશા રાખજે, ખાલી ન કરી દેતો. **હમ તેરે જીસ ફઝલો કરમકી ઉમ્મીદ લગાયે બૈઠે હૈ ઉસસે હમ કો દૂર ન કરના.** તારા જે ફઝલ અને કરમની અમે જે આશા લગાવીને બેઠા છીએ તેનાથી તું અમને દૂર ન કરી દેતો. **હમેં ઐસા ન બનાના કે તેરી રહેમત સે મહેરૂમ હો જાયેં.** અમને એવા ન બનાવી દેજે કે તારી રહેમતથી દૂર ચાલ્યા જઈએ. **ઔર તુઝસે જીસ બક્ષિસ કી ઉમ્મીદ રખતે હૈ ઉસસે નાઉમ્મીદ હો જાયેં.** અને તારાથી જે બક્ષિસની આશા લઈને બેઠા છીએ તે આશા અમે છોડી દઈએ એવા ન બનાવી દેતો. **ઔર તેરી અતા સે દિલ બેબહરા હો જાયેં.** તારી અતા - બક્ષિસની અમને પરવા જ ન રહે એવા ન બનાવી દેતો. **ઔર તેરે દરવાઝે સે ધુત્કાર દીયે જાયેં.** અને તારા દરવાજાથી અમને ધિક્કારીને પાછા મોકલી દેવામાં આવે એવા ન

**છે હુસૈની શમ્અના પરવાના સૌ કરતાં જુદા,**
**આગ પર ચાલી રહ્યા છે તે છતાં બળતા નથી.**

બનાવી દેતો. **અય સબસે ઝિયાદા સખી ઔર સબસે બડે કરમ કરનેવાલે !** સૌથી વધારે સખાવત કરનારો અલ્લાહ અને સૌથી વધારે કરમ કરવાવાળો. **હમ તેરી બારગાહમેં યકીન કે સાથ આયે હૈ.** અમે તારી બારગાહમાં તારા સામે યકીન લઈને આવ્યા છીએ. **ઔર તેરે મોહતરમ ઘરકા ઈરાદા વ કસ્દ કીયા હૈ.** અને તારા ઘર ખાનએ કા'બાનો ઈરાદો કરીને આવ્યા છીએ. **પસ તૂ હમારે અરકાન કી અદાયગી મેં હમારી મદદ કર.** તો હજ અમે કરીશું તેમાં અમે જે અરકાન અદા કરીએ તેમાં તું અમારી મદદ કર. **હમારે લીયે હજ તૂ મુકમ્મલ ફરમા.** અમારા માટે તું હજને સંપૂર્ણ કરી દે. **ગુનાહો સેં દરગુઝર કર.** અમારા ગુનાહોને તું માફ કરી દે. **ઔર હમેં આફિયત અતા કર.** અમને સલામતી અતા કર. **ઔર હમને તેરી તરફ અપને હાથ ફૈલાયે હૈ જીસ પર ઝિલ્લતો એઅતિરાફે ગુનાહ કે થપ્પે લગે હુએ હૈ.** અમે તારી તરફ દુઆ માટે એવા હાથ ઉપાડ્યા છે કે જે ગુનાહોના કારણે અપમાનિત છે અને ગુનાહોના થપ્પા-મહોર એમની ઉપર લાગેલી છે.

**ખુદાયા ! પસ હમકો ઈસ શામ વો ચીઝ અતા કર દે જીસકા હમને તુઝસે સવાલ કીયા હૈ.** યા અલ્લાહ ! આજની સાંજે તું અમને એ વસ્તુઓ આપી દે કે જેનો સવાલ અમે તારાથી કરી રહ્યા છીએ. **ઔર જીસ કામ કે લીયે હમને પુકારા હૈ ઉસમેં હમારી કિફાયત કર.** અને જે કાર્યમાં મદદ માટે અમે તને પોકાર્યો છે, યા અલ્લાહ ! એમાં તું અમારી મદદ કર. **ક્યું કે તેરે સિવા હમારા કોઈ મદદગાર નહીં.** તારા સિવાય અમારો બીજો કોઈ મદદગાર છે જ નહીં. **ઔર તેરે સિવા હમારા કોઈ પરવરદિગાર નહીં હૈ.** અમારો પાલનહાર તારા સિવાય કોઈ નથી. **તેરા હુકમ હમ પર નાફેઝ હૈ.** તું જે હુકમ કરે તે અમારા ઉપર નાફેઝ - વ્યાપ્ત થઈને રહે છે. **તેરા ઈલ્મ હમ પર મુહીત હૈ.** અમારી દરેક વસ્તુને તારું ઈલ્મ સમજી લે છે, જાણી લે છે. **ઔર તેરા ફૈસલા હમારે લીયે અદલ હૈ.** તું જે પણ ફેંસલો કરે છે તે અમારા માટે ઈન્સાફ જ છે. **અય ફૈસલે મેં હમારે લીયે ખૈર કો મુકદ્દર બનાનેવાલે ! અપને ફૈસલે મેં હમારે લીયે ખૈર કો મુકદ્દર ફરમા.** તારા ફેંસલામાં અમારા માટે અમારી તકદીરમાં ખેરીયત રાખ. **ઔર હમકો ખૈરવાલોં મેં કરાર દે.** અને જેના માટે તેં ખૈર રાખેલી હોય તેવા લોકોમાં અમને શામેલ કર.

**ખુદાયા ! હમારે લીયે અપની જુદો સખા સે અઝીમ અજ્ર.** તારી સખાવત વડે અમારા માટે મહાન બદલો, અમારા નેક કાર્યોનો મહાન બદલો, **બેહતરીન ઝખીરા** સૌથી સર્વશ્રેષ્ઠ બરકત. **ઔર દાયમી આસાની પૈદા કર.** અને હંમેશાં રહે તેવી સહેલાઈ તું પેદા કર. **હમારે તમામ ગુનાહોં કો બક્ષ દે.** અમારા બધા ગુનાહોને તું બક્ષી દે. **ઔર હમ કો હલાક હોનેવાલોં કે સાથ હલાક ન કર.** જે લોકો હલાક થવાના છે પોતાના કાર્યો વડે, તેવા લોકોની સાથે અમને હલાક ન કરી દેતો. **ઔર અપની મહેરબાની ઔર રહેમત કો હમ સે દૂર ન કર.** તારી મહેરબાની, રહેમતને અમારાથી દૂર ન રાખ. **અય સબસે ઝિયાદા રહેમ કરનેવાલે !** સૌથી વધારે રહેમ કરવાવાળા ! તું આ બધી નેઅમતો અમને આપ. હવે ઈન્શાઅલ્લાહ કાલે.

**હઝરત ઈમામ જાફર સાદિક(અ.)એ ફરમાવ્યું છે કે ખુલૂસે ઈલ્લાહ એ નેકી નથી પરંતુ નેકીના બદલામાં અલ્લાહનું આપેલું ઈનામ છે. આપણે દુઆ માગીએ કે અલ્લાહ આપણા દિલોમાં ખુલૂસનું ઈનામ આપે.**

(ઈલોલ તલાવ, તા.૨૯-૧૦-૨૦૦૯, ગુરૂવાર)

**સૌ જગતની સિધ્ધિ પાછી આસ્થા પર આવશે,**
**શક્તિ જીવનની અસલ એની જગા પર આવશે.**

**ચાંદ પર જ્યારે ખુદાના માર્ગની થાશે તલાશ,**
**ચાંદ પરનાં લોક કરબલની ધરા પર આવશે.**

# અરબી મૂળાક્ષરોનો પરિચય

**ن | નૂન**

**'નૂન'** ઉર્દૂનો બત્રીસમો, ફારસીનો ઓગણત્રીસમો અને અરબીનો પચ્ચીસમો મૂળાક્ષર છે. અબ્જદની દૃષ્ટિએ તેના પચાસ (૫૦) અદદ નક્કી થયેલ છે. નૂનના બે પ્રકારો છે. નૂન ગુન્ના અને નૂને એલાનિયા. નૂન ગુન્ના નાકમાં બોલવામાં આવે છે અને તેમાં નુક્તો મૂકવામાં આવતો નથી. અરબી શબ્દ કે જેના અંતમાં નૂન આવતો હોય એ નૂનના પહેલાં હર્ફે ઈલ્લત (ભળી જાય તેવો મૂળાક્ષર) હોય અને હર્ફે ઈલ્લતની આગળની હરકત તે મુજબ હોય તો નૂન ગુન્ના આવશે જેમકે ફારાં. અલગ લખવામાં પણ નુક્તો નથી મૂકતા જેમકે દુશ્મનેજાં. અરબી મૂળાક્ષરોની વહેંચણી અનુસાર નૂન શમ્શી હુરુફ છે તેના પહેલાં જો 'અલ' લગાડવામાં આવે તો 'લામ'નો ઉચ્ચાર થતો નથી જેમકે અલ+નાઝર= અન્નાઝર. જો નૂન અલિફની સાથે આવે તો તેને આખો શબ્દ બનાવી દે છે જેમકે મર્વાન. નૂનનો ઉચ્ચાર ગુજરાતી ભાષાના **'ન'** જેવો થાય છે.

**و | વાવ**

**'વાવ'** ઉર્દૂનો તેત્રીસમો, ફારસીનો ત્રીસમો અને અરબીનો છવ્વીસમો મૂળાક્ષર છે. અબ્જદના હિસાબે તેના છ (૬) અદદ નક્કી કરેલ છે. વાવ ચાર પ્રકારના છે. (૧) મઅરફ : જે વાવના પહેલાં પેશ હોય અને ખૂબ જાહેર કરીને પઢવામાં આવે તે જેમકે દૂર, હૂર. (૨) મજહૂલ : જે વાવના પહેલાં પેશ તો હોય પરંતુ જાહેર કરીને પઢવામાં ન આવે જેમકે હોશ, ઝોર. (૩) મૌકૂફ : આ પ્રકારનો વાવ એ ઉર્દૂ - હિન્દી નામોના અંતે આવે છે જેમાં વાવના પહેલાં અલિફ હોય જેમકે ભાવતાઉ. (૪) મઅદૂલાઃ આ 'વાવ' લખવામાં આવે છે ખરો પરંતુ બોલવામાં આવતો નથી જેમકે ખુશ, ખુદ. ઓળખ માટે તેના નીચે નાનકડી લીટી મૂકવામાં આવે છે. વાવ માત્ર અરબી ફારસી શબ્દોની વચ્ચે જ આવે છે જેમકે વલ્લાહ (ખુદાના સોગંદ).

વાવ કમરી હુરુફમાંથી છે તેથી જો તેની આગળ 'અલ' લગાડવામાં આવે તો 'અલ'નો ઉચ્ચાર થાય છે. દા.ત. અલ+વાહિદ=અલવાહિદ. 'વાવ'નો ઉચ્ચાર અંગ્રેજી ભાષાના **W**(ડબલ્યુ) જેવો થાય છે.

**ه | હે**

**'હે'** ઉર્દૂનો ચોત્રીસમો, ફારસીનો એકત્રીસમો અને અરબીનો સત્તાવીસમો મૂળાક્ષર છે. આને **હાએ મુખ્તફા** અને **હાએ હોઝ** પણ કહે છે. અબ્જદના હિસાબે તેના પાંચ (૫) અદદ નક્કી કરવામાં આવેલ છે. અરબી ભાષા અનુસાર દરેક કમરી હર્ફ કે જેની આગળ 'અલ' આવશે તો 'લામ' બોલવામાં આવશે જેમકે અલ+હાદી=અલહાદી. ગળાના ઉપરના ભાગમાંથી ગુજરાતી ભાષાનો **'હ'** બોલવામાં આવે ત્યારે 'હે'નો ઉચ્ચાર નીકળે છે. જ્યારે હૈ(ح)નો ઉચ્ચાર પણ થોડા ફેરફાર સાથે **'હ'** જેવો જ થાય છે પરંતુ તે 'હ'ને ગળાના ઊંડાણમાંથી હવાને ધકેલતાં જેવો ઉચ્ચાર નીકળે તે મુજબનો હોય છે.

**ی | યાય** અથવા **ય**

**'યાય'** ઉર્દૂનો પાંત્રીસમો, ફારસીનો બત્રીસમો અને અરબીનો અઠ્ઠાવીસમો મૂળાક્ષર છે. અબ્જદના હિસાબે તેના દસ(૧૦) અદદ નિશ્ચિત કરેલ છે. 'યાય' બે પ્રકારના હોય છે. (૧) **યાયે માઅરૂફ** અને (૨) **યાયે મજહૂલ**. યાયે માઅરૂફ એ યાય છે કે જેના પહેલાંના હર્ફ પર ઝેર હોય અને તેને ખૂબ જાહેર કરીને પઢવામાં આવે, જેમકે ઈદ, ફકીર, અમીર. યાયે મજહૂલ એવો યાય છે કે જેના પહેલાંના હર્ફની ઝેર ખાલિસ ન હોય અને જેને ખૂબ જાહેર કરીને પઢવામાં ન આવે જેમકે દિલેર, સેર, દેર. યાયે યાન એવી યાય છે કે જેના પહેલાંના હરફ ઉપર ઝબર લગાડવામાં આવેલ હોય તો તેને વાંચતી વખતે અવાજને ત્રાંસો કરવામાં આવે છે. દા.ત. સૈર. આ મૂળાક્ષર કમરી હુરૂફમાંથી છે જેથી તેના પહેલાં જો 'અલ' લગાવવામાં આવશે તો 'લામ' પોતાનો અવાજ વ્યક્ત કરશે. દા.ત. અલ+યૌમ=અલયૌમ. 'યાય' ગુજરાતી ભાષાના **'ય'** જેવો ઉચ્ચાર બતાવે છે. *

# રઝા એ ઈલાહી

લેખન : જનાબ સૈયદ નદીમએહમદ ડી. જાફરી (અમદાવાદ)

બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ

*જ્યારે હું મારા નવા ઘેર ગયો તો ઘરની પાછળના ચોગાનમાં સુંદર બગીચો જોઈને ખુશખુશાલ થઈ ગયો. પરંતુ થોડીક જ વારમાં મને ભાન થઈ ગયું કે તેની જાળવણી કરવાનું કાર્ય ખૂબ અઘરું હતું. તેની યોગ્ય દેખરેખ અને કાળજી લેવી જરૂરી હતી. ભારે મોસમી વરસાદને કારણે ઠેર ઠેર નકામું ઘાસ ઉગેલું હતું અને ઘાસને સારી રીતે કાપવાની પણ જરૂર હતી કે જેથી તે તેના અસલ સ્વરૂપમાં આવે.*

*મારે વૅકેશન માટે શહેર બહાર જવાનું હતું તે કારણે મેં એક નિષ્ણાત માળીને કામે રાખ્યો કે જે મારા બગીચાની સાર સંભાળ લઈ શકે અને તેની યોગ્ય કાળજી લઈ શકે. થોડાક દિવસો પછી જ્યારે હું મારું વૅકેશન ગાળીને પાછો આવ્યો તો મારી આંખો માનવા માટે તૈયાર જ ન હતી. તેણે તો મારા બગીચાનો દેખાવ જ સંપૂર્ણ રીતે બદલી નાખ્યો હતો.*

*બગીચો લૉનને લીધે લીલોછમ હતો, લૉન પ્રમાણસર કાપેલી હતી અને બધા છોડવા પણ સુંદર ફૂલોથી ભરચક હતા.* ***તેના નિષ્ણાત માણસે એક અવ્યવસ્થિત બગીચાની માવજત કરીને તેની સુંદરતામાં ઑર વધારો કરી દીધો હતો.***

***મેં તેના પરિશ્રમની ભારોભાર પ્રશંસા કરી*** *અને તેને તેના કાર્ય માટે* ***અભિનંદન આપ્યા. તેનું કાર્ય વિશ્વસનીય*** *હોવાને કારણે મેં* ***મારા માળી તરીકે તેની કાયમી નિમણૂંક*** *કરવાનો નિશ્ચય કરી લીધો. તે દિવસ પછી તો જ્યારે* ***હું મારા બગીચામાં કંઈ કામ કરવાનો નિર્ણય કરતો તો તેની સલાહ હું અવશ્ય લેતો.***

→ અલ્લાહ(સુ.વ.ત.)એ આ દુનિયાનું સર્જન કર્યું છે અને તેને ઈસ્લામના તત્વજ્ઞાનથી શણગાર્યું છે. કુરઆન અને અંતિમ પયગમ્બર(સ.) દ્વારા આ તત્વજ્ઞાનને સારી રીતે પરિપૂર્ણ કરવામાં આવ્યું હતું. **તો પછી ચાલો આપણે એ લોકોને શોધવાનો પ્રયત્ન કરીએ કે જેમણે તેની માવજત કરી છે અને આપણા માટે તેને સુંદર બનાવેલ છે.**

ચાલો આપણે નીચેની આયતથી પ્રારંભ કરીએ :

- **'(તે સમયને યાદ કરો કે) જે વખતે અલ્લાહ ફરમાવશે કે હે મરીયમના પુત્ર ઈસા ! (જરા) મારી તે નેઅમતને યાદ કર કે જે તારા પર તથા તારી મા પર (ઉતારવામાં આવી) હતી.**

*(સૂરએ માએદા, આયત-૧૧૦)*

ઉપરોક્ત આયતમાં અલ્લાહ(સુ.વ.ત.) ઈસા(અ.)ને પોતાની અસીમ નેઅમતોને યાદ કરવાનું કહી રહ્યો છે કે જે નેઅમતો તેણે તેમના ઉપર અને તેમની માતાના ઉપર વરસાવી હતી અને તેનો આભાર માનવાનું કહ્યું. કુરઆનમાં જુદા જુદા પ્રસંગોએ અલ્લાહ પોતાના પયગમ્બરોને અને સામાન્યતઃ માનવજાતને તેની અસીમ કૃપાઓ કે જે તેણે તેમના ઉપર વરસાવી છે તેના માટે તેના આભારી બની રહેવાનો આગ્રહ કરે છે.

**અહમદ નબી ખુદાના, ખુદાની ખબર હુસૈન,**
**હૈદર ખુદાની આંખ, ખુદાની નઝર હુસૈન.**

**તૌહીદનો પુરાવો બની એની ઝિંદગી,**
**આ વિશ્વને કદીય મળ્યો નહીં દિગર હુસૈન.**

હવે સૂરએ દહરની નીચેની આયતમાં અલ્લાહ ફરમાવે છેઃ

- **'તેઓ(એવા લોકો છે કે જે દરેક) માનતાઓને પરિપૂર્ણ કરે છે અને તે દિવસથી બીએ છે કે જેની સખ્તાઈ ઘણા લાંબા અને પહોળા વિસ્તારમાં ફેલાયેલી હશે. * અને (તેની મોહબ્બતમાં) નિરાધાર તથા અનાથ તથા કેદીને ખાવાનું ખવડાવે છે * (અને કહે છે કે) અમે કેવળ અલ્લાહની ખુશી માટે જ તમને ખવડાવીએ છીએ, તમારાથી અમે ન કોઈ બદલો માગીએ છીએ કે ન ઉપકાર.**

(સૂરએ દહર, આયત-૭ થી ૯)

સખાવત(દાનધર્મ)કરવાનું આ ઝળહળતું ઉદાહરણ છે કે જેને માનવજાત અનુસરે તેવી અલ્લાહ ઈચ્છા રાખે છે. આ બાબતમાં અલ્લાહે જે કંઈ આદેશ આપેલ છે તેમાં **તેમનાં કાર્યોએ સાકાર સ્વરૂપ ધારણ કરેલ છે.**

ઝમખ્શરીએ ઈબ્ને અબ્બાસને તેમની કિતાબ અલ કશાફમાં એવું કહેતાં ટાંક્યા છે કે આ આયતો મૌલા અલી(અ.), ફાતેમા(અ.), હસન(અ.) અને હુસૈન(અ.) દ્વારા આપવામાં આવેલ સખાવત ઉપર ખાસ ભાર મૂકીને નાઝિલ કરવામાં આવી હતી. એક વખત હસન(અ.) અને હુસૈન(અ.) બીમાર પડ્યા. પયગમ્બર(સ.) પોતાના અસહાબો સાથે તેમની મુલાકાતે આવ્યા અને મૌલા અલી(અ.)ને અલ્લાહ આગળ મિન્નત રાખવાનું સૂચન કર્યું. તેથી ઈમામ અલી(અ.)એ ફાતેમા(અ.) અને તેમની કનીઝ ફિઝ્ઝા સાથે **અલ્લાહ આગળ મિન્નત રાખી કે જો તે** હસન(અ.) અને હુસૈન(અ.)ને સાજા કરશે તો **તેઓ ત્રણ દિવસ માટે રોઝા રાખશે.**

તેથી જ્યારે હસન(અ.) અને હુસૈન(અ.) બીમારીમાંથી સાજા થઈ ગયા તો તે બધાએ રોઝા રાખ્યા. પ્રથમ દિવસે ઈફતારીના વખતે **એક મિસ્કીન આવ્યો. સમગ્ર પરિવારે તેમની પાસે તેને આપવા માટે જે કંઈ હતું તે બધું જ આપી દીધું** અને કંઈ પણ ખાધા વગર માત્ર પાણી પીને આખી રાત પસાર કરી દીધી. **તેમણે બધાએ બીજા દિવસે પણ રોઝા રાખ્યા** અને ફરીથી સૂર્યાસ્ત સમયે, જ્યારે તેઓ ખોરાકથી રોઝો ખોલવાની તૈયારી કરતાં હતાં ત્યારે **એક અનાથે મદદ માટે સવાલ કર્યો તો તેમણે પોતાની જાત કરતાં તેને પ્રાથમિકતા આપી. ત્રીજી સાંજે એક કેદીએ આવીને તેમને સવાલ કર્યો અને તેમણે પોતાની જાત કરતાં આ જરૂરિયાતમંદને પ્રાથમિકતા આપવાનું પુનરાવર્તન કર્યું.**

આ નિઃસ્વાર્થ કાર્યની અલ્લાહે નોંધ લીધી. તો ચાલો આપણે એ જોઈએ કે પરમ કૃપાળુ, સૌથી ઉદાર (એવા અલ્લાહ) તરફથી બદલામાં તેમણે શું મેળવ્યું ? ચાલો આપણે એ જ સૂરામાંની નીચેની આયત જોઈએ.

- **'તેમના <u>ઉપરનાં વસ્ત્રો ઝીણાં લીલાં રેશમી અને કિનખાબનાં હશે, અને તેમને ચાંદીનાં કંકણ પહેરાવવામાં આવશે</u> અને તેમનો પાલનહાર તેમને પાક પીણું પીવડાવશે . * અને તેમને કહેવામાં આવશે કે <u>આ તમારો બદલો છે અને તમારા પ્રયત્નોની કદર કરવામાં આવી છે.</u>**

(સૂરએ દહર(ઈન્સાન), આયત-૨૧ થી ૨૨)

આ સમયે જિબ્રઈલ નાઝિલ થયા અને કહ્યું, 'અય મોહંમદ! આ સૂરાને લઈ લ્યો. **આવાં**

**બતાવી દીધું છે એવું હયાતનું પાણી,**
**રહી ગયું છે સકળ કાઈનાતનું પાણી.**

**તરસ રૂપે એ હતી વીરતા શહીદોની,**
**ઉતારી દીધું છે એણે ફુરાતનું પાણી.**

**એહલેબયત પ્રાપ્ત કરવા બદલ અલ્લાહ તઆલા તમને મુબારકબાદી આપે છે.**' એ દર્શાવવું પણ યોગ્ય જ છે કે જે ભલાઈ કરનારાઓનો ઉલ્લેખ અહીં કર્યો છે તેઓ : **અલી, ફાતેમા, હસન અને હુસૈન છે કે જેઓ મિસ્કીન, યતીમ અને કેદીને ખાણું ખવડાવવાના કાર્ય માટે જન્નતના હકદાર છે.**
(સંદર્ભ : તફસીરે કિશાફ, ભાગ-૩, પેજ-૨૩૯)

→ આમ ઈસા(અ.)ની બાબતમાં અલ્લાહે તેમને પોતાની નેઅમતોને યાદ કરવાનું અને તેનો આભાર માનવાનું કહ્યું હતું. જયારે મૌલા અલી(અ.)ની એહલેબયતની બાબતમાં અલ્લાહ તેમની સખાવતના નિઃસ્વાર્થ પ્રયત્નોની કબૂલાત કરે છે, તેમની પ્રશંસા કરે છે અને તેમનો આભાર માને છે અને બદલામાં જન્નત આપે છે. **અલ્લાહની બારગાહમાં આ પવિત્ર પરિવારનો શું મરતબો છે તે આ બાબત દર્શાવે છે.**

આ કંઈ માત્ર આ એક જ પ્રસંગ નથી કે જેમાં અલ્લાહ તેમને યાદ કરે છે. આ બાબતમાં ચાલો બે વધારે આયતો જોઈએ.

- **'નિઃસંશય અલ્લાહ <u>તથા તેના ફરિશ્તાઓ નબી (અને તેમની આલ) પર દુરૂદ મોકલતા રહે છે;</u> (માટે) હે ઈમાનવાળાઓ ! તમે પણ દુરૂદ મોકલતા રહો અને એવી સલામ મોકલો જેવો કે સલામ મોકલવાનો હક છે.'**

(સૂરએ અહઝાબ, આયત-૫૬)

જ્યારે આ આયત નાઝિલ થઈ ત્યારે કોઈએ રસૂલ(સ.)ને પૂછ્યું કે ઈમાનદારોએ કયા શબ્દોમાં દુરૂદ અને સલામ તેમના ઉપર મોકલવા જોઈએ ? તો ફરમાવ્યું, **'યા અલ્લાહ ! રહેમત વરસાવજે મોહંમદ(સ.) અને તેમના (પાક) વંશજો પર** જેવી રીતે તું રહેમત અને સલામ મોકલે છે ઈબ્રાહીમ(અ.) અને ઈબ્રાહીમ(અ.)ની આલ પર. ખરેખર તું સૌથી વધારે પ્રશંસિત અને કૃપાળુ છે.' (સંદર્ભ : સહીહ બુખારી, પ્રકરણ-૧૯, પેજ-૩૦૫ અને પ્રકરણ ૨૬, પેજ-૫, જામએ તિરમીઝી, પેજ-૬૬ અને પેજ-૩૯૫, સનન ઈબ્ને માજા પેજ-૬૫, સનન નિસાઈ, ભાગ-૧, પેજ-૧૮૯)

- **'અને તેની ભલી યાદને અમોએ પાછળ આવનારાઓમાં બાકી રાખી * કે (હર તરફથી) <u>આલે યાસીન પર સલામ જ સલામ હોજો.</u>'**

(સૂરએ સાફફાત, આયત-૧૨૯-૧૩૦)

ઈબ્ને અબી હાતિમ અને ઈબ્ને મરદુઈયાએ ઈબ્ને અબ્બાસને ટાંકીને કહ્યું છે કે ઉપરની આયતમાં 'આલે યાસીન' **<u>આલે મોહંમદ(સ.)નો સંદર્ભ દશાવે છે.</u>**

(સંદર્ભ : દુર્રે મન્સૂર, ભાગ-૫, પેજ-૨૮૬)

ફખ્રુદ્દીન રાઝી લખે છે કે **સલામની બાબતમાં એહલેબયત પવિત્ર પયગમ્બર(સ.)ના સમકક્ષ છે કેમકે અલ્લાહે ફરમાવ્યું છે, 'અય પયગમ્બર ! તમારા ઉપર સલામ થાય અને તેણે એવું પણ ફરમાવ્યું, 'આલે યાસીન ઉપર સલામ થાય.'**

આમ અલ્લાહ તેમને યાદ કરે જ છે અને તેના ફરિશ્તાઓ પણ મોહંમદ વ આલે મોહંમદ પર તેમના સલામ મોકલવામાં અલ્લાહની સાથે જોડાય છે.

રસૂલ(સ.) પણ જયારે જયારે **મૌલા અલી(અ.)ના ઘેર આવતા** હતા ત્યારે બારણાને પકડીને કહેતા, **'અસ્સલામો અલયકુમ યા એહલેબયત !'** (સંદર્ભ : મુલ્લા જલાલુદ્દીન સુયુતિ,

**વેરાણ રણ હતું ત્યાં વસ્તી હુસૈનની છે,**
**કાંઠો બની ગઈ એ કશ્તી હુસૈનની છે.**

**આખું જગત જીવે છે એની જ જિંદગીથી,**
**કે આખી આ ખુદાઈ હસ્તી હુસૈનની છે.**

ભાગ-૫, પેજ-૧૯૮-૧૯૯)

→ તેનો અર્થ એ થયો કે અલ્લાહ, તેના પયગમ્બરો અને તેના ફરિશ્તાઓ ભેગા થઈને **મૌલા અલી(અ.)ના કુટુંબ ઉપર તેમના નિઃસ્વાર્થ પ્રેમ માટે અને ઈસ્લામ અને અલ્લાહ ખાતર આપેલી તેમની કુરબાની માટે,** મુબારકબાદી અને સલામ મોકલે છે.

ઈમામ હુસૈન(અ.)એ કરબલામાં આપેલ કુરબાની કરતાં બીજી કોઈ મોટી કુરબાની નથી. આપણા બધા ય માટે કરબલા અગત્યનું છે કેમકે અહીં ઈમામ હુસૈન(અ.)એ પોતાનાં બાળકો, ભાઈઓ, સંબંધીઓ અને મિત્રોની કુરબાની આપીને અલ્લાહ ખાતર પોતાની સમર્પણની ભાવના પ્રદર્શિત કરી હતી. કરબલાની જેહાદ પહેલાં આપણે કદી જાણતા જ નહોતા કે અલ્લાહની પ્રસન્નતા પ્રાપ્ત કરવા માટે સમર્પણના આટલા ઊંચા સ્તરની જરૂર પડતી હોય છે. **ઈમામ હુસૈન(અ.)એ એક સીમાચિહ્ન પ્રસ્થાપિત કર્યું છે અને આ બાબતમાં આપણને એક માપદંડ આપ્યો છે.**

રમઝાન મુસ્લિમ કેલેન્ડરનો પવિત્ર મહિનો છે. આપણે બધા આ મહિનામાં રોઝા રાખીએ છીએ અને અલ્લાહ તરફ આપણી સમર્પણની ભાવનાને દર્શાવીએ છીએ અને બદલામાં તેની નેઅમતો અને કૃપાઓ મેળવવાની અપેક્ષા રાખીએ છીએ. અલ્લાહે સૂચના આપી છે તે મુજબ આપણે જો કાર્ય કરીએ તો તેણે આપણને વિશુધ્ધ બનાવવાનું વચન આપ્યું છે. રોઝા રાખતી વખતે સહેરીમાં અને ઈફતારીમાં કોઈ બંધનો નથી હોતાં. **સહેરીમાં આપણે ભરપેટ નાસ્તો કરી શકીએ છીએ અને રોઝુ ખોલીએ ત્યારે વિપુલ પ્રમાણમાં ઈફતારી કરીએ છીએ.** રોઝાનો સમયગાળો **સામાન્ય રીતે સળંગ ૧૪ થી ૧૫ કલાક**નો હોય છે. આ કલાકોમાં આપણે બધાં પ્રલોભનો સામે લડત કરીએ છીએ અને એવી અપેક્ષા રાખીએ છીએ કે અલ્લાહ આપણને તેનો બદલો આપે.

હવે ચાલો આપણે કરબલામાં શું હતું એ જોઈએ. **ઈમામ હુસૈન(અ.) અને તેમનાં પવિત્ર એહલેહરમ સળંગ-૭૨ કલાકો કરતાં ય વધારે સમય સુધી ખાધા પીધા વગર રહ્યાં હતાં. તેમના માટે તો સેહરી પણ ન હતી કે ઈફતારી પણ ન હતી.** આપણે આપણા ઘરની સુખ સગવડોમાં રહીને રોઝા રાખીએ છીએ અને છતાં પણ અલ્લાહ આપણાથી ખુશ છે. જ્યારે ઈમામ હુસૈન(અ.) પોતાનાં નાનાં બચ્ચાંઓ સહિત, પોતાના વતનથી ઘણા દૂર, ખાધા પીધા વગરના હતા. આપ લોહીના તરસ્યા દુશ્મનોથી ઘેરાયેલા હતા અને તેમના બાળકોની પણ કોઈ સલામતી ન હતી. **પરંતુ આવી પરિસ્થિતિમાં ય તેઓ (પોતાના ધ્યેયને) સમર્પિત રહ્યા અને અલ્લાહની ખુશી પ્રાપ્ત કરવા માટે બધાં પ્રલોભનો સામે ઝઝુમતા રહ્યા.**

હમણાં આપણે સૂરએ દહરમાં જોયું કે અલ્લાહે મૌલા અલી(અ.)ના પરિવારજનોની બલીદાનની ભાવનાને કેવી રીતે બિરદાવી હતી કે જ્યારે તેમણે સખાવત કરી હતી. તેથી એ બાબત પણ તાર્કિક જ લાગે છે કે અલ્લાહે કરબલામાં ઈમામ હુસૈન(અ.) અને તેમના એહલેહરમની ભવ્ય કુરબાનીને પણ બિરદાવી જ હશે.

આ બાબતને ટૂંકાવવાના આશયથી ચાલો આપણે નીચેની આયત જોઈએ અને મને ચોક્કસ

**જીવનના ખાલી પ્યાલાને છલોછલ એ બનાવે છે,**
**જગતનાં ઝાંઝવાનાં નીર સાચાં પીવરાવે છે.**

**હુસૈને જે સહી છે કરબલાના રણ ઉપર બેફામ,**
**તરસ એ એવી છે કે જે તરસ સૌની બુઝાવે છે.**

ખાત્રી છે કે આપણી ઉપરોક્ત ચર્ચામાં તે આયત આપણને તાર્કિક દૃષ્ટિ આપશે.

● **'બેશક આ (મહાન અને) ખુલ્લી કસોટી હતી ✻ અને અમોએ એક મહાન બલીદાન (તેના બદલામાં) નક્કી કરીને તે (ઈસ્માઈલ)ને મુક્તિ આપી અને તેની ભલી યાદ અમોએ પાછળ આવનારાઓમાં બાકી રાખી.'**

(સૂરએ સાફ્ફાત, આયત-૧૦૬ થી ૧૦૮)

આ આયત એ પ્રસંગનો નિર્દેષ કરે છે કે જેમાં ઈબ્રાહીમ(અ.), અલ્લાહની આજ્ઞાઓને અનુસરીને, પોતાના પુત્ર ઈસ્માઈલ(અ.)ને કુરબાન કરવા તત્પર બન્યા હતા. અલ્લાહને તેમની સંકલ્પશક્તિ પસંદ પડી ગઈ અને તેણે તેને એક વધારે **મહાન કુરબાની(ઝિબ્હે અઝીમ)**માં ફેરવી નાખી. મોટા ભાગના **ઈસ્લામી તફસીરકારોએ સર્વાનુમતે કહ્યું છે કે અલ્લાહ ઉપરની આયતમાં જે મહાન કુરબાનીનો સંદર્ભ આપી રહ્યો છે તે** કરબલાના મેદાનમાં **ઈમામ હુસૈન(અ.) અને તેમના એહલેહરમની કુરબાની છે.**

(સંદર્ભ : મેરાજુન્નબુવ્વત, પેજ-૩૫)

હઝરત ઈબ્રાહીમ(અ.)એ તો માત્ર એક જ કુરબાની આપવાની હતી જ્યારે કરબલામાં ઈમામ હુસૈન(અ.)એ તો છ મહિનાના અલી અસગરની, અઢાર વર્ષની ઉંમરના અલી અકબરની, તેમના ભત્રીજાઓની, ભાઈઓની અને મિત્રોની કુરબાનીઓ જોઈ હતી. **તેથી આ કારણે જ અલ્લાહ ઈમામ હુસૈન(અ.)ની કુરબાનીને ઝિબ્હે અઝીમ ગણે છે.**

કેટલાક પ્રખ્યાત ઈસ્લામી આલિમોએ કરબલાના મહત્વની અને મુસ્લિમ જગતને તે જે સંદેશો આપે છે તેની નોંધ કરી છે.

● સલમી નોંધે છે : 'મેં પયગમ્બર(સ.)નાં બીબી ઉમ્મે સલમાની મુલાકાત લીધી તો ગમને લીધે તેમને રડતાં જોયાં. જ્યારે મેં તેમને પૂછ્યું કે તમારા રડવાનું કારણ શું છે? તો તેમણે કહ્યું, **મને હમણાં જ સ્વપ્ન આવ્યું હતું કે પયગમ્બર(સ.) મારી પાસે એવી હાલતમાં આવ્યા હતા કે તેમની દાઢીના વાળ અને માથુ ધૂળથી રગદોળાયેલાં હતાં. જ્યારે મેં તેમને પૂછ્યું કે તમે આટલા બધા દુઃખી શા માટે થયા છો ? તો તેમણે મને ફરમાવ્યું કે હું હમણાં જ હુસૈનને કતલ થયેલો જોઈને આવ્યો છું.'**

(સંદર્ભઃ જામએ તિરમીઝી, પેજ-૪૬૬, મિશ્કાત, ભાગ-૮, પેજ-૧૩૯, મુસ્તદ્રક, ભાગ-૪, પેજ-૧૯)

વળી કેટલાક બિનમુસ્લિમ વિદ્વાનોએ પણ આ મહાન કુરબાની વિષે પોતાનાં મંતવ્યો વ્યક્ત કર્યા છે.

● 'તે બહાદુર ટુકડીના પુરૂષો અને સ્ત્રીઓ એ બાબત જાણતાં હતાં કે તેમને ઘેરામાં લેનાર શત્રુ દળો નિષ્ઠુર હતાં અને માત્ર લડવા માટે જ તત્પર ન હતાં પરંતુ કતલ કરવા માટે પણ તત્પર હતાં. બાળકો માટે પણ પાણીનો ઈન્કાર કર્યો અને તેઓ બળબળતા સૂર્યના તાપમાં અને દઝાડી નાખે તેવી રેતીમાં તરસ્યાં રહ્યાં તેમ છતાં ય કોઈ પણ માણસ એક ક્ષણ માટે ડગ્યો નહીં. **હુસૈને પોતાના નાનકડા કાફલા સાથે, કીર્તિ પ્રાપ્ત કરવા માટે નહીં, કે ધન દૌલત-સત્તા પ્રાપ્ત કરવા માટે નહીં પરંતુ સર્વોચ્ચ બલીદાન આપવા માટે કૂચ કરી હતી અને દરેક જણે ભયથી પીછેહઠ કર્યા વગર ભારે વિપરીત સંજોગોનો મર્દાનગીથી સામનો કર્યો.'** -ડૉ.શેલ્ડ્રેક

● **'કરબલાની કરૂણાન્તિકામાંથી આપણને**

**સદીઓને એ મળ્યો છે શબ્બીરનો સહારો,**
**તારી ગયો સદાનો સૌને એ તારનારો.**

**તોફાન તો ઉઠ્યાં'તાં કરબલ ઉપર છતાંય,**
**એ આખા જગતને આપી ગયો કિનારો.**

**સૌથી સારો સબક શીખવાનો એ મળે છે કે હુસૈન અને તેમના સાથીદારો અલ્લાહને માનનારા ચુસ્ત ઈમાનદાર મોમિનો હતા.** તેમણે દૃષ્ટાંત સહિત બતાવી દીધું કે જ્યારે હક અને બાતિલની વાત આવતી હોય ત્યારે સંખ્યાની વિપુલતા કોઈ વિસાતમાં નથી હોતી. અલ્પ સંખ્યામાં હોવા છતાંય હુસૈને મેળવેલી જીત મને નવાઈ પમાડે છે.

**-થૉમસ કાર્લાઈલ**

- 'જૂના સમયના જડ વાતાવરણમાં હુસૈનની કરૂણાજનક શહાદતનો ચિતાર કઠણ હૃદયના વાચકને પણ ચોક્કસ પીગળાવી દેશે.

**-એડવર્ડ ગિબન**

- 'કરબલાનું પેલું રક્તરંજિત મેદાન કે જ્યાં પયગમ્બરે ખુદાનો દોહિત્ર લાંબા સમયથી, તૃષાથી ત્રસ્ત થયેલ અને પોતાના કતલ થયેલા સાથીદારોના મૃતદેહોથી ઘેરાયેલો જ્યાં પડ્યો હતો તે મેદાનની યાદ, ત્યારથી માંડીને અત્યાર સુધીના કોઈ પણ **અત્યંત બેપરવા અને બેદરકાર માણસના હૃદયમાં ઊંડામાં ઊંડી લાગણી અને વ્યથાપૂર્ણ આવેશ અને આત્માનો અત્યાનંદ જન્માવવા પર્યાપ્ત છે કે જેની આગળ દર્દ, ભય, અને મૃત્યુ નિર્માલ્ય અને ક્ષુલ્લક વસ્તુઓમાં ફેરવાઈ જાય છે.**

**-બ્રાઉનનો પર્શિયાનો ઈતિહાસ**

જ્યારે મૌલા અલી(અ.)એ રસૂલ(સ.)ની પથારી ઉપર સૂઈ રહીને અલ્લાહની મરજી મેળવી લીધી તો **ઈમામ હુસૈન(અ.)એ કરબલાના મેદાનમાં અલ્લાહના વિશ્વાસને જીતી લીધો અને બદલામાં તેની રજામંદી મેળવી લીધી.** જેમકે અલ્લાહ નીચેની આયતમાં ફરમાવે છે :

- **'અને (કયામતના દિવસે લોકોમાંથી) કોઈની પણ ભલામણ તે(અલ્લાહ)ની હજૂરમાં ફાયદો પહોંચાડશે નહીં, સિવાય કે જેના માટે તે પરવાનગી આપશે...'** (સૂરએ સબા, આયત-૨૩)

આપણો ઉપરોક્ત દાવો મજબૂત બન્યો છે જેમકે આપણે જોઈએ છીએ કે મોહર્રમ મહિનામાં કે તે સિવાયના મહિનામાં, **લોકો ભલે ગમે તે ધર્મના હોય, પરંતુ ઈમામ હુસૈન(અ.)ની દરમિયાનગીરીથી તેમની મનોકામનાઓ પૂર્ણ થાય છે.**

હવે મને ખ્વાજા ગરીબનવાઝ(રહે.)ની ઈમામ હુસૈન(અ.)ના મરતબા વિષેની અમર પંક્તિઓનો ઉલ્લેખ કરીને આ લેખનું સમાપન કરવા દો.

- **શાહ અસ્ત હુસૈન, બાદશાહ અસ્ત હુસૈન.**

(હુસૈન(અ.) શાહ છે, હુસૈન(અ.) બાદશાહ છે.)

**દીં અસ્ત હુસૈન દીંપનાહ અસ્ત હુસૈન.**

(ઈમાન જ હુસૈન છે અને **ઈમાનના રક્ષક હુસૈન છે.**)

**સર દાદ ન દાદ દસ્ત દર દસ્તે યઝીદ**

(હાથ આપવાને બદલે યઝીદને **પોતાનું મસ્તક ધરી દીધું.**)

**હક્કા કે બિનાએ લાઈલાહ અસ્ત હુસૈન.**

(વાસ્તવમાં **લાઈલાહની બુનિયાદ** હુસૈન છે.

→ એક નિર્દોષ ઉદાહરણની રજુઆત દ્વારા આ તો ઈમામ હુસૈન(અ.)ની જાત હતી અને મૌલા અલી(અ.)ના ઘરવાળા હતા કે જેમણે ઈસ્લામી તત્વજ્ઞાનને અર્થસભર બનાવી દીધું. તેઓ બધા યોગ્ય રીતે નિયુક્ત થયેલા ધર્મના રક્ષકો(મુહાફિઝ) છે. તેમના આચરણે અને કુરબાનીએ તે(તત્વજ્ઞાન)ને વધારે સુંદર બનાવ્યું છે. તેથી મને મારા માલિક સમક્ષ તેમને અને તેમના ઈલાહી કાર્યને વફાદાર રહેવાની દુઆ કરવા દો જેથી હું પણ તેમના વિશ્વાસપાત્ર ગુલામોમાં ગણાઈ જાઉં, આમીન. *

**શબ્બીર, તને કાં ન કરે દુનિયા સદા યાદ?**
**તું બંદો છે એવો કે છે જેનાથી ખુદા યાદ.**

**મક્કા શું ? મદીનાથી નજફ-કરબોબલા યાદ,**
**અમને તો ખુદા સાથ છે બંદા ય બધા યાદ.**

# Raza e Ilahi

-----------------------------------------------------------------------------------------------------------------------------------

**Written by : Janab Nadeemahmad D. Jafri (Ahmedabad)**

-----------------------------------------------------------------------------------------------------------------------------------

*When I had moved to my new house I was happy to find a beautiful garden at the backyard. But soon I realized that its maintenance was a tough task; it needed proper attention and care. Because of heavy seasonal rains there were weeds everywhere and there was a need for a good mowing so that it gains its original form.*

*Since I had to go out of town for a vacation, I hired an expert gardener who can look after my garden and take appropriate care of it. After few days when I returned from my vacation I could not believe my eyes. He had changed the look of my garden completely.*

*It was lush green with lawns which were cut proportionately and plants were full of beautiful flowers.* ***His expert nurturing enhanced the beauty of an otherwise messy garden.***

*I* ***appreciated his efforts and congratulated*** *him on his work. I decided to* ***permanently appoint him as my gardener*** *as* ***his work was trustworthy****. From that day onwards* ***even if I decided to do something in my garden I would invariably take his advice****.*

➔ Allah (SWT) has created this world and decorated it with the philosophy of Islam. Through Quran and the last Prophet (SAW) this philosophy was well accomplished. **Let us then try to find out the people who nurtured and beautified it for us?**

Let us start with the following ayah:

- *"Wo waqt yaad karo jab Khuda farmaaega ke ae Mariam (A.S) ke bête Isa (A.S) Hum ne jo ehsaanat tum per aur tumhari maa per kiye unhain yaad karo." – (Surah-e-Maida, ayah 110)*

  *"(Then will Allah say: "O Jesus the son of Mary! Recount My favour to thee and to thy mother.)"*

In the above ayah Allah (SWT) is asking Isa (A.S) to remember His limitless grace which He bestowed over him and his mother Mariam (A.S) and be thankful to Him. On various occasions in the Quran He insist His messengers and the mankind in general to remain thankful for His limitless favours which He bestowed on us.

Now in the following ayah from Surah-e-Dahr Allah says:

- *"Yeh log hai jo nazarein puri karte hain aur us din se jis ki sakhti har taraf pheli hogi darte hai* ***aur uski mohabbat main mohtaaj aur yateem aur aseer ko khana khilaate hai aur kehte hai ke hum to tum ko khaalis Khuda ke liye khilaate hai*** *hum na to tum se badle ke khwaastgaar hai aur na shukar guzaari ke." – (Surah-e-Dahr (Insaan), ayah 7-8-9)*

  *"(They fulfill vows and fear a day the evil of which shall be spreading far and wide.* ***And they give food out of love for Him to the poor and the orphan and the captive: We only feed you for Allah's sake;*** *we desire from you neither reward nor thanks.)"*

This is the shining example of conduct of charity which Allah wishes the mankind to follow. **Their gesture has personified** whatever was instructed by Allah in this case.

Zamakhshari has quoted Ibn-e-Abbas in his book Al-Kashaf that this verses were revealed highlighting the charity given by Mawla Ali (A.S), Fatema (A.S), Hasan ( A.S) and Husain (A.S). Once Hasan (A.S) and Husain (A.S) were ill, the Prophet (SAW) along-with his companions visited them and suggested to Mawla Ali to make a vow to Allah. Therefore, Imam Ali together with Fatima (A.S) and their servant Fedhdhah **vowed to Allah that they would fast for three days** if He would relieve Hasan (A.S) and Husain (A.S.).

So when Hasan (A.S) and Husain (A.S) got cured they all fasted. On the first day **a needy man approached** during the time of breaking the fast. **The holy family gave away whatever they had to him** and spent the night with nothing to eat except water. **They fasted the second day**, and again at sunset, when they were waiting for their food, **an orphan asked them for help and they again preferred him over themselves**. **The third evening a captive (prisoner of war) asked them for help and they repeated their preference for the needy above themselves.**

This selfless act was noticed by Allah, so let us see what did they get in return from the most Beneficient, The most generous? Let us see the following ayah from the same Surah:

- *"Un ke **upar sabz kareeb aur itlas ki poshaak hogi aur unhain chaandi ke kangan pehnaye jaaenge** aur un ka Parvardigaar unhain nihayat paakizah sharaab pilaega **ye yaqeeni tumhare liye hoga tumhari (kaarguzaariyon ke) sile main aur tumhari koshish qaabile shukar guzaari hai."** – (Surah-e-Dahr (Insaan), ayah 21-22)*

  *"(Upon them shall be **garments of fine green silk and thick silk interwoven with gold,** and they shall be adorned with bracelets of silver, and their Lord shall make them drink a pure drink. It will be said to them, **"This is your reward – indeed your efforts have been appreciated.)"***

**At this time, Gabriel descended and said: 'Take this chapter Muhammad (SAW); Allah surely congratulates you for having this family.'** It is worthy to state that the Good ones mentioned here are **Ali, Fatima, Hassan and Hussain; who deserve Paradise because of their act of feeding the needy, the orphan, and the captive.** (Ref: Tafseer-e-Kishaf, Vol 3, P 239)

➔Thus while in case of Isa (A.S) Allah instructed him to remember His bounties and be thankful to Him. In the case of family of Mawla Ali (A.S) Allah acknowledges their selfless effort of charity, appreciates and thank them and rewards them with paradise. **This shows the rank of this holy family with respect to Allah.**

This is not the only occasion where Allah remembers them. Let us see two more ayahs in this connection:

- *"Iss main shak nahin ke Khuda **aur uske farishte paighambar (aur unki aal) per durood bhejte hai** to ae imaandaro tum bhi durood bhejte raho aur baraabar salaam karte raho". – (Surah-e-Ahzaab, ayah 56)*

  *"(Surely **Allah and His angels bless the Prophet;** O you who believe! call for (Divine) blessings on him and salute him with a (becoming) salutation.)"*

When this verse was revealed, someone asked Rasool (SAW) in what words should the believers recite ‘Salawat’ or ‘ Durood’ i.e. the salutation to him. He said. “**O Lord! Bestow Thy mercy and grace upon <u>Mohammed (SAW) and the Progeny of Mohammed (SAW</u>**) as Thou didst bestow Thy mercy and blessings upon Ibrahim and the progeny of Ibrahim, verily Thou art the Most Praised and the Most Gracious one.” – (Ref: Saheeh Bukhari Chp. 19, P 305 & Chp 26 P 5, Jam’a Tirmizee P 66 & P 395, Sunan Ibn-e-Majah P 65, Sunan Nisaee Vol 1, P 189)

- *“Aur Hum ne un ka zikr khair baad ke aane walon main baaqi rakkha ke har taraf se **Aal-e-Yaseen per salaam hi salaam hai”** – (Surah-e-Sa’afat, ayah 129-130)*

*“(And We perpetuated to him (praise) among the later generations. **Peace be unto the Aal-e-Yaseen.)”***

Ibn-e-Abi Haatim and Ibn-e-Marduiya have quoted Ibn-e-Abbas that Aal-e-Yaasin in the above ayah **<u>refers to Aal-e-Mohammed (SAW</u>**) (Ref: Durr-e-Mansoor, vol 5, P 286)

Fakhruddin Razi writes that the **Ahl-ul-bait are at par with the Holy Prophet (SAW)** in salutation for **Allah said, “Peace be unto thee, O Prophet” and He also said, “Peace be unto the Aal-e-Yaseen.”**

So Allah does remember them and His angels join Him in sending their salutations to Mohammed wa Aale Mohammed (SAW).

Even Rasool (SAW) whenever used **to come to Mawla Ali (A.S)’s house,** he would hold the door and say ‘ **Assalam-alaykum Yaa Ahl-ul-bait”.** (Ref: Durr-e-Mansoor, Mulla Jalaluddin Suyuti, Vol 5, Page 198-199)

➔ It means that Allah, His messenger and His angels together send their greetings and salutation to the family of **Mawla Ali (A.S) for their selfless love and sacrifice for the cause of Islam and Allah.**

There is no greater sacrifice than the sacrifice of Imam Husain (A.S) in Karbala. Karbala is important to all of us as here Imam Husain (A.S) by sacrificing his children, brothers, relatives and friends displayed his commitment for the divine cause. Before Jihad-e-Karbala we never knew the level of commitment required to acquire Allah’s pleasure. **<u>Imam Husain (A.S) has set the benchmark and given us the parameter in this regard.</u>**

Ramzan is the holiest month in Muslim calendar. We all fast in this month and show our commitment towards Allah and expect his bounties and grace in return. Allah has promised to purify us if we do as He has instructed. While fasting there are no restrictions in *saheri* and *iftaari*, **we can have grand breakfast for *saheri* and lavish *iftaari* when we break the fast**. The duration is **normally around 14-15 hours at a stretch.** In these hours we fight all the temptations and expect that Allah would reward us.

Now let us see what happened in Karbala**, Imam Husain (A.S) and his holy household was without food and water for more than 72 hours at a stretch**. **There was no *saheri* and no *iftaari* for them.** We fast in the comfort of our houses, still Allah is happy with us. While Imam Husain (A.S) was without food and water along with his little children way away from his house. He was surrounded by enemies who were after his blood, again there was no security of his children. **But still he remained committed and fought with all temptations to seek Allah's pleasure.**

We just saw in Surah-e-Dahr how Allah appreciated the sacrifice of house-hold of Mawla Ali when they gave charity. It seems logical that Allah would have appreciated the grand sacrifice of Imam Husain (A.S) and his household in Karbala.

In order to substantiate this let us see the following ayah and I am sure it will give us logical perspective on the above discussion:

- **"Us main shak nahin ke ye yaqeeni bada sakht aur sarihi imtihaan tha** aur Hum ne **Ismaeel ka fidya ek zibhe azeem (badi qurbani) qaraar diya**. Aur Hum ne unka achha churcha baad ke aanewalon main baaki rakkha hai " – (Surah-e-Sa'afat, ayah 106-107-108)

  *"(Most surely this is a manifest trial. **And We ransomed him with a Feat sacrifice**. And We perpetuated (praise) to him among the later generations)"*

This ayah refers to the incident where Ibrahim (A.S), following the instructions of Allah, was ready to sacrifice his son Ismaeel (A.S). Allah liked his willingness and He then exchanged it with a **greater sacrifice (Zibhe Azeem**). Most of the **Islamic commentators have unanimously said that this great sacrifice which Allah is referring in the above ayah is sacrifice of Imam Husain (A.S) and his household** at the battle field of Karbala. (Ref: Merajjunnabuwat, P 35)

There was only one sacrifice which Ibrahim (A.S) had to perform while in Karbala Imam Husain (A.S) saw martyrdoms of 6 months old Ali Asghar (A.S), 18 years old Ali Akbar (A.S), his nephews, brothers and friends. **Thus for this reason Allah (SWT) considers the sacrifice of Imam Husain (A.S) as Zibhe Azeem.**

Some of the prominent Islamic scholars have recorded the importance of Karbala and the message it gave to Muslim world.

- Salami records: "I paid a visit to the Prophet's wife Umme Salma and saw her crying with grief. When I asked her what made her weep, she said**, 'I just dreamt that the Prophet had come with his beard and head covered with dust. When I asked him what made him so full of grief, he told me that he had just returned after seeing his Husain butchered.'"** (Ref: Jam'a Tirmizee P 466, Mishkat Vol 8, P 139, Mustadrak Vol 4. P 19)

Even some Non-muslim scholars have given their opinion on the grand sacrifice:

- "Of that gallant band, male and female knew that the enemy forces around were implacable, and were not only ready to fight, but to kill. Denied even water for the children, they remained parched under the burning sun and scorching sands, yet not one faltered for a moment. **Husain marched with his little company, not to glory, not**

**to power of wealth, but to a supreme sacrifice, and every member bravely faced the greatest odds without flinching**.” **– Dr. K. Sheldrake**

- **“The best lesson which we get from the tragedy of Cerebella is that Husain and his companions were rigid believers in God**. They illustrated that the numerical superiority does not count when it comes to the truth and the falsehood. The victory of Husain, despite his minority, marvels me**!” – Thomas Carlyle**

- “In a distant age and climate, the tragic scene of the death of Husain will awaken the sympathy of the coldest reader.” **– Edward Gibbon**

- “A reminder of that blood-stained field of Karbala, where the grandson of the Apostle of God fell, at length, tortured by thirst, and surround by the bodies of his murdered kinsmen, has been at anytime since then, **sufficient to evoke, even in the most lukewarm and the heedless, the deepest emotion, the most frantic grief, and an exaltation of spirit before which pain, danger, and death shrink to unconsidered trifles**.” **- Browne’s <u>History of Persia</u>**

So while Mawla Ali sought pleasure of Allah by sleeping on the bed of Rasool (SAW), **<u>Imam Husain (A.S) on the battlefield of Karbala won the trust of Allah and got His permission in return.</u>** As Allah says in the following ayah:

- *“Aur **Jis shakhs ke liye wo ijaazat ata farmaye** uske siva kissi ki sifarish us ki bargaah main kaam na aayegi.”- (Surah-e-Saba, ayah 23)*

  *"(No intercession can avail in His Presence, except for those for whom **He has granted permission)”***

Our above claim is substantiated, as we find that in the month of Moharram and otherwise it is because of **Imam Husain’s intercession the people irrespective of their religion get their desires fulfilled**.

Let me then conclude by mentioning Khwaja Gharib Nawaz’s immortal verses on the status of Imam Husain (A.S):

- *Shah ast Husain, Badshah ast Husain* – (King is Husain, Emperor is Husain)

  *Deen ast Husain, Deen Panah ast Husain* - (Faith is Husain, **Guardian of faith is Husain**)

  *Sardad na daad dast dar dast-e-Yazeed* – (**Offered is Head**, against his hand to Yazid)

  *Haqqa key binaey La ilaah ast Husain.* - (Indeed Husain is **the foundation of La ilaha)**

➔By displaying impeccable example it is Imam Husain (A.S) and household of Mawla Ali (A.S), who gave meaning to Islamic philosophy. They are the **duly appointed guardian of the religion**. **Their conduct and sacrifice has beautified it further**. So let me pray to My Lord to keep me loyal to them and His divine mission, so that I can be considered amongst His trusted servant. Aamin.”

# Superman In Islam

# સુપરમેન ઈન ઈસ્લામ

## ❋ હઝરત ઈમામ જાફર સાદિક(અ.) ❋

અનુવાદક : હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.)

### પ્રદૂષણ ઉપર પ્રતિબંધ

(ગતાંકનું ચાલુ)

ઈન્ડો-યુરોપિયન લોકો ઑક્સિજનને ન ઓળખવા અને પાણીમાં ઑક્સિજન હોવાની હકીકત ન જાણતા હોવા છતાંય પ્રાચીનકાળથી એ તો જાણતા હતા કે પાણી વડે સફાઈ થઈ શકે છે અને નોલ્દેકેના કહેવા પ્રમાણે તેઓ એવું માનતા હતા કે પાણી વસ્તુને સ્વચ્છ કરવાની વિશેષતા ધરાવે છે માટે જ્યારે ગંદુ પાણી નદીમાં જઈને ભળે છે તો નદીનું પાણી પ્રદૂષિત થતું નથી. નોલ્દેકેનું માનવું એક હદે સાચું ય છે કારણ કે ગંદા પાણીની ગટર જ્યારે નદીમાં ભળે છે તો તે વહેતા પાણીને પ્રદૂષિત નથી કરતી એટલા માટે કે ગંદા પાણીમાં રહેલાં જીવાણુંઓ નદીના પાણીમાં ફેલાઈ જાય છે. પરંતુ જો કોઈ નદીમાં ગંદા પાણીની સેંકડો ગટરો ભળે તો તે પાણીને પ્રદૂષિત કરી નાખે છે કારણ કે પાણીમાં રહેલાં જીવાણુંઓ સારી રીતે ફેલાઈ શકતાં નથી.

ગમે તેમ પણ આજના જમાનામાં રાસાયણિક પદાર્થો એટલી હદે નદીના પાણીને પ્રદૂષિત કરે છે કે જેટલી હદે ગટર કદી ય ના કરી શકે કારણ કે રાસાયણિક પદાર્થ પાણીમાં રહેતા જીવાણુંઓની જેમ ધોવાતો નથી અને બીજું એ કે કારખાનામાંથી નીકળનારા રાસાયણિક પદાર્થો નાના નાના જીવાણુંઓનો નાશ કરે છે અને આવી રીતે પાણીમાં સફાઈ કરનારાં કોઈ જીવાણું બાકી રહેતાં નથી.

ઈન્ડો-યુરોપિયન લોકો પોતાના પર્યાવરણને પ્રદૂષિત કરવાથી એટલા બધા ડરતા હતા કે તેઓ પોતાની મૈયતોને જમીનમાં દફન પણ કરતા ન હતા, પરંતુ કાં તો તેમને બાળી નાખતા હતા અથવા તો શહેરથી દૂર કોઈ ઊંચી જગ્યાએ પથ્થર ઉપર મૂકી દેતા હતા, એટલે સુધી કે જ્યારે તેનાં સૂકાં હાડકાં સિવાય કાંઈ પણ બાકી રહેતું નહીં તો તેઓ પથ્થરની એક કબર બનાવીને તેમાં મૂકી દેતા. તેઓ મૈયતને ધૂળમાં એટલા માટે મૂકતા ન હતા કે તેઓ એવું માનતા હતા કે આવી રીતે તો જમીન પ્રદૂષિત થઈ જશે, એટલે સુધી કે આ લોકો યુદ્ધ સમાપ્ત થઈ જાય પછી પણ મડદાંને દફન નહોતા કરતા અને તેમની લાશો કાં તો બાળી નાખતા કે કાં તો કોઈ ઊંચી જગ્યાએ ગળી જવા માટે મૂકી દેતા અને ક્યારેક એવું બનતું કે જમીનનો કબજો એક માણસ પાસેથી બીજા માણસ પાસે ચાલ્યો જતો તો તેઓ સૂકાં હાડકાંને પણ દફન કરી શકતા ન હતા અને આ હાડકાં તે ઊંચી જગ્યાએ જ રહી જતાં હતાં.

ઈન્ડો-યુરોપિયન લોકો જ્યારે બીજા લોકોને મળ્યા તો તેઓ બીજા લોકો પાસેથી મડદાંને દફન કરવાનું શીખ્યા. તેમ છતાં ય જ્યારે તેઓ દુઃખી થઈ જતા ત્યારે જ પોતાનાં મડદાંને દફન કરતા હતા. જો યુદ્ધ શરૂ થઈ જાય અને ઘણા બધા સૈનિકો તેમાં મૃત્યુ પામે તો આવી પરિસ્થિતિમાં તેઓ બધી લાશોને કોઈ ઊંચી જગ્યા ઉપર લઈ જઈને મૂકી ન

સળગાવી દીધા કોણે યઝીદીના મહેલને?
એ જોવું અગર હો તો કરો ખૈમા જરા યાદ.

બે હાથ કપાયા છતાં પકડ્યો છે અલમને,
અબ્બાસની રહી ગઈ છે ઝમાનાને વફા યાદ.

શકતા હોવાથી તેમને દફન કરી દેતા હતા. રોગચાળો ફાટી નીકળવાની પરિસ્થિતિમાં પણ તેઓ એટલા માટે મૈયતોને ઊંચી જગ્યાએ મૂકી શકતા ન હતા કે ન તો બાળી શકતા હતા માટે તેમને દફન કરી દેતા હતા.

જ્યારે સિકંદર રાજા ભારતમાં આવ્યો અને ત્યાં તેણે યુદ્ધ કર્યું તો ભારતના લોકોએ પોતાના ઉચ્ચ અધિકારીઓ સિવાય બધાયની લાશોને બાળી દીધી. સિકંદર રાજાનો એ પત્ર કે જે તેણે તેના ગુરૂ એરિસ્ટોટલને લખ્યો છે, તેના ઉપરથી જાણવા મળે છે કે મેં ભારતીઓને સવાલ કર્યો કે તમે શા માટે આ બધી લાશોને બાળી નાખો છો અને દફન કરતા નથી? તો તેમણે જવાબ આપ્યો કે જો અમે આ લાશોને દફન કરી દઈએ તો જમીન દૂષિત થઈ જશે જે અમારા કાયદા વિરૂધ્ધની બાબત છે. સિકંદરે પૂછયું, જો તમે જમીનને દૂષિત કરવા નથી માગતા તો તમારા ઉચ્ચ અધિકારીઓની લાશોને કેમ દફનાવો છો ? ભારતીઓએ જવાબ આપ્યો કે સૈનિકોની લાશોથી જમીન વધારે દૂષિત થશે પરંતુ આ ઉચ્ચ અધિકારીઓ સન્માનનીય છે એટલા માટે અમે આ ઉચ્ચ અધિકારીઓની લાશોને બાળતા નથી કે જેથી તેમની બેઅદબી ન થાય. સિકંદરના આ પત્રે એરિસ્ટોટલને ઘણો પ્રભાવિત કર્યો અને તેણે આ વિષય ઉપર પોતાના પુસ્તક અને ગીતોમાં કે જે છ ભાગ ઉપર આધારિત છે અને તર્કશાસ્ત્ર ઉપર લખવામાં આવ્યું છે, એમાં લખ્યું છે કે જો આપણે પણ ભારતીઓની માફક લાશોને બાળી દઈએ તો શું એ વધારે સારું ન કહેવાય ?

ઈન્ડો-યુરોપિયન લોકોએ પોતાના પર્યાવરણને પ્રદૂષણથી બચાવવા માટે ત્યારે મહેનત કરી કે જ્યારે પર્યાવરણનું પ્રદૂષણ માનવજાતિ માટે નુકસાનકારક ન હતું કારણ કે એ જમાનામાં દુનિયાના મોટામાં મોટા શહેરની વસ્તી કદાચ એક લાખ કરતાં વધારે નહીં હોય. અમને પ્રાચીન જમાનાના ભારત અને ઈરાનના શહેરોની વસ્તીની જાણકારી નથી. પરંતુ પ્રાચીન મિસરના પાટનગર તબસની વસ્તી ઈસવી સન પૂર્વે બે હજારમાં એક લાખ કરતાં પણ ઓછી હતી. તેમ છતાં ય આ શહેર ઓછામાં ઓછા એક હજાર વર્ષથી પાટનગર હતું.

ચીની લોકોના કહેવા પ્રમાણે ઈસવી સન પૂર્વે બે હજારમાં પેકીંગ (હાલમાં બેઈજીંગ) શહેરની વસ્તી પાંચ લાખ હતી પરંતુ આ વાત ફક્ત રિવાયત છે. તેનો ઈતિહાસમાં કોઈ પુરાવો મળતો નથી. ચીની લોકોના પોતાના ભરોસાપાત્ર ઈતિહાસમાં આ વિષય ઉપર કોઈ વાત થઈ નથી. પરંતુ માની લઈએ કે જો ઈસવી સન પૂર્વે એક હજાર વર્ષમાં પેકીંગની વસ્તી પાંચ લાખની હતી તો ય આ સંખ્યા હાલના મોટા શહેરોની વસ્તીની સરખામણીમાં કંઈ જ નથી. ગમે તેમ પણ આપણે જોઈએ છીએ કે કન્ફ્યુશિયસ જેવો દાર્શનિક, નીતિશાસ્ત્રનો ગુરૂ અને જાણીતો કાયદાશાસ્ત્રી પણ લોકોને આદેશ આપે છે કે પોતાના પર્યાવરણને પ્રદૂષિત ન કરો. કન્ફ્યુશિયસ ઈસવી સન પૂર્વે પાંચસો એકાવનમાં પેદા થયો અને ઈસવી સન પૂર્વે ૪૭૯માં મૃત્યુ પામ્યો. જે સમયે કન્ફ્યુશિયસનો જન્મ થયો તે સમય સુધી ઈન્ડો-યુરોપિયન લોકોને ભારતમાં રહ્યે સદીઓ બલ્કે હજારો સદીઓ વીતી ચૂકી હશે. અમે સદીઓ અથવા હજારો સદીઓ એટલા માટે કહ્યું કે અમને આર્યોની હિજરત કરવાની સાચી તારીખની ખબર નથી.* એટલે સુધી કે અમે આ કોમની

* ઈન્ડો-યુરોપિયન શબ્દ ઉપર, જેમ અમે ઈશારો કર્યો છે તેમ, વાંધો ઉઠાવવામાં આવ્યો છે કારણ કે બધા ઈતિહાસકારો આ વાતને સમર્થન આપે છે કે આર્યોનો પહેલો પડાવ ભારત ન હતો. તેઓ ત્યારે જ ઈન્ડો-યુરોપિયન કહેવાયા કે જ્યારે તેઓ પહેલા ભારત આવ્યા અને પછી યુરોપ ગયા. આ પછી ભારતમાં રહી જવાવાળાઓને ભારતીય અને યુરોપ ચાલ્યા જવાવાળાઓને યુરોપીય કહેવાયા.

**અલ્લાહના રસ્તે જે મરે છે એ જીવે છે,**
**રાખે છે બધા એટલે અસગરના ઝુલા યાદ.**

**બરછી ય જિગરમાંથી પછી બહાર ન નીકળી,**
**એને ય શું આવી ગઈ અકબરની પીડા યાદ ?**

હિજરતની તારીખ વિશે અનુમાન પણ લગાવી શકતા નથી.

ઈતિહાસકારોના કહેવા પ્રમાણે આર્યોએ ઈસવી સન પૂર્વે ત્રણ હજાર વર્ષ અથવા બે હજાર વર્ષમાં હિજરત કરી. આને અમે અનુમાનિત તારીખ ગણી શકતા નથી કારણ કે અનુમાનિત તારીખ એ છે કે જેની બે સંખ્યાઓમાં પચાસ વર્ષ અથવા તેથી વધારે અથવા વધારેમાં વધારે સો વર્ષનો તફાવત હોય અને જો આ તફાવત હજાર વર્ષ સુધી પહોંચી જાય તો પછી અમે તેને અનુમાનિત તારીખ કહી શકતા નથી. ઈસવી સન પૂર્વેની તારીખમાં જો દસ મિલીયન વર્ષનો તફાવત પણ હોય તો ય તેને ભરોસાપાત્ર તારીખ માની લેવામાં આવે છે કારણ કે સાચી તારીખ જાણી લેવાનો કોઈ રસ્તો હોતો નથી. દા.ત. કહેવામાં આવે છે કે પ્રાગૈતિહાસિક મોટા પ્રાણીઓની નસલ આજથી સાઈઠ મિલીયન અથવા પચાસ મિલીયન વર્ષ પહેલાં લુપ્ત થઈ ગઈ. આ બે સંખ્યાઓ વચ્ચે દસ મિલીયન વર્ષનો તફાવત છે. તેમ છતાંય તેના ઉપર કોઈ વાંધો ઉઠાવતું નથી. પરંતુ આર્યોની હિજરત પ્રાગૈતિહાસિક તારીખને એક સદીના તફાવત સાથે નિર્ધારિત કરવામાં આવે છે જેને અનુમાનિત તારીખ કહી ના શકાય.

ગમે તેમ પણ કન્ફ્યુશિયસ કે જે એક મોટો માણસ હતો તેણે જ્યારે તેની હિદાયત શરૂ કરી તો ભારતમાં જીવન વ્યતીત કરતાં કરતાં આર્યોને એક સમય વીતી ચૂક્યો હતો માટે સંભવ છે કે કન્ફ્યુશિયસ કે જેણે આખી દુનિયાનું અને વસ્તીઓનું એક મુદ્દત સુધી ભ્રમણ કર્યું હતું, તેણે પર્યાવરણને પ્રદૂષણથી બચાવવાની આવશ્યકતાની વાત કદાચ આર્યો પાસેથી શીખી હોય. શું આર્યો કે જેઓ પોતાના પર્યાવરણને પ્રદૂષણથી બચાવતા હતા તેમણે આ પાઠ કોઈ અન્ય કોમ પાસેથી શીખ્યો હશે?

**અમને જ પૂછો - કેવો મોહંમદનો ધરમ છે,**
**અમને છે મોહંમદના નવાસાની વ્યથા યાદ.**

આજે પર્યાવરણને પ્રદૂષણથી બચાવવું આપણી દૃષ્ટિમાં એક સામાન્ય બાબત થઈ ચૂકી છે કારણ કે ખાસ કરીને બીજા વિશ્વયુધ્ધ પછી આપણે પ્રદૂષણના ખતરા તરફ ધ્યાન આપવાનું શરૂ કર્યું છે પરંતુ જે સમયે આર્યોએ હિજરત કરી અને ઈરાન તથા ભારતમાં વસવાટ કર્યો તે જમાનામાં દુનિયાની વસ્તી એટલી બધી ન હતી કે પ્રદૂષણનો પ્રશ્ન એક ખતરનાક વિષય બની ચૂક્યો હોય. બીજા વિશ્વયુધ્ધના પહેલાં સુધી પૃથ્વીની વસ્તી વધારે હતી અને ન્યૂયોર્ક, લંડન અને ટોકિયો જેવા શહેરોમાં વસ્તી ઘણા ય મિલીયન સુધી પહોંચી ગઈ હતી. પરંતુ ગમે તેમ પણ પ્રદૂષણનો પ્રશ્ન એ સમય સુધી અસ્તિત્વમાં આવ્યો ન હતો અને આ પ્રશ્ન બીજા વિશ્વયુધ્ધ પછી નવા ઉદ્યોગો અસ્તિત્વમાં આવવાના કારણે અને અણુ ઉર્જાના વપરાશના કારણે પેદા થયો. *


બાવા સાહેબની ભલી દુઆઓથી

**મહેર કોટન ઈન્ડસ્ટ્રીઝ**

**મહેર બ્રાન્ડ**
**કપાસ ખોળ**

**હસનભાઈ લકી (ધોળકાવાળા)**

**અસગરભાઈ રસુલભાઈ ૯૮૨૫૯૭૬૭૮૪**
**અબ્બાસઅલી આબિદહુસૈન ૯૯૭૪૮૫૪૦૧૦**

કપાસ વેચવા માટે તથા કપાસ ખોળ
ખરીદવા માટેનું વિશ્વાસપાત્ર સ્થળ એટલે

**મહેર કોટન ઈન્ડસ્ટ્રીઝ**

લાલપુર ગામની સામે, હિંમતનગર-વિજાપુર હાઈવે, હિંમતનગર-૩૮૩૦૦૧.
ફોન : ૦૨૭૭૨-૨૯૦૪૨૯, ૨૮૭૩૩૦


**ઈતિહાસ બધા જગના ભૂલાઈ જશે બેફામ,**
**રહેવાની ફક્ત સર્વને કરબલની કથા યાદ.**

# તૌહીદ

લેખન
મોલ્વી અકબરઅલી મીયાંજી સુણસરા (ભાંગરોડીયા)

(ગતાંકનું ચાલુ)

અલ્લાહના અસ્તિત્વનો ઈન્કાર કરનાર એક માણસ ઈમામની સેવામાં હાજર થાય છે. ઈમામ તેને પૂછે છે, 'તારા પ્રવાસમાં તારે કદી દરિયો ઓળંગવાનો પ્રસંગ આવ્યો છે ખરો ?' પેલો નાસ્તિક હા પાડે છે. પછી ફરી ઈમામ પૂછે છે, 'કદી દરિયાનાં મોજાઓનો પણ સામનો કરવો પડ્યો છે ?' પેલો ફરી વાર હા પાડે છે. તો આપ તેને એમ પૂછે છે, 'શું દરિયાનાં મોજાઓ ભયજનક પૂરવાર થયાં હતાં? તારો જીવ બચવો તને અશક્ય લાગતો હતો ?'

પેલો નાસ્તિકે ફરી વાર હા પાડી એટલે ઈમામે પૂછ્યું, શું એવા સમયે તારા મનમાં કોઈ બચાવે એવો વિચાર આવ્યો હતો કે તને આવા સંકટમાંથી પણ કોઈ બચાવે એમ છે ? નાસ્તિકે હા પાડી. એ વખતે ઈમામે ફરમાવ્યું, બસ ત્યારે; સંકટ સમયે જે તને મદદ કરી શકે એવી આશા તેં બાંધી હતી એ જ સૌનો સર્જનહાર ખુદા છે.

આ ઘટના ઉપરથી સાબિત થાય છે કે દરેક માણસના મનમાં જાણે કે અજાણે એ વિચાર રમતો જ હોય કે એવી કોઈ અગમ્ય શક્તિ જરૂર છે. માનવીને મોટામાં મોટા અને જાહેરી રીતે જેમાં બચી ન શકાય એમ લાગતું હોય એવા સંકટોમાં પણ તેને બચાવી શકે છે. આ આખીય સૃષ્ટિને જન્મ આપનાર સર્વ શક્તિમાન નિરંજન અને નિરાકાર એવા પરમાત્માનું અસ્તિત્વ જરૂર છે.

એક વખત જ્યારે ઈમામ જાફરે સાદિક (અ.)ના એક સહાબીએ ઈમામને પૂછ્યું કે હુઝૂર! એ બતાવો કે ઈસ્લામી માન્યતાઓમાં તે કઈ કઈ વસ્તુઓ છે કે જેનું જાણવું વધારે જરૂરી છે ? ઈમામે ફરમાવ્યું, પ્રથમ વસ્તુ એ છે કે તે એ વાતને જાણે અને તેની ગવાહી આપે કે અલ્લાહ સિવાય બીજો કોઈ માઅબૂદ નથી. બીજું એ કે તે એ વાત પર પણ શ્રધ્ધા રાખે કે હઝરત મોહંમદ(સ.) તેના રસૂલ છે અને જે કાંઈ પણ હુકમો એમણે આપણા સુધી પહોંચાડ્યા અને જે કાંઈ પણ તેઓ અલ્લાહ પાસેથી લાવ્યા, અને જે વસ્તુઓથી રોક્યા તે બધી સાચી છે અને તે બધી ખુદા તરફથી છે. ત્રીજું એ કે તે ઈમામોની વિલાયતને પણ માન્ય રાખે એટલે કે એ બાર ઈમામોને પણ પોતાના ઈમામ જાણે.

ખુદાની યાદ હિદાયતનું નૂર છે અને તેને ભૂલી જવું એ તારીકી અને ગુમરાહી છે. પીર મશાયખ(રહે.) બાવા ફરમાવે છે :

**સોહે નામ અલ્લાહ એક કહીજે;**
**એક અલ્લાહ કહી નામ જપીજે.**

તો તું અલ્લાહને એક જાણી એક અલ્લાહનું નામ કહીને તેનો ઝિક્ર હંમેશાં કર્યા કરજે.

આ આખીય સૃષ્ટિને જન્મ આપનાર સર્વ શક્તિમાન નિરંજન અને નિરાકાર એવા અલ્લાહનું અસ્તિત્વ જરૂર છે. દુનિયાની આખીય વ્યવસ્થામાં આદિથી અંત સુધી એક સરખું સર્જન જોઈને કોઈ પણ માણસ એમ કહી શકે કે તેનો સર્જક એક છે. અલ્લાહ સર્વ શક્તિમાન છે એટલે **'કાદિર'** છે. એનો અર્થ એ છે કે એવી તમામ વસ્તુઓ જેને કુદરત જોડે સંબંધ હોઈ શકે છે અને જેમનું અસ્તિત્વમાં આવવું સંભવિત છે એ બધી જ વસ્તુઓ પર અલ્લાહ **'કાદિર'** છે. એ ઈચ્છે તો એ વસ્તુઓ અસ્તિત્વમાં આવે અને ન ઈચ્છે તો ન આવે. એ કોઈ કામ કરવા માટે ફરજથી બંધાયેલો નથી અને કોઈ પણ વસ્તુના સર્જન માટે તેને ફરજ પાડી શકાય એમ પણ નથી. તેની શક્તિઓ જાહેર છે અને તેની સીમાઓ બાંધવી એ કેમેય કરીને શક્ય નથી. કેટલાક અજ્ઞાની માણસો એમ પણ કહી દે છે કે કેટલીક વાતો એવી છે કે જેના ઉપર ખુદ અલ્લાહનો પણ કાબૂ નથી એ બધું સર્જી શકતો હશે પણ પોતાની એક જોડે, પોતાના જેવા જ બીજાને સર્જી શકતો નથી. એટલે કે એક જ વસ્તુ એક જ સમયે એક પણ હોય અને બે પણ હોય એટલે સફેદ પણ હોય અને કાળી પણ હોય એમ કરવું એ એના માટે પણ શક્ય નથી. આ પ્રમાણે કહેવું અજ્ઞાન છે. કુદરતના ગુણોનો સંબંધ કેવળ એ વસ્તુ જોડે જ હોય છે કે જેનામાં પોતે અસ્તિત્વમાં આવવાની શક્તિ હોય. (ક્રમશઃ)

संकलन : मुल्ला फैज अल काशानी

# મેઅરાજ : સ્વર્ગ આરોહણની રાત

(ગતાંકનું ચાલુ)

**સ્વર્ગીય સફર પાછળ રહેલો ઈતિહાસ**

પયગમ્બરે ઈસ્લામ(સ.)ની મેઅરાજની તારીખ બેઅસત(પયગમ્બરીની નિયુક્તિ)ના દસમા વર્ષે હોવાનું બે મોટા મુસ્લિમ ઈતિહાસકારો **ઈબ્ને ઈશાક** અને **ઈબ્ને હિશામ** દ્વારા નોંધવામાં આવ્યું છે. મહાન મુસ્લિમ ઈતિહાસકાર બૈહાકીએ આ પ્રસંગ બેઅસતના બારમા વર્ષે બન્યો હોવાનું નોંધ્યું છે. અન્ય લોકોએ આ બનાવ બેઅસતની શરૂઆતમાં બન્યો હોવાનું જણાવ્યું છે. વળી કેટલાકે તો આ બન્ને તારીખોની વચ્ચે બન્યો હોવાનો ઉલ્લેખ કર્યો છે.

કેટલીક વાર આ બન્ને પ્રકારના વિચારો વચ્ચે તાર્કિક રીતે પ્રતિપાદિત કરતાં એવું કહેવામાં આવ્યું છે કે પયગમ્બરે ઈસ્લામ(સ.) મેઅરાજ માટે એક કરતાં વધારે વખત ગયા હતા. તેમ છતાં એ બાબતનો ઉલ્લેખ કરવો જોઈએ કે એ મેઅરાજ કે જેમાં દૈનિક નમાઝને વાજિબ બનાવી દેવામાં આવી હતી, તે બાબત નિઃશંકપણે અબુતાલિબ(અ.)ની વફાત પહેલાં બની હતી અને અબુતાલિબ(અ.) બેઅસતના દસમા વર્ષે વફાત પામ્યા હતા. હદીસો ઉપરથી અને ઈતિહાસનાં પુસ્તકો ઉપરથી તો સ્પષ્ટપણે એવું કહી શકાય તેમ છે કે મેઅરાજની રાત્રે અલ્લાહ તઆલાએ મુસલમાનો ઉપર પંચગાના નમાઝ વાજિબ બનાવવાનો હુકમ આપ્યો હતો.

**દુનિયાનાં દુ:ખમાં એનો સહારો હુસૈન છે,**
**કે અશ્રુ સાથે જેની પુકારો હુસૈન છે.**

**સ્વર્ગારોહણનું સ્થાન**

**અલ બસરી વ અલ મેઅરાજ**

પયગમ્બરે ઈસ્લામ(સ.)ની મેઅરાજના પ્રારંભિક સ્થળની બાબતમાં ઈતિહાસ લેખકોમાં અને પવિત્ર કુરઆનના તફસીરકારો વચ્ચે વિવાદ છે. શું મેઅરાજનો પ્રારંભ (અમીરુલ મોમિનીન અલી ઈબ્ને અબીતાલિબનાં બહેન) ઉમ્મુલ હાનીના ઘેરથી થયો કે પછી મસ્જિદુલ હરામથી થયો ? કેમકે આખા મક્કા શહેરને મસ્જિદુલ હરામ કહેવામાં આવતું હતું અને તે સંદર્ભમાં વપરાતું હતું. આ આયતના ઉપર છલ્લા અર્થ ઉપરથી તો મેઅરાજની શરૂઆત મસ્જિદુલ હરામથી થઈ હતી. આ રીતે જોઈએ તો અલ્લાહના પયગમ્બર(સ.)ની મેઅરાજ (પ્રારંભિક) સફર મસ્જિદુલ હરામથી મસ્જિદે અક્સા બયતુલ મુકદ્દસ સુધીની હતી.

**સુબ્હાનલ્લઝી અસ્રા.. ... سُبْحٰنَ الَّذِیْٓ اَسْرٰی**

આ સફર કે જે ઈસ્લામના મહાન પયગમ્બર (સ.)ની મેઅરાજ તરીકે ઓળખાય છે તેનો પ્રસંગ રાત્રે બન્યો હતો અને મસ્જિદુલ અકસા (અર્થાત સૌથી દૂર આવેલી મસ્જિદ) અને બયતુલ મુકદ્દસ બન્ને એક જ છે.

અલ્લાહ કુરઆન શરીફમાં ફરમાવે છે :

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِیْمِ

وَالنَّجْمِ اِذَا هَوٰی ① مَا ضَلَّ صَاحِبُكُمْ وَمَا غَوٰی ②
وَمَا یَنْطِقُ عَنِ الْهَوٰی ③ اِنْ هُوَ اِلَّا وَحْیٌ یُّوْحٰی ④

**એનાં કદમને કેમ ન વળગી પડે તુફાન?**
**સૌ જાણતાં હતાં કે કિનારો હુસૈન છે.**

عَلَّمَهُ شَدِيدُ الْقُوَىٰ ﴿٥﴾ ذُو مِرَّةٍ فَاسْتَوَىٰ ﴿٦﴾ وَهُوَ
بِالْأُفُقِ الْأَعْلَىٰ ﴿٧﴾ ثُمَّ دَنَا فَتَدَلَّىٰ ﴿٨﴾ فَكَانَ قَابَ
قَوْسَيْنِ أَوْ أَدْنَىٰ ﴿٩﴾ فَأَوْحَىٰ إِلَىٰ عَبْدِهِ مَا أَوْحَىٰ ﴿١٠﴾
مَا كَذَبَ الْفُؤَادُ مَا رَأَىٰ ﴿١١﴾ أَفَتُمَارُونَهُ عَلَىٰ مَا يَرَىٰ ﴿١٢﴾
وَلَقَدْ رَآهُ نَزْلَةً أُخْرَىٰ ﴿١٣﴾ عِنْدَ سِدْرَةِ الْمُنْتَهَىٰ ﴿١٤﴾
عِنْدَهَا جَنَّةُ الْمَأْوَىٰ ﴿١٥﴾ إِذْ يَغْشَى السِّدْرَةَ مَا يَغْشَىٰ ﴿١٦﴾
مَا زَاغَ الْبَصَرُ وَمَا طَغَىٰ ﴿١٧﴾ لَقَدْ رَأَىٰ مِنْ آيَاتِ رَبِّهِ الْكُبْرَىٰ ﴿١٨﴾

બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ
(સૂરએ નજમ, આયત-૧ થી ૧૮)

'કસમ છે તે સિતારાની જયારે કે તે (આકાશમાંથી) તૂટી પડે છે : * તમારો સાથી ન આડે માર્ગે ગયો છે કે ન તો તેણે ભૂલ કરી છે * અને તે પોતાના મનની ઈચ્છાથી કાંઈ કહેતો નથી * (પણ) તે જે કાંઈ કહે છે તે તેને વહી કરવામાં આવે છે તેના સિવાય બીજું કાંઈ નથી. * તેને મોટી શક્તિવાળાએ કેળવ્યો છે * કે જે ઘણી શક્તિ ધરાવનારો છે; પછી તે (તેના મૂળ સ્વરૂપમાં તેની સામે) આવી ઊભો થયો : * અને તે તે વખતે (આકાશના) એક અતિ ઊંચા ભાગમાં હતો. * પછી તે તેની પાસે આવ્યો, પછી (તેની તરફ) ઝુક્યો * એટલે સુધી કે તેની વચ્ચે બે કમાન જેટલું છેટું રહી ગયું અથવા તે કરતાં ય ઓછું. * પછી તેણે પોતાના બંદા (મોહંમદ(સ.)) તરફ જે વહી કરવાની હતી તે (જિબ્રઈલ મારફત) કરી. * (તે વખતે) તે (મોહંમદ(સ.)એ) જે કાંઈ જોયું છે તેના વિષે (શંકા કરી ન તમે) તેની સાથે વાદવિવાદ કરો છો ? * અને ખરે જ તેણે તેને એક બીજા વખતે પણ ઊતરતો દીઠો હતો; * સિદ્રતુલ મુન્તહા (સાતમા આકાશ પરના બોરડીના છેલ્લા ઝાડ) પાસે * કે જેની નજીક જન્નતુલ માવા (વિશ્રાંતિ લેવાનું સ્થળ) છે * જયારે કે તે સિદ્રા (કાંટા વિનાની બોરડી)ના ઝાડ પર જે ઢાંકવાનું હતું તે ઢાંકી રહ્યો હતો * (તેના સંબંધમાં) ન તો રસૂલની દૃષ્ટિએ ચૂક કરી, કે ન તે જોઈએ તે કરતાં હદથી બહાર ગઈ * ખચીત જ તેણે પોતાના પરવરદિગારની નિશાનીઓમાંથી મોટી નિશાનીઓ (પ્રત્યક્ષ) નિહાળી.

### મેઅરાજની પધ્ધતિ

કેટલાક લોકો કહે છે કે મેઅરાજનો પ્રસંગ એ વખતે બન્યો હતો કે જયારે પયગમ્બર(સ.) સૂઈ રહ્યા હતા. જયારે કેટલાક એવું કહે છે કે મેઅરાજ માત્ર રૂહાની જ હતી. ગમે તેમ પણ મહાન પયગમ્બર(સ.)એ પોતે ફરમાવ્યું છે :

'મેઅરાજ દરમિયાન હું જુદા જુદા પયગમ્બરોને મળ્યો, મેં ફરિશ્તાઓને જોયા, જન્નત અને દોઝખ મને બતાવવામાં આવ્યાં. મને અર્શ પાસે લાવવામાં આવ્યો હતો અને હું સિદ્રતુલ મુન્તહા સુધી પહોંચ્યો હતો. મેં જન્નતમાં એવા લોકોને પણ જોયા કે જેમના ઉપર અલ્લાહની રહેમત વરસી રહી હતી અને વળી દોઝખમાં એવા લોકોને પણ જોયા કે જેમના ઉપર આકરામાં આકરી સજા થઈ રહી હતી અને તેમને આવી પરિસ્થિતિમાં શા માટે રાખવામાં આવ્યા છે તેની માહિતી પણ મને આપવામાં આવી હતી.'

આ રીતે તો શક્ય નથી કે પયગમ્બર(સ.) માટીના બનેલા ભૌતિક શરીરમાં મેઅરાજ માટે

**હો કરબલાનું રણ કે હો ફિરદોસનું ચમન,**
**છે સૌ જગાએ એવી બહારો હુસૈન છે.**

**આશુરના આફતાબે કહી દીધું રાતને,**
**જગની હવે તમામ સવારો હુસૈન છે.**

ગયા હોય (કેમકે ભૌતિક શરીર આવા બધા વિવિધ તબક્કાઓમાં સફર કરે તે બાબત શક્ય નથી.)

અલી બિન ઈબ્રાહીમ અલ કુમીએ વર્ણન કર્યું છે કે ઈમામ જાફર ઈબ્ને મોહંમદ અલ સાદિક (અ.)એ ફરમાવ્યું છે :

**'જિબ્રઈલ, મિકાઈલ અને ઈસરાફીલ બુરાક લઈને પયગમ્બર(સ.)ની પાસે આવ્યા. જ્યારે આપ સવાર થઈ રહ્યા હતા ત્યારે આ(ત્રણ)માંથી એક જણે બુરાકની લગામ પકડી રાખી. જ્યારે બીજાએ જીન પકડી રાખ્યું અને ત્રીજાએ પયગમ્બર(સ.)નું કપડું પકડી રાખ્યું. જ્યારે પયગમ્બર(સ.) બુરાક ઉપર સવાર થઈ ગયા તો આપનું આખું શરીર ધ્રુજવા લાગ્યું. જિબ્રઈલે પોતાના હાથથી બુરાકને ઈશારો કર્યો અને તેને કહ્યું, 'અય બુરાક ! શાંત રહેજે. આ મહાન પયગમ્બર (સ.)ના પહેલાં તારી પીઠ ઉપર કોઈ પયગમ્બરે સવારી કરી નથી અને તેમના સવાર થયા પછી તેમના જેવો કોઈ પણ કદી તારા ઉપર સવાર નહીં થાય.'**

બુરાક શાંત થઈ ગયો અને પયગમ્બર(સ.)ને જન્નતો તરફ લઈ ગયો. જિબ્રઈલ પયગમ્બર (સ.)ની સંગાથે ગયા અને તેમને જન્નતોમાં અને પૃથ્વીમાં અલ્લાહની નિશાનીઓ બતાવી.

પયગમ્બરે ઈસ્લામ(સ.)એ ફરમાવ્યું,

'જ્યારે આપણી સફર ચાલુ હતી ત્યારે કોઈએ મને નામ લઈને બોલાવ્યો. મેં તેના તરફ કંઈ ધ્યાન આપ્યું નહીં અને અમારા માર્ગે સફર ચાલુ રહી. બીજા એક સમયે કોઈ મને નામથી બોલાવતો હતો તેવું મેં સાંભળ્યું. ફરીથી મેં તેના તરફ કંઈ ધ્યાન આપ્યું નહીં. પછી મેં એક સ્રીને જોઈ કે જેના હાથ ઢાંક્યા વગરના હતા અને આખીય દુનિયાની સુંદરતાઓ તેના ઉપર દેખાતી હતી. તેણીએ કહ્યું, અય મોહંમદ ! ઊભા રહો. મારે તમને કંઈક કહેવું છે. તેમ છતાં મેં તેના તરફ ધ્યાન આપ્યું જ નહીં. ત્યાર પછી મેં એક બીજો અવાજ સાંભળ્યો કે જેણે મને ખરેખર ભયભીત કરી નાખ્યો.તે અવાજની પણ મેં ઉપેક્ષા કરી.'

અમુક સમય પછી જિબ્રઈલ ઊભા રહ્યા અને મને કહ્યું,

'નમાઝ પઢો.'

હું બુરાક ઉપરથી નીચે ઊતર્યો અને મેં નમાઝ પઢી. જિબ્રઈલે મને કહ્યું,

'આપ એ જાણો છો ખરા કે આપે કઈ જગ્યાએ નમાઝ પઢી ?'

મેં તેમને નકારમાં જવાબ આપ્યો.

તેમણે કહ્યું,

'આપે તૈયબા(મદીના)માં નમાઝ પઢી, એ સ્થળ કે જ્યાં આપના પ્રવાસીઓ જશે.'

ત્યાર પછી હું પાછો બુરાક પર બેઠો અને અમે અમારી સફર ચાલુ કરી.

ફરી પાછા જિબ્રઈલે અમને અટકાવ્યા અને કહ્યું,

'અહીં નમાઝ બજાવી લાવો.'

ફરી વાર પાછો હું બુરાક ઉપરથી નીચે ઉતર્યો અને ત્યાં મેં નમાઝ પઢી.

તેમણે મને પૂછ્યું,

'આપને ખબર છે ખરી કે આપે હાલ કઈ જગ્યાએ નમાઝ પઢી ? આ (તૂરે) સિના પર્વત છે, એ સ્થળ કે જયાં મૂસા પયગમ્બરે અલ્લાહ (સુ.વ.ત.) સાથે વાતો કરી હતી.' (ક્રમશઃ)

**તસ્વીર રંગી ખૂનથી ને જાન દઈ દીધી,**
**દીને ખુદાનો કેવો ચિતારો હુસૈન છે.**

**એના થકી બુલંદ છે ઈન્સાનિયતનું નામ,**
**ઈન્સાનિયતનો ભાગ્ય સિતારો હુસૈન છે.**

# આરોગ્યની સાચવણી

**'Prevention is better than cure.'**

## ગર્ભાવસ્થા

બાળજન્મ એ કુદરતી તથા વિશ્વવ્યાપી સામાન્ય પ્રક્રિયા છે અને આ પ્રક્રિયા માનવ કરતાં કુદરત સાથે સંપૂર્ણ રીતે સંકળાયેલ પ્રક્રિયા છે. આ પ્રક્રિયા આદિકાળથી ચાલી આવતી અને આખર સુધી ચાલતી રહેવાવાળી છે. તેમ છતાં આજના આ યુગ સુધી આ બાબતે સ્ત્રીઓમાં જાગૃતિ ઘણી જ ઓછી જોવા મળે છે અને ખાસ કરીને આપણે આપણા સમાજની વાત કરીએ તો અને અન્ય સમાજ પણ (આજના જમાનામાં) આ બાબતે સંપૂર્ણપણે ડૉકટરની સલાહના આધીન થઈ ગયેલ છે કારણ કે નાની નાની બાબતોથી પણ આપણે ઘણા જ અજાણ છીએ. આપણે અજાણ હોઈ, અસલામતી અનુભવતા હોઈ, ડૉકટર જે પણ સલાહ આપે તે માની જ લેવી પડે છે. આપણે આ વિષે દલીલ અથવા વિચાર કરી શકતા નથી. આવા સમયમાં સ્ત્રી જીવનમાં ઘણી બાબતો નવી અથવા અસામાન્ય બનતી હોય છે. ઘણી બાબતો તો તેમાં સમાન્ય જ હોય છે. આપણે અગાઉથી સાંભળેલી વાતો કે કાલ્પનિક કથાઓ સાચી માની લેતા હોઈએ છીએ કે જે ખરેખર ખોટી પણ હોય છે.

ગર્ભાવસ્થાના સમય દરમિયાન કેટલીક બાબતો ખોરાક સાથે, કેટલીક ખરાબ આદતો સાથે, કેટલીક બાબતો વાતાવરણ સાથે પણ સંકળાયેલ હોઈ આપણે આ બાબતે વિચાર કરીશું. મેડીકલ વિજ્ઞાને ગર્ભાવસ્થા દરમિયાન બાળ વિકાસના ત્રણ ત્રણ મહિનાના સમયગાળાને વિભાજીત કરેલ છે. એમ કુલ ગાળો ૯ માસ થવા પામે છે.

પ્રથમ ૩ મહિનામાં બાળક ૩ થી ૫ ઈંચ જેટલું લાંબુ થાય છે અને જરૂરી અંગો એવાં ફેફસાં સંપૂર્ણપણે બની જતાં હોય છે. પરંતુ પુરતા પ્રમાણમાં વિકસીત થયેલ હોતાં નથી અને ભૃણ એક સુરક્ષિત થેલીમાં હોય છે જે ગર્ભાશય કહેવામાં આવે છે કે જેમાં પ્રવાહી હોય છે અને બાળક તેમાં ભ્રમણ કરતું હોય છે. ગર્ભધારક સ્ત્રી આ અનુભવી શકતી હોય છે. આ ગાળા દરમિયાન કાન, નાક અને જાતીય અંગો પણ વિકસીત થતાં હોય છે.

બીજા ત્રણ મહિનાની અંતે બાળક લગભગ ૧૪ ઈંચ જેટલું લાંબુ થઈ જાય છે અને વજનમાં લગભગ ૦.૭૫૦ થી ૧ કિલો ગ્રામ સુધીનું હોઈ શકે છે. છેલ્લા ૩ મહિના દરમિયાન બાળકનું વજન વધે છે અને સંપૂર્ણ વિકાસ તરફ પ્રગતિ કરતું હોય છે. વિકાસ થવાથી ગર્ભાશયમાં પહેલાંની જેમ છૂટથી હરી ફરી શકતું નથી પરંતુ સ્ત્રીને લાત લાગતી હોય તેવો અનુભવ થઈ શકતો હોય છે. આ સમયગાળા દરમિયાન બાળકના શરીરના બંધારણ માટે પ્રોટીન, હાડકાંની મજબૂતાઈ માટે કેલ્શીયમ, લોહીના લાલ કણો માટે લોહતત્વ અને જન્મ પછીના બદલાવેલ વાતાવરણને અનુકળતા સાધવા માટે ચરબી જમા કરતું હોય છે. ૭ થી ૮ મહિના સુધી બાળકનું મગજ પરિપક્વ બનતું હોય છે. ઘણા સંજોગોમાં આ સમયગાળામાં જો જન્મ થઈ જાય તો બાળક ૯૦%ની શક્યતાએ જીવી શકે છે અથવા માનસિક કે શારીરિક રીતે કમજોર પણ હોઈ શકે. ગર્ભાવસ્થા દરમિયાન માતાએ ઘણી બધી બાબતે ધ્યાન આપવાનું હોય છે. માતાની ઘણી બાબતો અથવા ઘરની આંતરિક બાબતો અથવા વાતાવરણની અસરો આવનાર બાળક ઉપર પડી શકતી હોય છે અથવા ઘરમાંની કુટેવો(દા.ત. ધુમ્રપાન વગેરે જેની અલગથી ચર્ચા કરીશું) બાળકને નુકસાન પહોંચાડી શકે છે.

આવા સમયે ગર્ભવતી સ્ત્રીએ ઘરમાં ધાર્મિક, શાંત વાતરણ રાખવું જોઈએ. સ્ત્રીએ ધાર્મિક વાંચન વધુમાં વધુ કરવું જોઈએ. સારા વિચારો કરવા જોઈએ. ખાસ કરીને કુરઆને શરીફની પાક આયતોનું પઠન કરવું જોઈએ. અલ્લાહના સુંદર નામોનું રટણ કરવું જોઈએ. માઅસૂમીન(અ.) તથા પીરાને તરીકતના પાક કલામો, હદીસો, મજલિસો સાંભળવી અથવા પઢવી જોઈએ. માઅસૂમ(અ.) તથા પીરાને તરીકતના જીવન ચરિત્રોનો અભ્યાસ કરવો જોઈએ અને પોતાના નજીકમાં આવેલી ઝિયારતગાહો, દરગાહો, ઝરીહ મુબારકની ઝિયારત કરવી જોઈએ. આવી બાબતો આવનાર બાળક ઉપર ખૂબ જ સકારાત્મક અસરો પાડતી હોય છે. (ક્રમશઃ)

(મોમિન મેડીકલ સહાય યોજનાના નિષ્ણાત ડૉકટરો તેમજ જાહેર આરોગ્ય વિષયક માહિતીના આધારે)



પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા સાહેબ(રહે.) રચિત

# જુંબિશે લબ جُنبشِ لب

## નઝમ ૧૭

**બહુઝૂર હઝરત ઈમામ અલી રઝા(અ.)**

اے رضا، اے امامِ کون و مکاں — **અય રઝા, અય ઈમામે કૌનો મકાં,**

سرورِ دیں و ھادیِٔ دوجہاں — **સરવરે દીનો હાદીએ દોજહાં.**

(અય ઈમામ અલી રઝા(અ.) ! અય જગતના ઈમામ ! આપ તો દીને ઈસ્લામના સરદાર છો અને આલોક અને પરલોક એમ બન્ને જગતના માર્ગદર્શક છો.)

تو رضاجوئِ خُدا میں رہا — **તૂ રઝાજુઈએ ખુદામેં રહા,**

دُکھ میں آئی نہ تیرے لب پہ فغاں — **દુ:ખમેં આઈ ન તેરે લબપે ફુગાં.**

(આપ હંમેશાં અલ્લાહ તઆલાની પ્રસન્નતાને આધીન રહ્યા છો. દુ:ખના સમયે આપના હોઠો ઉપર ફરિયાદનો એક શબ્દ પણ આવ્યો નથી.)

تو مدینے سے چل کے، تا بغداد — **તૂ મદીનેસે ચલકે તા બગદાદ,**

پہنچا با صد ہزار عزّت و شاں — **પહુંચા બા સદ હઝાર ઈઝઝતો શાં.**

(આપ મદીના મુનવ્વરાથી નીકળીને બગદાદ સુધી હજાર પ્રકારનાં સન્માનો અને શાન સહિત પહોંચ્યા.)

راستے میں دکھائے وہ اعجاز — **રાસ્તોમેં દિખાએ વો એઅજાઝ,**

محوِ حیرت ہوئے سب اہلِ جہاں — **મહ્વે હૈરત હુએ સબ એહલે જહાં.**

(રસ્તામાં આપે એવા એવા ચમત્કારો બતાવ્યા કે દુનિયાના બધા જ લોકો આશ્ચર્યમાં ઘરકાવ બની ગયા.)

وہ تجمّل، وہ شوقِ نیشاپور — **વો તજમ્મુલ, વો શૌકે નિશાપુર,**

جمع وہ راستے میں پیر و جواں — **જમ્આ વો રાસ્તોમેં પીરો જવાં.**

(આપની એ શાનો શૌકત અને રસ્તામાં એકઠા થયેલા વૃધ્ધો અને યુવાનોનો, ખાસ કરીને નિશાપુરના લોકોનો (આપના દીદાર કરવાનો) શોખ જોવા જેવો હતો.)

شوقِ دیدارِ پاک میں بیتاب — **શૌકે દીદારે પાકમેં બેતાબ,**

علماء و عوام، نعرہ زناں — **ઉલમાઓ અવામ નાઅરા ઝનાં.**

(લોકો આપનો પવિત્ર દીદાર કરવાના શોખમાં નિરંકુશ બની ગયા હતા. ઈસ્લામના વિદ્વાનો અને સામાન્ય પ્રજાજનો ઉપરા ઉપરી નાઅરા પોકાર્યે જતા હતા.)

اشتیاقِ حدیث میں بے چین — ઈશ્તિયાકે હદીસમેં બેચૈન,

در پہ صدہا وہ عالمانِ زماں — દર પે સદહા વો આલિમાને ઝમાં.

(હજારોની સંખ્યામાં એ જમાનાના ઈસ્લામના આલિમો આપના દ્વાર પર આવીને આપના મુખેથી હદીસો સાંભળવાની ઉત્કંઠામાં બેચેન બની ગયા હતા.)

ہو نہ کیوں کر لقب رضا، کہ تو ہے — હો ન ક્યું કર લકબ રઝા, કે તૂ હૈ,

تابِع مرضیٔ خُدائے جہاں — તાબએ મર્ઝીએ ખુદાએ જહાં.

(આપનો લકબ 'રઝા' કેમ ન બની જાય ? કેમકે આપ સમગ્ર સંસારના ખુદાની મરજીને તાબે થયેલા હતા.)

اہلِ دانش ہیں سب مُحب تیرے — એહલે દાનિશ હૈ સબ મોહિબ તેરે,

منحرف جو ہوئے وہ ہیں ناداں — મુનહરિફ જો હુએ વો હૈ નાદાં.

(બધા જ બુધ્ધિશાળી લોકો આપના પ્રેમમાં આસક્ત બની ગયા. જે લોકો આપનાથી વિમુખ થઈ ગયા તે બધા બુધ્ધિહીન કહેવાયા.)

تو بھی اس آستاں پہ سر خم کر — તૂ ભી ઈસ આસ્તાં પે સર ખમ કર,

اے ظہیؔر ایسا در ملے گا کہاں — અય 'ઝહીર' ઐસા દર મિલેગા કહાં.

(અય 'ઝહીર' ! તમે પણ ઈમામની આ ચોખટ ઉપર તમારા મસ્તકને ઝુકાવી દો કેમકે આવું દ્વાર બીજે ક્યાં મળવાનું છે ?) *

HDFC STANDARD LIFE INSURANCE
Sar Utha ke Jiya

Mo. 98258 81814



**નજરઅલી યુનુસભાઈ પીયારજી**

**GOLD CLUB MEMBER : HDFC SLIC**

**ઓફિસ** : ડાયમંડ એસ્ટેટ, સહયોગ હોટલની પાછળ,
ને.હા.નં.૮, ગામ-મોતાલી-અંકલેશ્વર, જી.ભરૂચ
ફોન નં. ૯૮૨૫૮ ૮૧૮૧૪

**રહેઠાણ** : ગામ-સેદ્રાણા, તા.સિધ્ધપુર, જી.પાટણ
ફોન નં. : ૨૨૬૬૦૩

**પાક પરવરદિગારના કરમથી સતત ૬ વર્ષથી આપની સેવામાં હાજર**

**શીઆહ જાફરી મશાયખી મોમિન જમાઅતના વીમેદારોને અંતઃકરણપૂર્વક સહકાર બદલ આભાર**

HDFC STANDARD LIFE INSURANCE Sar Utha ke Jiya

**જીવનવીમા તથા રોકાણના નવીન તથા જુના કામકાજ માટે સંપર્ક કરો.**

HDFC STANDARD LIFE INSURANCE Sar Utha ke Jiya



હઝરત પીર મશાયખ બાવા(રહે.) કૃત.....

# મશાયખવાણી

## તરીકત યા'ને ધરમ મૂલ

● સત ગુરૂ પીર મશાયખ વાચા ●

**બયાન નં.૭૯**

**સુનો પંથી, પંથકું સમજનો લીજે,**
**પંથ ગમાય કર પીછે કયા કીજે?**

(હઝરત પીર મશાયખ(રહે.) બાવા પોતાના મુરીદોને સંબોધીને ફરમાવે છે કે અય તરીકતના પથિકો ! તમે મારી વાત સાંભળો. તમે કયા પંથ ઉપર ચાલવાનો છે તે પંથને બરાબર સમજી લો. જો પંથને ગુમાવી દીધો તો પછી પાછળથી શું કરવાનું?)

**જે રે પંથે બંદા પાવે પીયુ અપના,**
**પંથીકું ઉસ પંથે મન ધર ચલના.**

(જે પંથ ઉપર બંદો પોતાના પીયુને પ્રાપ્ત કરી શકતો હોય તેવા પંથ ઉપર તરીકતના પથિકે પોતાના મનને ધરી દઈને ચાલવું જોઈએ.)

**દુરિજન રાહા બોત દિખાવે,**
**તો પંથ બિના પીયા રાહ હાથ નાં આવે.**

(દુરિજન રૂપી શયતાન અલ્લાહને પ્રાપ્ત કરવાના જુદા જુદા રસ્તા બતાવશે પરંતુ પીયુના રસ્તા વગર પીયુ હાથમાં આવશે નહીં.)

**તો નબીને રાહા પંથ સર કીતા,**
**જે હુકમ અપનો પીયાનો રે દીતા.**

(નબી સાહેબે અલ્લાહને પ્રાપ્ત કરવાનો માર્ગ બતાવ્યો છે અને તે માર્ગ પીયુએ બતાવેલા હુકમ અનુસાર જ છે.)

**વે જો કભી પંથ પંથી ગમાવે,**
**તો રે પીયા અપના હાથ નાં આવે.**

(જો તરીકતનો પથિક નબી સાહેબે બતાવેલ માર્ગને ગુમાવી દે તો પછી તેનો પીયુ તેના હાથમાં કદી નહીં આવે.)

**ચલતે રે પંથ ના કીજે રે ગમાંના,**
**કે પંથ પીયાકા મેં રે પિછાંના.**

(તરીકતના પંથ ઉપર ચાલતી વખતે કદી એવું અભિમાન કરવું જોઈએ નહીં કે મેં પીયુને મળવાના પંથને ઓળખી લીધો છે.)

**ગમાંન કીયે તો પંથ દુર જાવે,**
**તબ પંથી પંથકા છેહ નાં પાવે.**

(જો તરીકતના પંથ ઉપર ચાલવાનું અભિમાન કરવામાં આવે તો પંથી સાચા પંથથી દૂર થઈ જશે અને તે પંથનો છેડો પણ નહીં મેળવે.)

**થા એક પંથી સુણનો ફરિશ્તા,**
**અપનો મકાંન પંથ નિત ઉઠ ચલતા.**

(હઝરત પીર મશાયખ(રહે.) બાવા ફરમાવે છે તમે સાંભળો કે એક ફરિશ્તો તરીકતનો પંથી હતો અને પોતાની જગ્યાએથી નીકળીને તે હર હંમેશાં આ પંથ ઉપર ચાલતો રહેતો હતો.)

**ઉસમાં ગમાંન મન યું કીતા,**
**કે પંથ પીયાને મુઝે થોડા સા દીતા.**

(તે ફરિશ્તાના મનમાં એવું ગુમાન પેદા થયું કે મારા પીયુએ મને તરીકતનો થોડોક જ રસ્તો બતાવ્યો છે.)

**ચલું તો પંથમાં જો હુકમ પીયા પાઉં,**
**તો પાઈયે અરશ કે ચલ દેખ આઉં.**

(આ ફરિશ્તાના મનમાં એવું ગુમાન પેદા થયું કે જો અલ્લાહ તરફથી મને આ પંથમાં (હું જેવું ઈચ્છું

**આવ્યો છે માનવીના જગતમાં એ પ્યાર લઈ,**
**સૌ માનવીનો એટલે પ્યારો હુસૈન છે.**

**વારી ગયું છે મોત પણ જેની કળા ઉપર,**
**એવા અમર જીવનનો ચિતારો હુસૈન છે.**

એવો) હુકમ મેળવું તો ચાલીને છેક અર્શના પાયાઓને જોઈ આવું.)

**કૌવત બાજુમાં મેરે હે બોતેરી,**
**કે અરશકે પાઈયું સબ કરું હું ફેરી.**

(એ ફરિશ્તાના મનમાં એવું ગુમાન પેદા થયું કે મારી પાંખોમાં ઉડવાની ખૂબ શક્તિ છે. એટલી બધી શક્તિ છે કે અર્શના ચારેય પાયાઓના ફરતાં તવાફ કરી આવું.)

**એ ગમાંન મનમાં ઈતના રે રાખા,**
**પીયાકું રે ખોલ કર એ સબ દાખા.**

(એ ફરિશ્તો પોતાના મનમાં આવું ગુમાન ધરાવતો હતો અને તેણે એક દિવસ પોતાના પીયુ આગળ પોતાના મનની વાત કહી દીધી.)

**કછું હે નાં સમજા એ કરતાં કાંમા,**
**ને પંથ નાં ચલીઆ અપને રે ઠાંમા.**

(આ ફરિશ્તો એવું જરાય ન સમજ્યો કે તે પોતે આ કેવું કામ કરી રહ્યો છે. રાબેતા મુજબ પીયુએ બતાવેલા રસ્તા ઉપર પોતાની જગ્યાએથી ચાલ્યો જ નહીં.)

**તબ ઉઠ કર ઉડીઆ કે અરશકું જાવે,**
**પણ પંથ જે બાંધીઆ વે છેહ નાં આવે.**

(આ ફરિશ્તો પોતાની મરજી અનુસાર અર્શે બરી તરફ જવા માટે ઉડવા લાગ્યો પરંતુ જ્યાં તેણે જવું હતું તે પંથનો અંત જ આવતો ન હતો.)

**તે થંબુ તાંએ જાંના હુવા ઉસે ભારી,**
**હે થંબુ માંહે રાહ બોત અપારી.**

(આ ફરિશ્તાને થાંભલાઓની વચ્ચે થઈને ઉડવાનું ખૂબ ભારે પડી ગયું. એ થાંભલાઓની વચ્ચે આવેલા રસ્તાનો તો કોઈ પાર જ આવતો ન હતો.)

**મકાન આપસથી અરશ તાંએ જાતે,**
**પર સબ તુટે જે થે રે ઉડાતે.**

(પોતાના સ્થાનેથી અર્શે બરી તરફ ઉડવા જતાં રસ્તામાં આ ફરિશ્તાની પાંખો કે જેના જોરે તે ઉડતો હતો તે પાંખો તૂટી ગઈ.)

**બેહાલ હોકર રાહમાં રહીઆ,**
**જો પંથ પીયાકા થોડા સા લહીઆ.**

**-: રે તુંહી :-**

(આ ફરિશ્તાએ પીયુ તરફ જવાનો થોડોક જ રસ્તો કાપ્યો અને ખૂબ ભૂંડી હાલતમાં રસ્તાની અધવચ્ચે જ રહી ગયો.)

**પંથી પંથમાં ચાલતે, મનમાં નાં રાખો માંન રે,**
**મનમાં નાં રાખો માંન;**
**પર ટુટે, રાહમાં રહ્યા, જો કીયા બોત ગમાંન રે,**
**જો કીયા બોત ગમાંન.**

(હઝરત પીર મશાયખ(રહે.) બાવા ફરમાવે છે કે હે તરીકતના પથિકો ! પીયુના પંથમાં ચાલતી વખતે તમે મનમાં અભિમાન રાખતા નહીં. પેલા ફરિશ્તાને જુઓ કે તેણે ખૂબ ગુમાન કર્યું તો તેની કેવી દશા થઈ ? તેની પાંખો તૂટી ગઈ અને અધવચ્ચે જ અટવાઈ પડ્યો.) *


## લગ્ન વિષયક

- બાદરપુર નિવાસી
- B.E. Electrical
- ઉંમર - ૨૫ વર્ષ
- મો.૦૦૧૪૦૯૨૯૧૦૩૪૫

અમેરિકામાં પાંચ વર્ષથી સ્થાયી થયેલ મોમિન ભાઈને શીઆહ જાફરી વેલ એજ્યુકેશન છોકરી જોઈએ છે.

Email : ltsnazar@hotmail.com

લોકલ સંપર્ક નંબર : ૯૭૨૭૨૦૧૧૯૧
૯૭૧૨૨૯૮૫૪૯


**જોઈ લો આ આખી દુનિયાની કહાની જોઈ લો,**
**જોડ નહીં મળશે ઝમીને કરબલાની જોઈ લો.**

**દરબદર ભટકીને સૌને મંઝિલે લઈ જાય છે,**
**હોય છે વણઝાર કેવી રાહનુમાની જાઈ લો.**

કુરઆને મજીદના

# સૂરાઓનો પરિચય

સૂરા નં.૬૫ — સૂરએ તલાક

(ગતાંકનું ચાલુ)

ત્યાર પછીની આયતોનો અનુવાદ : **અય ઈમાન લાવનારાઓ ! તમારા પોતાના અને તમારા બાલ બચ્ચાઓને તે આગથી બચાવો કે જેનું વળતર માણસો તથા પથ્થર છે. તે(આગ)ના ઉપર અતિ ક્રુર અને સખત સ્વભાવના ફરિશ્તા નિયુક્ત કરેલા છે. તેમને અલ્લાહ તરફથી જે હુકમ આપવામાં આવે છે તે બજાવવામાં પાછી પાની કરતા નથી અને તેમને જે આજ્ઞા આપવામાં આવે છે તે પ્રમાણે જ વર્તે છે.(૬)**

**અય તે લોકો કે જેઓ ઈમાન નથી લાવ્યા આ જે તમે બહાનાં ન કાઢો, જે કર્મો તમે કરતા હતા તેનો જ બદલો તમને આપવામાં આવે છે.(૭)**

**અય ઈમાન લાવનારાઓ ! અલ્લાહની હુઝૂરમાં નિર્મળ મનથી પશ્ચાતાપ કરો. અજબ નથી કે તમારો પરવરદિગાર તમારાથી તમારી બૂરાઈઓ ટાળી દે અને તમને જન્નતોમાં દાખલ કરે જેની હેઠળ નદીઓ વહે છે. તે દિવસે અલ્લાહ નબીને તથા તેના લોકોને કે જેઓ તેની સાથે ઈમાન લાવ્યા છે, ફજેત નહીં કરે. તેમનું નૂર તેમની આગળ તથા જમણી બાજુએ ચાલતું હશે અને તેઓ કહેતા હશે કે અય અમારા રબ ! તું અમારા નૂરને અમારા માટે સંપૂર્ણ કરી દે અને અમારા ગુનાહ માફ કરી દે. બેશક તું દરેક વસ્તુ પર સંપૂર્ણ કાબૂ ધરાવનારો છે. (૮)**

**અય નબી ! તું નાસ્તિકો તથા દાંભિકોથી યુધ્ધ કર અને તેમના પર સખ્તાઈ કર અને તેમનું ઠેકાણું જહન્નમ છે અને તે ઘણું જ ખરાબ પાછા ફરવાનું ઠેકાણું છે. (૯)**

હવે અલ્લાહ મોમિનોને પોતાની સ્ત્રીઓ અને પોતાની ઓલાદને ડરાવવા અને નસીહત કરવા ફરમાવે છે કે એ લોકો કે જેઓ ઈમાન લાવ્યા છો તમે તમારા નફસને અને તમારા ઘરના માણસને દોઝખની આગથી બચાવો અને તમારી સ્ત્રીઓ, તમારાં બાળકો તથા તમારા નોકરો વગેરેને હલાલ અને હરામના મસાએલ શીખવો અને જહન્નમની આગથી બચાવો કે જેનું બળતણ કાફરો અને ગંધકના પથ્થરો છે.

કુફ્ફારોને જ્યારે જહન્નમના કિનારા ઉપર લાવવામાં આવશે ત્યારે તેઓ ત્યાંથી છટકવા ખોટાં બહાનાં કાઢશે તો તેમને કહેવામાં આવશે કે આજે તમે બહાનાં બતાવો નહીં. દુનિયામાં તમારી સમક્ષ પયગમ્બરો મોકલ્યા હતા પણ તેમણે તેમની વાતને માની નહીં.

જેઓ ખુદા અને તેના રસૂલ ઉપર ઈમાન લાવ્યા છે પોતાના ગુનાહથી તૌબાએ નસૂહ કરો (નિર્મળ મનથી પસ્તાવો કરો) અને ફરીથી ગુનાહ કરવાનો ઈરાદો ન કરો. હઝરત ઈમામ જાફર સાદિક(અ.)થી આ આયતનો અર્થ પૂછવામાં આવ્યો તો આપે ફરમાવ્યું કે બંદો તૌબા કર્યા પછી ફરી ગુનાહ ન કરે. આ આયતમાં જે નૂર શબ્દ આવ્યો છે તે વિષે હઝરત ઈમામે જાફર સાદિક(અ.)એ ફરમાવ્યું છે કે તે નૂરથી મુરાદ અઈમ્મા(અ.) છે.

કુદરત કહે છે કે અય પયગમ્બર ! કાફરો અને મુનાફિકો સાથે તલવાર થકી જેહાદ કર અથવા તેનો અર્થ એ કે તેમના ભેદને જાહેર કર અથવા તેઓ ઉપર હદ જારી કરીને જેહાદ કર અને કોઈ વસ્તુ તેમનાથી માફ ન કર. જો તેઓ ઈમાન ન લાવે તો તેમનું ઠેકાણું જહન્નમ છે.

ત્યાર પછીની આયતોનો અનુવાદ : **અલ્લાહે તે લોકો માટે કે જેઓ ઈમાન નથી લાવ્યા, નૂહની**

**પાણી પર ચહેરા હતા, કાંઠા ઉપર આંધી હતી,**
**નાવને તારી ગયા તો પણ સુકાની જોઈ લો.**

**જીભ હોઠો પર ફરે છે ને કહી દે છે બધું,**
**બેઝુબાનીમાં ય અસગરની ઝુબાની જોઈ લો.**

**પત્ની (વાએલા) તથા લૂતની પત્ની (વાહેલા)નો દાખલો વર્ણવે છે; આ બન્ને (સ્ત્રીઓ) અમારા બંદાઓમાંથી બે સદાચારી બંદાઓના નિકાહમાં હતી. પછી તે બન્નેએ તે બન્નેને દગો દીધો જેથી તે બન્ને સ્ત્રીઓને અલ્લાહના અઝાબથી બચાવવામાં આ બન્ને (બંદા) કાંઈ પણ કામમાં આવ્યા નહીં અને તે બન્ને(સ્ત્રીઓ)ને કહેવામાં આવ્યું કે તમે પણ દાખલ થનારાઓની સાથે જહન્નમમાં દાખલ થઈ જાઓ. (૧૦)**

**અને અલ્લાહે તે લોકો માટે કે જે ઈમાન લાવ્યા છે ફિરઔનની સ્ત્રી(આસિયા)નો દાખલો વર્ણવે છે, જ્યારે તેણીએ અરજ કરી કે અય મારા રબ ! મારા માટે સ્વર્ગમાં તારી પાસે એક મકાન બનાવી દે અને મને ફિરઔન તથા તેનાં (દુષ્ટ) કાર્યોથી છુટકારો આપ અને જુલ્મગાર કોમથી મને બચાવી લે. (૧૧)**

**અને ઈમરાનની પુત્રી મરિયમનો (દાખલો પણ વર્ણવે છે) કે જેણીએ પોતાના શિયળનું રક્ષણ કર્યું, પછી તેમાં અમોએ અમારી રૂહમાંથી (રૂહ) ફૂંકી દીધી, અને તેણીએ પોતાના રબના કલમા તથા તેની કિતાબને સત્ય સમજી માન્ય રાખી હતી અને તેણી તાબેદારી કરનારા(બંદા)ઓમાંથી હતી. (૧૨)**

ખુદા કાફરો અને મુનાફિકોને દાખલા માટે હઝરત નૂહ(અ.) અને હઝરત લૂત(અ.)ની સ્ત્રીઓનું વર્ણન કરે છે. પયગમ્બરની નાફરમાની કરવામાં જ લૂત(અ.) અને જનાબે નૂહ(અ.)ની સ્ત્રીઓ આગળ પડતી હતી. આ આયતમાં પયગમ્બરની બીબીઓને ઠપકો આપવામાં આવ્યો છે કે ખુદા અને રસૂલની નાફરમાની ન કરો અને એ બન્ને સ્ત્રીઓને કહેવામાં આવ્યું કે કયામતના દિવસે તમે બન્ને જહન્નમમાં દાખલ થશો. જનાબે નૂહ(અ.)ની સ્ત્રીનું નામ વાએલા હતું અને લૂત(અ.)ની બીબીનું નામ વાહેલા હતું અને હઝરત નૂહ(અ.)ની સ્ત્રી કોમને કહેતી હતી કે એ દિવાનો છે. જ્યારે જનાબે લૂત(અ.)ની સ્ત્રી પોતાને ત્યાં મહેમાનો આવતા તો તેની ખબર આપતી હતી તેથી કોમ તે મહેમાનોને પકડી જતી હતી. મતલબ કે પયગમ્બરની સાથે રહેવા છતાં તે સ્ત્રીઓને કંઈ ફાયદો થયો નહીં અને બન્નેનું પરિણામ બહુ જ ખરાબ આવ્યું.

ખુદા ઉપર ઈમાન લાવનારાઓ માટે ફિરઓનની સ્ત્રી આસિયા બિન્તે મઝાહિમના દાખલાનું વર્ણન કર્યું છે કે જ્યારે તેણીએ દુઆ કરી કે અય મારા રબ ! મારા માટે જન્નતમાં એક મકાન બનાવ અને મને ફિરઓન તથા તેના દુષ્ટ કૃત્યોથી નજાત અપાવ અને જાલિમ કોમથી મને બચાવી લે. જનાબે આસિયા, જનાબે મૂસા(અ.)નાં ફોઈ થતાં હતાં. જ્યારે ફિરઓનના સમયના જાદૂગરોએ પોતાનો જાદૂ બતાવ્યો અને જનાબે મૂસા(અ.)એ પોતાની અસા જમીન ઉપર નાખી અને તે સાપ બની ગઈ અને જાદૂગરોની દોરડીઓ જે સર્પો જેવી દેખાતી હતી તેને ગળી ગઈ. તે જોઈને આસિયા ઈમાન લાવી અને એ મુદ્દત સુધી પોતાના ઈમાનને છૂપું રાખ્યું. પછી જ્યારે તેણીના ઈમાનની ફિરઓનને ખબર પડી તો તેણે કહ્યું કે મૂસાના ધર્મનો ત્યાગ કર પણ તેણીએ ઈન્કાર કર્યો જેથી તેને તડકામાં રાખી. તો ફરિશ્તાઓએ તેણી ઉપર છાંયડો કર્યો. પછી તેણીની છાતી ઉપર એક મોટો પથ્થર રાખવામાં આવ્યો તો તે વખતે તેણીએ આ આયત પ્રમાણે દુઆ કરી અને તેણીની રૂહ કબ્જ થઈ ગઈ. પથ્થર રાખવાના પહેલાં જ તેની આંખો ઉપરથી પડદા હટી ગયા અને તેણીએ જન્નતમાં પોતાનું ઘર જોયું.

હવે ખુદાએ તઆલા બીજો દાખલો બયાન કરે છે કે જનાબે ઈમરાનની દીકરી મરિયમ પાક દામન હતી. તેણીએ પોતાના પરવરદિગારના કલમા અને કિતાબને સત્ય જાણી માન્ય રાખી હતી અને તેણી તાબેદારી કરનારીઓમાંથી હતી. *

**ધ્યાન રાખે છે હજી પણ શાહનું રોઝા મહીં,**
**આ પરાકાષ્ટા તો અબ્બાસી વફાની જોઈ લો.**

**મોત પણ બરછી બનીને કાળજે વળગી પડ્યું,**
**કેવી ઝિન્દાદિલ છે અકબરની જવાની જોઈ લો.**



મૌલા અલી(અ.)નાં પ્રવચનો, આજ્ઞાપત્રો અને બોધવચનોનો સંગ્રહ

# નહજુલ બલાગહ

## ભાગ-૩

## બોધ વચનો અને ઉપદેશો

<u>હઝરત અલી(અ.)નાં બોધ વચનો (હદીસો)</u>

**(૨૮૧) બુધ્ધિનું માર્ગદર્શન :**

આંખોથી જોવું હકીકત જેવું નથી ગણાતું કેમકે કદી કદી આંખો તેના ધણીને દગો દે છે પણ સદબુધ્ધિ રાખનારને દગો નથી દેતી.

**(૨૮૨) ગફલતનો પડદો :**

તમારી અને નસીહતની વચ્ચે ગફલતનો એક પડદો આડો પડ્યો રહે છે.

**(૨૮૩) જ્ઞાની અને અજ્ઞાની :**

તમારા જાહિલોને પૈસો પુષ્કળ આપવામાં આવે છે અને આલિમને માત્ર ભાવિની આશા આપવામાં આવે છે.

**(૨૮૪) બહાનાનું ખંડન :**

ઈલ્મ હંમેશાં બહાનું કાઢનારાના બહાનાને ખતમ કરી દે છે.

**(૨૮૫) મહેતલ માગવી :**

જેનું મોત જલ્દી આવી જાય છે તે મોહલતની માગણી કરે છે અને જેને મોહલત મળી જાય છે તે ટાળમટોળ કરે છે.

**(૨૮૬) બૂરો દિવસ :**

જ્યારે પણ લોકો કોઈ વસ્તુ પર વાહ વાહ કરે છે તો સમય તેના માટે એક ખરાબ દિવસને છુપાવી રાખે છે.

**(૨૮૭) કઝા અને કદર :**

આપને કઝા અને કદર (પ્રારબ્ધ) વિશે પૂછવામાં આવ્યું તો ફરમાવ્યું કે આ એક અંધારો માર્ગ છે તેના પર ન ચાલો અને એક ગાઢ સમંદર છે તેમાં દાખલ થવાની કોશિશ ન કરો અને એક અલ્લાહનો ભેદ છે એટલે તેને જાણવાની મહેનત ન કરો.

**(૨૮૮) ઈલ્મથી વંચિતતા :**

જ્યારે પરવરદિગાર કોઈ બંદાને હડધૂત કરવા ચાહે છે તો તેને ઈલ્મ અને વિદ્વતાથી વંચિત કરી દે છે.

**(૨૮૯) એક દીની ભાઈનાં વખાણ :**

ગત જમાનામાં મારો એક ભાઈ હતો જેનું મહત્વ મારી દૃષ્ટિમાં એટલા માટે હતું કે દુનિયા તેની નજરમાં તુચ્છ હતી અને તેના પર પેટનું રાજ નહોતું. જે વસ્તુ નહોતી મળતી તેની ઈચ્છા કરતો ન હતો અને જ મળી જતું હતું તેનાથી વધારે વાપરતો નહોતો. મોટા ભાગે ચૂપ રહેતો હતો અને બોલતો હતો તો બધા બોલવાવાળાને ચૂપ કરી દેતો હતો. માગણોની તરસને છીપાવી દેતો હતો અને દેખાવમાં લાચાર અને દુબળો હતો પરંતુ જ્યારે જેહાદનો મોકો આવી જતો તો એક જંગલના શેરની જેમ શૂરવીર અને અજગરની જેમ બની જતો હતો. કોઈ દલીલ રજૂ નહોતો કરતો જ્યાં સુધી તે નિર્ણયાત્મક ન હોય અને જે વાતમાં બચાવની શક્યતા રહેતી હતી તેના પર કોઈને ઠપકો આપતો ન હતો. જ્યાં સુધી બચાવ સાંભળી ન લે કોઈ દર્દની શિકાયત કરતો નહોતો. જ્યાં સુધી તેનાથી તંદુરસ્ત ન થઈ જાય. જે કરતો હતો એ જ કહેતો હતો અને

**સુલ્હ હો કે જંગ - બન્નેમાં શુજાઅત એક છે,**
**જોઈ લો શબ્બર કે શબ્બરની નિશાની જોઈ લો.**

**આંખનાં આંસુઓ સારી, આંસુઓની આંખથી,**
**મજલિસોમાં હાજરી મા ફાતેમાની જોઈ લો.**

જે કરી શકતો નહોતો તેને કહેતો જ નહીં. જો બોલવામાં તેના પર વિજયી થઈ શકાય તો ચૂપકીદીમાં તેના પર કોઈ વિજય પામી શકતું ન હતું. તે બોલવાથી વધારે સાંભળવાની ઈચ્છા રાખતો હતો. જ્યારે તેની સામે બે પ્રકારની વસ્તુઓ આવતી અને એક ઈચ્છાની વધારે નજીક હોતી તો તેની જ વિરૂધ્ધતા કરતો હતો. એટલે તમે બધા પણ આ જ સંસ્કાર અપનાવો અને તેની જ ચિંતા કરો અને જો નથી કરી શકતા તો યાદ રાખો કે થોડું ય અપનાવી લેવું મોટા ભાગને છોડી દેવા કરતાં વધારે સારું છે.

**(૨૯૦) ગુનાહનો ત્યાગ :**

જો ખુદા અવગણના પર અઝાબની ચેતવણી ન પણ આપત તો પણ જરૂરી હતું કે નેઅમતોનો ઉપકાર માનવા ખાતર અવજ્ઞા ન કરવામાં આવે.

**(૨૯૧) શોક પ્રદર્શન :**

અશઅસ બિન કૈસને તેના પુત્રનો પૂરસો દેતાં ફરમાવ્યું, અશઅસ ! જો તમે તમારા પુત્રના ગમમાં શોકગ્રસ્ત છો તો તેના સગપણનો હક છે પણ જો સબ્ર કરી લો તો અલ્લાહની પાસે દરેક મુસીબતનો એક અજ્ર છે.

અશઅસ ! જો તમે સબ્ર કરી લીધી તો અલ્લાહની કઝા અને કદર એ સ્થિતિમાં જારી થશે કે તમે અજ્રના હકદાર બનશો અને જો તમે ફરિયાદ કરી તો અલ્લાહની કદર એ સ્થિતિમાં જારી થશે કે ગુનાહનો બોજ તમારા માથે હશે.

અશઅસ ! તમારા માટે પુત્ર આનંદનું કારણ હતો જ્યારે કે તે એક કસોટી અને પરીક્ષા હતો અને શોકનું કારણ બની ગયો જ્યારે કે તેમાં સવાબ અને રહેમત છે.

**(૨૯૨) કબ્રે રસૂલ(સ.) પર :**

પયગમ્બરે ઈસ્લામ(સ.)ને દફનાવતી વખતે કબ્રની પાસે ઊભા રહીને ફરમાવ્યું,

સબ્ર દરેક સંજોગોમાં શ્રેષ્ઠ વસ્તુ છે પણ આપની મુસીબત સિવાય અને પરેશાની અને વિહ્વળતા ખરાબ વસ્તુ છે પણ આપની વફાતની અલાવા. આપનું દુઃખ ઘણું મોટું છે અને આપની પહેલાં તથા આપના પછી બધાં દુઃખો આસાન છે.

**(૨૯૩) બેવકૂફની દોસ્તી :**

મૂર્ખની દોસ્તી ન અપનાવો કેમકે તે પોતાના અમલને સુંદર બનાવી રજૂ કરશે અને તમારાથી પણ એવા અમલની માગણી કરશે.

**(૨૯૪) મગરિબ અને મશરિક વચ્ચે અંતર :**

આપને પૂર્વ અને પશ્ચિમના અંતર વિશે સવાલ કરવામાં આવ્યો તો ફરમાવ્યું, સૂર્યનો એક દિવસનો રસ્તો. *


ફોન : ૨૫૬૨૦૧૮૦
મો. ૯૪૨૬૩૨૮૫૭૦

સરહિંદ
રેફ્રીજરેશન સર્વિસ

ડીપ ફ્રીઝ, વર્ટીકલ ફ્રીઝ, બોટલ કુલર તેમજ વૉટર કુલર ઊંચી ગુણવત્તા અને વ્યાજબી ભાવે બનાવનાર તેમજ રીપેરીંગ અને સર્વિસ સંતોષકારક રીતે કરી આપનાર

મળો જૂના અને જાણીતા
☞ બશીરભાઈ
દિલ્હી ચકલા, ઘી કાંટા રોડ,
આર. સી. હાઈસ્કૂલની પાસે, અમદાવાદ.


**કરબલામાં એ રીતે ઉપવન ખિલાવે છે હુસૈન,**
**બંધ છે જો પાણી તો લોહી વહાવે છે હુસૈન.**

**આ સિતમની હદ જુઓ - ઘેરે છે લશ્કર લાખનું,**
**સાથીઓ બોતેર લઈને જ્યારે આવે છે હુસૈન.**

# સર્વશ્રેષ્ઠ સ્મરણ

મૌલાના ઓબયદુલ્લાહ
અમૃતસરી દ્વારા સંપાદિત
**'અર્જહુલ મતાલિબ'**નો અનુવાદ

## જનાબે અમીર(અ.)ના અમલી ફઝાએલનું વર્ણન

### જંગે સિફ્ફીનમાં જનાબે અમીર(અ.)ની શુજાઅત

(ગતાંકનું ચાલુ)

બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ

ખુદાના બંદા અમીરુલ મોમિનીન અલી તરફથી ઝૈદ બિન હસીન અને અબ્દુલ્લાહ બિન વહબ અર્રાબી - અને અબ્દુલ્લાહ બિન અલકવી, વગેરેને માલૂમ થાય કે એ ન્યાયકર્તાઓએ અલ્લાહની કિતાબના વિરૂધ્ધ વર્તન કર્યું છે અને ખુદાની હિદાયતને છોડી દઈને હુકૂમતમાં પોત પોતાની ઈચ્છાઓનું અનુસરણ કર્યું છે અને આં હઝરત(સ.)ની સુન્નત પર અમલ કર્યો નથી. કુરઆનના હુકમના આજ્ઞાપાલક નથી બન્યા. જે વખતે તમારી પાસે મારો આ પત્ર પહોંચે કે તરત જ તમે મારી પાસે ચાલ્યા આવો કેમકે અમે અમારા અને તમારા દુશ્મનો તરફ જવાના છીએ અને એ પહેલા કાર્ય ઉપર અડગ છીએ કે જેના ઉપર પહેલાં અડગ હતા.

ખારજીઓએ જનાબે અમીર(અ.)ના પત્રનો જવાબ આવો આપ્યો કે - અમ્માદ બા'દ આપે પોતાના ખુદાની સાથે જબરદસ્તી નથી કરી પરંતુ આપે પોતાના ઉપર બળજબરી કરી છે. આપે પોતાના જીવમાં કુફ્ર કર્યું છે. જો આપે તૌબા કરી લીધી હશે તો અમે વિચાર કરીશું કે અમારે આપની સાથે કેવો વર્તાવ કરવો જોઈએ. આ પત્ર વાંચ્યા પછી જનાબે અમીર તેમના તરફથી નિરાશ થઈ ગયા અને વિચાર કર્યો કે એમનો પીછો છોડી દેવામાં આવે અને શામવાળાઓ સાથે લડવું જોઈએ. એટલા માટે આપ કુફાના લોકોને ખુત્બો સંભળાવવા માટે ઊભા થયા અને ખુદાની સિફતો અને પ્રશંસા પછી ફરમાવ્યું કે જેણે જિહાદ કરવાનું છોડી દીધું અને ખુદાના હુકમના પાલનમાં આળસ કરી તે હલાકતના કિનારાની નજીક છે, સિવાય એ વ્યક્તિના કે જેના માટે અલ્લાહ તઆલા પોતાની નેઅમતોથી રોકે. માટે તમે લોકો ખુદાથી ડરો અને જે માણસ ખુદાથી વાંકો ચાલે છે અને ખુદાની રોશનીને હોલવી નાખવા ઈચ્છે છે એની સામે લડો અને તે ખયાનત કરનારાઓ અને ગુમરાહોની સાથે જંગ કરો કે જેમને અગર વિલાયત મળી જાય તો ટુકડાઓમાં કે આખે આખાં કરતૂતોનું અનુસરણ કરવામાં ગર્વ સમજે છે. હવે તમારા દુશ્મનો સામે લડવા માટે તૈયાર થઈ જાઓ. અમે તમારા ભાઈઓને - બસરાવાળાઓને લખીને મોકલ્યું છે કે તેઓ તમારા દુશ્મનો સાથેની લડાઈમાં તમારી પાસે પહોંચી જાય. ઈન્શાઅલ્લાહ તઆલા તેમના પહોંચી ગયા પછી આપણે પણ રવાના થઈ જઈશું.

એ દિવસોમાં જનાબે અમીર(અ.) તરફથી બસરાના હાકિમ ઈબ્ને અબ્બાસ હતા. આપે તેમના તરફ પત્ર રવાના કરી દીધો કે અમે શહેરમાંથી બહાર નીકળીને નમ્હીલામાં ફોજની પાસે પહોંચી ગયા છીએ. દુશ્મનો સામે જંગ કરવાનો અમારો વિચાર થયો છે. બસરાવાસીઓમાંથી જે ખાસ માણસો આપણી સાથે શામેલ થવા ઈચ્છતા હોય, તેમને પણ તમે તમારી સાથે લાવજો. વસ્સલામ.

ત્યાર પછી આપે દરેક કબીલાના સરદારોને

**મોકલે છે ભાઈને મેદાન બદલે નહેર પર,**
**એવી રીતે દુશ્મનોને પણ બચાવે છે હુસૈન.**

**ઝિંદગીને જીતવામાં છે જવાનીની જરૂર,**
**મોત માટે એમ અકબરને સજાવે છે હુસૈન.**

લખાણ મોકલ્યું કે તેઓ પોતાના કુટુંબના બહાદુરોને અને ગુલામોને લઈને લશ્કરમાં પહોંચી જાય. તેના ફળ સ્વરૂપે સૌથી પહેલાં સાઅદ બિન કૈસ અલ હમ્દાનીએ આવીને અરજ કરી, યા અમીરુલ મોમિનીન ! હું ખુશીથી સૌથી પહેલાં હાજર થયેલો છું. તેમના પછી મોઅકલ બિન કૈસ અને અદી બિન હાતિમ અલતાઈ પોતાની કોમના બુઝુર્ગો અને કબીલાઓની સાથે ખિદમતમાં હાજર થયા જેમની સંખ્યા ચાલીસ હજાર હતી. એ સિવાય સોળ હજાર જેટલા ગુલામોનો સમુદાય હતો. આપે મદાયનમાં સાઅદ ઈબ્ને મસઉદને પણ લખી મોકલ્યું હતું કે લડાઈના માટે શક્ય હોય એટલા બહાદુરો લશ્કરમાં મોકલી દેવામાં આવે.

એવામાં જનાબે અમીર(અ.)ને એવી ખબર મળી કે લશ્કરના લોકો એવું કહે છે કે અગર અમારી સાથે શરીક થઈ જાય તો અમે એ હુરૂરિયાથી જંગ કરીને નિર્ણય કરી લઈએ કે જ્યારે અમે તેમની સાથે પતાવટ કરી લઈશું ત્યાર પછી શામના લોકો સાથે લડવાનો નિશ્ચય કરીશું. આપે લશ્કરવાળાઓને ફરમાવ્યું, તમે એ ખારજીઓનો પીછો છોડી દો અને મારી સાથે મોઆવિયા અને શામવાસીઓ તરફ ચાલો કે તેમની સાથે જંગ કરવામાં આવે જેથી તેઓ ખુદાની જમીન ઉપર ઉપદ્રવી ન બની જાય, ખુદાના બંદાઓને પોતાના સેવકો ન બનાવી દે.

લોકોએ મોટા અવાજે અરજ કરી, યા અમીરુલ મોમિનીન ! અમે આપના અન્સાર અને શીઆહ અને આપના અનુયાયીઓ છીએ. અમે આપના દુશ્મનોના દુશ્મન અને આપના દોસ્તોના દોસ્ત છીએ અને આપનું અનુસરણ કરનારાઓને અનુસરનારા છીએ. ભલેને પછી તેઓ કંઈ જુદુ જ કહેતા હોય પણ તેઓ આપની ઈચ્છાને અનુસરતા હોવા જોઈએ. આપ અમને લઈ ચાલો.

જનાબે અમીર(અ.)ની સાથે આવી વાતચીત

## સ્વર્ગના સરદાર

**જનાબ સૈયદ આરિફહસન જાફરી(સિધ્ધપુર)**

સ્વર્ગના યુવાનોના સરદાર છે,
સર્વે મોમિનોના એ તો પાલનહાર છે.
સુંદર સશક્ત મજબૂત સિંહ જેવો,
ભાઈ તો લશ્કરનો અલમદાર છે.
તરસી ભાઈની દીકરી માટે જીવ આપી દે,
કુટુંબીજનો માટે એવો વફાદાર છે.
દુ:ખી થઈ જેણે હુસૈનનો સોગ પાળ્યો,
પ્રભુથી મળ્યો એને તો ઉપહાર છે.
ભાઈ બંધુ પ્રત્યે પ્રેમ આદર રાખવો,
કરબલાથી મળેલ આ મને સંસ્કાર છે.
ખૈબરને બે આંગળીથી ઊંચકીને અલીએ,
લોકોને શક્તિનો બતાવ્યો ચમત્કાર છે.
અરે ! છ માસના બાળકની ગરદન વિંધી,
શત્રુઓ ! આ કેવો વિચિત્ર અત્યાચાર છે.
હુસૈનના કુટુંબ કબીલા પર ત્રાસ ગુજારનાર,
પાપી બસ હવે સંપૂર્ણપણે નિરાધાર છે.
લાગણીનો દાવો કરી આમંત્રણ આપી ફરી ગયા,
મુનાફિક પાપી તારા પર તો અલ્લાહનો ફીટકાર છે.
દુ:ખ રૂપી તડકામાં સુખ માટે કરબલા,
નિ:સંદેય મહાકાય વૃક્ષ ઘટાદાર છે.

થઈ જ રહી હતી તેવામાં આપને ખબર મળી કે ખારજીઓએ આક્રમણ કરીને આં હઝરત(સ.)ના સહાબી અબ્દુલ્લાહ બિન અલ ખબાબ બિનુલ અરસ(રઝી.)ને શહીદ કરી દીધા છે અને તેમની બીબીને હમલ હતું તેમનું પેટ ચીરી નાખ્યું છે અને આ સિવાય બીજી ત્રણ સ્ત્રીઓને કતલ કરી દીધી છે અને ઉમ્મુલ સિનાન અલ સૈદને પણ મારી નાખેલ છે. આપે હારિસ બિન મુર્તલ અબ્દીને ખારજીઓની તરફ રવાના કર્યા અને આ સમાચારની સચ્ચાઈ અંગે પૂછપરછ કરીને લખી મોકલ્યું અને કોઈ બાબત લખ્યા વગર ન છોડી. (ક્રમશ:)

**એ બતાવે છે કે એને જંગમાં લડવું નથી,
જંગમાં બાળક અલી અસગરને લાવે છે હુસૈન.**

**ત્રણ દિવસની પ્યાસ છે ને તે છતાં ડગતા નથી,
એ રીતે સચ્ચાઈનું પાણી બતાવે છે હુસૈન.**

# જ્ઞાન ગોષ્ઠિ

: સંપાદક :

'મોમિન રત્ન'

## ઈસ્લામી શિષ્ટાચાર

### વિશ્વાસઘાત

(ગતાંકનું ચાલુ)

**વેપારની ચીજ વસ્તુઓમાં ભેળસેળ :**

- ભેળસેળ કરવી એટલે કે કોઈ વસ્તુને અશુધ્ધ બનાવવા મિલાવટ કરવી અથવા તો વસ્તુની ગુણવત્તાને ઘટાડવી.
- વેપારમાં ભેળસેળ કરવી એટલે કે જે વસ્તુને આપણે વેચતા હોઈએ તેને અશુધ્ધ બનાવવી અથવા તો તેના મૂલ્યમાં કોઈ રીતે ઘટાડો કરવો.
- આવું કરવું એ એક પ્રકારની છેતરપીંડી છે, વિશ્વાસઘાત છે.
- આવું કરવું હરામ છે, કેમકે -
  (૧) જે માણસ છેતરપીંડી કરે છે અને જે કમાય છે તે બીજાના ભોગે કમાય છે.
  (૨) જે માણસ છેતરપીંડી કરે છે તે પરિશ્રમ કર્યા વગર કમાય છે.
- તોલ માપમાં ઓછું આપવું એ પણ એક પ્રકારની છેતરપીંડી છે.
- કોઈ માણસ ચોખા ખરીદવા માટે બજારમાં આવે અને તેને વજનકાંટા પર તોલવામાં આવે. જો સિફતપૂર્વક ત્રાજવામાં માલ ઓછો તોલવામાં આવે જેથી ખરીદનાર ઓછા ચોખા મેળવે તો તે ખરીદનાર ઓછા ચોખાના વધારે પૈસા ચૂકવે છે. પરિણામે વેપારી વધારાના પૈસા કમાય છે અને ખરીદનાર એટલા પૈસા ગુમાવે છે અને તે પૈસા હરામના છે.
- છેતરપીંડીની બાબતમાં એક બાબત તો ચોક્કસ છે જ કે આપણે ગમે તેટલા માણસોને છેતરીએ અને ખૂબ સિફતથી આપણે છેતરીએ, પરંતુ આપણે આપણી જાતને કે અલ્લાહને છેતરી શકતા નથી. જો આપણે કોઈને છેતરીએ તો આપણો આત્મા તો આ છેતરપીંડીને તરત જ જાણી જશે.
- કુરઆને મજીદમાં અલ્લાહ તઆલા હઝરત શોએબ(અ.)ના શબ્દોમાં લોકોને આ મુજબ ફરમાવે છે : (સૂરા-૭, આયત-૮૫)

**'અય મારી કોમ ! માપ તોલમાં ન્યાયપૂર્વક વર્તો અને લોકોને આપવાની વસ્તુઓમાં કમી કરો નહીં.**

- કુરઆને મજીદની અન્ય આયતો :
  **(૧) અફસોસ છે તે લોકો માટે કે જેઓ (તોલ માપમાં) ઓછું આપે છે.**
  **(૨) જેઓ જ્યારે લોકો પાસેથી (અનાજ, વગેરે) માપીને લે છે ત્યારે પૂરેપૂરું (માપીને) લે છે.**
  **(૩) અને જ્યારે તેમને માપીને કે જોખીને આપે છે ત્યારે ઓછું આપે છે.**

(સૂરએ મુતફફેકીન, આયત-૧ થી ૩)

**અને જ્યારે માપ કરો ત્યારે માપ પૂરું આપો અને સાચા ત્રાજવા વડે જોખો; એ જ (તમારા માટે) સારું છે અને પરિણામે પણ તે બેહતર છે.**

(બની ઈસરાઈલ-૩૫)

આ અંગેની કેટલીક હદીસો જોઈએ.

(૧) અય તોલનારાઓ ! વજન કરો ત્યારે પલ્લાને ઝુકાવીને આપો.

(૨) જ્યારે તોલીને આપો ત્યારે પલ્લું ઝુકેલું હોય.

-હઝરત રસૂલે ખુદા(સ.)

(૩) તોલમાં વફાદારી એ વખતે ગણાય કે જ્યારે

**એક જંગ છે ને એનો હંસીમાં જવાબ છે,**
**અસગરની કમસીનીમાં અલીનો શબાબ છે.**

**તો પણ ભરી દીધી છે બધાં દિલમાં ચાંદની,**
**નહીં તો હજી તો બીજનો એ માહતાબ છે.**

પલ્લું ઝુકાવીને આપવામાં આવે.

- કયામતના દિવસે આપણે અલ્લાહને જવાબ આપવાનો છે અને અલ્લાહના અદલના ત્રાજવા અનુસાર આપણો ન્યાય આપણાં સત્કૃત્યો અને દુષ્કૃત્યો અનુસાર કરવામાં આવશે. છેતરપીંડી તો સૌથી વધારે વજનદાર ગુનાહોમાંથી એક છે.

## કર્ઝે હસ્ના

- કર્ઝે હસ્ના એટલે જેમને સહાયની જરૂર હોય તેમને કર્ઝ આપવું, વ્યાજ મુક્ત લૉન આપવી.
- ઈસ્લામ ધર્મમાં આ એક ફરજ પણ છે અને એકતાની ભાવના પણ છે કે જેનાથી બધા મુસલમાનો બંધાયેલા છે અને ફરજની આ ભાવના એટલી બધી મજબૂત હોવી જોઈએ કે આ ફરજને બજાવવા માટે ભૌતિક ચીજ વસ્તુઓને પણ બાજુએ મૂકી દેવી જોઈએ.
- જો કોઈ માણસ એવો હોય કે જેનામાં સફળતા પ્રાપ્ત કરવાની શક્તિ હોય અને જેણે સારો અને લાભપ્રદ ધંધો રોજગાર કર્યો હોય તો તેણે અલ્લાહનો આભાર એટલા માટે માનવો જોઈએ કે અલ્લાહે તેને જીવનમાં એવી તકો પૂરી પાડી છે કે જેના લીધે તેને સફળતા મળી છે.
- આ માટેનો અલ્લાહનો આભાર માત્ર શબ્દોમાં કે ઈબાદત દ્વારા જ વ્યક્ત કરવો ન જોઈએ પરંતુ કાર્યો દ્વારા પણ આભાર વ્યક્ત કરવો જોઈએ. અલ્લાહનો આભાર માનવાની સારામાં સારી રીત છે એવાં કાર્યો કરવાં કે જેથી માનવજાતને મદદ મળી રહે કેમકે અલ્લાહને તો કોઈ ચીજ વસ્તુની આવશ્યકતા છે જ નહીં.
- જેમને જરૂર હોય તેવા લોકોને પૈસા ઉછીના આપવાની વિચારધારાને અલ્લાહે પોતાને પૈસા ઉછીના આપવા બરાબર બાબત ગણી છે.

કુરઆનમાં અલ્લાહ તઆલા ફરમાવે છે :

**'કોણ એવો છે કે જે અલ્લાહને કર્ઝ આપે કે જેને તે અનેકગણું વધારીને પરત આપશે...'**

- આપણે હંમેશાં એ બાબત યાદ રાખવી જોઈએ કે આપણે અલ્લાહને ઉછીના પૈસા આપ્યા હશે તો તે અનેકગણા વધારીને આપણને પાછા આપશે.
- વળી અલ્લાહ તઆલા કુરઆનમાં સૂરા-૬૪, આયત-૧૭માં ફરમાવે છે :

**'જો તમે અલ્લાહને કર્ઝે હસ્ના આપશો તો તે તમને તમારા આમાલનામામાં બમણી કરીને આપશે અને તે તમારા ગુનાહોની માફીનો સ્વીકાર કરશે કેમકે અલ્લાહ તમારી ખિદમતની પ્રશંસા કરવા હંમેશાં તૈયાર જ હોય છે.'**

- અલ્લાહ તઆલાએ આપણને જીવનમાં સફળ થવાની તકો પૂરી પાડી હોય તો આપણે પણ અન્ય લોકોને આવી તકો પૂરી પાડવા બહાર નીકળવું જોઈએ.
- જો કોઈ માણસ આપણી પાસે આવે અને આપણી પાસે નાણાંકીય મદદની અથવા તો બીજી કોઈ મદદની માગણી કરે તો તેની મદદ કરવી એ આપણી ફરજ બને છે. આપણે તેને જરૂર હોય તેટલી રકમનું કર્ઝ જો આપણી પાસે સગવડ હોય તો આપવું જોઈએ અને શક્ય હોય તો વધારાની મદદ પણ કરવી જોઈએ.
- જો કે એક બીજાને મદદ કરવાની આ ફરજ પારસ્પરિક છે. ઈસ્લામ ધર્મે કર્ઝે હસ્નાની સુવિધા પૂરી પાડી છે જેથી કરીને આખો સમાજ વિકાસ પામે અને આબાદ થાય, અને સાથે સાથે વધારે સંગઠિત પણ બને. આથી જે માણસ કર્ઝે હસ્ના મેળવે એટલે કે બીજાની પાસેથી પૈસા ઉછીના મેળવી તેણે પણ શક્ય હોય એટલી ઝડપથી આ

★★★ જબસે સૂના હૈ કે મરનેકા નામ ઝિંદગી હૈ,
સર પે કફન લપેટે કાતિલકો ઢુંઢતે હૈ. ★★★

(જ્યારથી સાંભળ્યું છે કે મરવાનું નામ જ જિંદગી છે ત્યારથી
માથા ઉપર કફન લપેટીને કાતિલને શોધીએ છીએ.)

કર્ઝ ભરપાઈ કરી દેવાનો ઈરાદો રાખવો જોઈએ અને આ કાર્યમાં તેણે વિલંબ કરવો ન જોઈએ. જો કોઈ માણસ આ સુવિધાનો દુરૂપયોગ કરશે તો તે આ પધ્ધતિનો લાભ ઉઠાવશે ખરો પણ બીજાઓ માટે મુશ્કેલીઓ પેદા કરશે.

- કર્ઝે હસ્ના આપવા પાછળની સંકલ્પના શું છે ? આ કાર્ય શા માટે આટલું બધું અગત્યનું છે ?
- આપણામાં કહેવાય છે કે ઘરમાં આપણા સ્વજનનું મૃત્યુ થયું હોય તો પણ આપણે રાત્રે ઊંઘવામાં સફળતા પ્રાપ્ત કરી શકીશું પરંતુ જે દિવસે આપણા પૈસા ખોવાઈ ગયા હોય તે રાત્રે આપણને ઊંઘ નહીં આવે.
- ઉપરોક્ત બાબત માણસના હ્રદયમાં રહેલા ખાસ દુર્ગુણો જેવા કે લોભ, સ્વાર્થ વગેરે ઉપર પ્રકાશ ફેંકે છે. જો કોઈ માણસ કોઈ પણ જાતના નફાના વળતર વગર સારી એવી રકમનું કર્ઝ આપે તો સમજી લેવું કે તેણે આવા દુર્ગુણો ઉપર વિજય મેળવ્યો છે.
- આવા માણસે પોતાના હાથમાંથી પૈસા જવા દઈને બીજા લોકોને સફળ થવાની તક આપીને સ્વાર્થ ઉપર વિજય મેળવ્યો છે.
- તેણે લોભ ઉપર પણ વિજય મેળવ્યો છે કારણ કે તે જાણે છે કે તે પૈસા ઉછીના આપીને કંઈ કમાણી નહીં કરે કારણ કે તેના માટે વ્યાજ લેવું હરામ છે.
- આપણે આપણી કોમને અને માનવજાતને મદદ કરવી જ જોઈએ એવું વિચારીને કે આવતી કાલે કદાચ આપણે આ પૃથ્વી ઉપર જીવતા ન પણ હોઈશું પરંતુ આપણું આમાલનામું તો ખુલ્લું જ રહેશે. જો આપણે આપણી પાછળ એવા લોકોને છોડીને જઈશું કે જેઓ તેમને મદદ કરવા માટે આપણને યાદ કરતા રહેશે તો આપણે મર્યા પછી પણ તેમની દુઆઓ મેળવતા રહીશું. એનાથી ઉલ્ટું, લોકોને ફક્ત યાદ રહેશે તો આપણી હલકટતાની યાદ રહેશે, પછી કયામતના દિવસે આપણે દુનિયામાં ભેગી કરેલ ધન દોલત શું કામમાં આવશે? ✻

**G. K. Corner Solution 112**

(૧) હૈદરાબાદ (૨) લૂઈ પાશ્ચર (૩) CPU (૪) સાયકોલૉજી (૫) વ્હેલ માછલી (૬) છ (૭) કેસર કેરી

## નુસ્ખા

**ઝાડા-મરડો**

✻ ગાજરનો રસ પીવાથી ઝાડા બંધ થાય છે.

✻ ચીકુની છાલનો ઉકાળો પીવાથી ઝાડા બંધ થાય છે.

✻ ખજૂરના ઠળિયાની રાખ કરીને ઠંડા પાણી સાથે પીવાથી ઝાડા બંધ થાય છે.

✻ એલચીના છોતરાની રાખ મધમાં ચાટવાથી ઝાડા બંધ થાય છે.

✻ સહેજ ગરમ પાણીમાં થોડુ મીઠું અને લીંબુનો રસ પીવાથી ઝાડા અને મરડો મટે છે.

✻ તુલસીનાં પાંચ પાન અને સંચળ બે ગ્રામ, ૫૦ ગ્રામ દહીમાં મેળવીને ખાવાથી ઝાડા અને મરડો મટે છે.

✻ માખણ, મધ અને ખડીસાકર મેળવીને ખાવાથી મરડો મટે છે.

✻ કેરીની ગોટલાનું ચૂર્ણ છાશ અથવા ચોખાના ઓસામણમાં લેવાથી મરડો મટે છે. (ક્રમશઃ)

## ટચૂકડી વાત

એક સજ્જન પોતાના મિત્રને બતાવી રહ્યા હતા,

'જ્યારે હું સૂટ પહેરીને શાક માર્કેટમાં જાઉં છું તો શાકભાજીવાળો મને મોંઘી શાકભાજી આપે છે અને જ્યારે જૂનાં કપડાં પહેરીને જાઉં છું તો મને સસ્તી શાકભાજી મળે છે.'

આ સાંભળીને મિત્ર બોલ્યો,

'કાલે તમે હાથમાં ભિક્ષાપાત્ર લઈને જજો આપને શાકભાજી બિલકુલ મફત મળશે. ✻

ફારસીના મહાન કવિ શેખ સાઅદીની

# શાયરીનો રસાસ્વાદ

## 'ગુલિસ્તાન'માંથી પસંદ કરેલ પંક્તિઓ

### Humility (વિનમ્રતા)

گر گزندت رسد تحمّل کن
که به عَفو از گناه پاک شَوی
ای برادر! چو خاک خواهی شُد
خاک شو پیش از آنکه خاک شَوی

**ગર ગઝનદતા રસદ તાહમ્મુલ કુન**
**કે બો અફ્વ અઝ ગુનાહ પાક શવી**
**અય બિરાદર ! ચૂ ખાક ખ્વાહી શુદ**
**ખાક શૂ પેશ અઝ આન્કે ખાક શવી**

(જો તમારે કોઈ નુકસાન વેઠવાનો વારો આવે તો તેને ધીરજપૂર્વક વેઠી લો જેથી તમારા ગુના માફ થઈ જાય. અય બંધુ ! તારે પણ એક દિવસે માટીમાં ભળી જવાનું છે એ કારણે તું પણ માટીમાં ભળી જાય એ પહેલાં ધરતીના જેવી વિનમ્રતા ધારણ કરી લે.)

اگر خود بردَرَد پیشانیِ پیل
نه مرد است آنکه در وی مَردُمی نیست
بنی آدم سرشت از خاک دارد
اگر خاکی نباشد، آدمی نیست

**અગાર ખુદ બાર દરદ પેશાની પીલ**
**ન મરદ અસ્ત આન્કે દર વી મર્દુમી નીસ્ત**
**બાની આદમ સરશત અઝ ખાક દારદ**
**અગર ખાકી નબાશદ આદમી નીસ્ત**

(જો કોઈ હાથીના કપાળ ઉપર જોરદાર પ્રહાર કરવા સમર્થ હોય તો તેને બહાદુર ગણવામાં નહીં આવે, જો તે માનવીય ગુણો ધરાવતો ન હોય તો. આદમની ઓલાદને માટીમાંથી પેદા કરવામાં આવેલ છે અને જો તેઓ વિનમ્ર હોય જ નહીં તો તેઓ (સાચા અર્થમાં) માનવી છે જ નહીં.)

شخصم به چشم عالمیان خوب منظر است
وز خُبثِ باطنم سرِ خجلت فتاده پیش
طاووس راَ به نقش ونگارَی که هست، خلق
تحسین کنند و، او خجل ازپای زشتِ خویش

**શખ્સમ બે ચશ્મ આલમીયાન ખૂબ મંઝર અસ્ત**
**વઝ ખુબસ બાતિનમ સરે ખિજલત ફતાદા પેશ**
**તાવૂસ રા બે નકશો નિગારી કે હસ્ત ખલક**
**તેહસીન કુનનદ વ ઓ ખિજલ અઝપાયી ઝિસ્તે ખવીશ**

(ભલેને હું લોકોની નજરે સુંદર દેખાતો હોઉં પરંતુ મારી કિન્નાખોરીને લીધે મારું મસ્તક શરમથી ઝૂકી જાય છે. લોકો તેનાં રંગીન પીછાંની સુંદરતા માટે મોરની પ્રશંસા કરતા હોય છે પરંતુ મોર પોતાના કદરૂપા પંજાઓને લીધે શરમ અનુભવે છે.)

### Hunger (ભૂખ)

کوفته بر سفرهٔ من گو مباش
گرسنه را نان تهی کوفته است

**કુફતા બાર સુફરાએ મન ગૂ મબાશ**
**ગર સના રા નાન તાહી કુફતા અસ્ત.**

(જો મારા દસ્તરખ્વાન ઉપર ગોશ્તની બોટીઓથી ભરેલી પ્લેટ મૂકવામાં ન આવી હોય તો તેની મને જરા પણ પરવા નથી. ભૂખ્યા માણસ માટે તો સાદી રોટલી પણ ગોશ્તની બોટીઓથી ભરેલી પ્લેટના જેવી જ છે.)

گوش تواند که همه عمر وی
نشنود آواز دف و چنگ و نی
دیده شکیبد ز تماشای باغ
بی گل و نسرین بسر آرد دماغ

**જે ધરમ છે તે અમસ્થો ફૂલતો ફળતો નથી,**
**કેટલી કુરબાનીઓના બીજ વાવે છે હુસૈન.**

**જાલિમોએ એમના ખૈમા જે સળગાવી દીધા,**
**વિશ્વ માટે દીપ એમાંથી જલાવે છે હુસૈન.**

ور نبود بالش آکنده پَر
خواب توان کرد، خزف زیر سر
ور نبود دلبر همخوابه پیش
دست توان کرد در آغوش خویش
وین شکم بی هنر پیچ پیچ
صبر ندارد که بسازد به هیچ

**ગોશ તવાનદ કે હમા ઉમર વી**
**નશનવદ આવાઝે દફ વ ચંગ વ ની**
**દીદા શકીબદ ઝ તમાશાઈ બાગ**
**બીગલ વ નસરીન બસર આરદ દિમાગ**
**વર નબૂદ બાલિશ આ કુનદા પર**
**ખ્વાબ તવાન કર્દ, ખઝફ ઝેરે સર**
**વર નબૂદ દિલબર હમ ખવાબા પેશ**
**દસ્તો તવાન કર્દ દર આગોશે ખવીશ**
**વૈન શિકમ બી હુનર પેચ પેચ**
**સબ્ર નદારદ કે બસાઝદ બો હેચ**

(કાનને આખી જિંદગી સુધી ખંજરીનો, તંબુરાનો કે વાંસળીનો અવાજ સાંભળ્યે રાખવાનું પાલવી શકે તેમ નથી. આંખ બગીચાનાં સુંદર દૃષ્યોને જોયા વગર રહી શકે છે અને મગજને ગુલાબ કે જંગલી ફૂલોની સુગંધ સૂંઘ્યા વગર ચાલી શકે છે. જો પીંછાંનું નરમ નરમ ઓશિકુ ન હોય તો પણ મસ્તકને માટીના વાસણનો ટેકો ચાલી શકે છે. જો પથારીમાં બાજુમાં પ્રેયસી ન હોય તો માણસ તેના વગર આલિંગન કરી શકે છે પરંતુ ખાલી પેટ ભૂખની વ્યથા ધીરજપૂર્વક સહન કરી શકતું નથી.)

ای سیر ترا نان جوین خوش ننماید
معشوق من است آنکه به نزدیک تو زشت است
حورانِ بهشتی را دوزخ بود اعراف
از دوزخیان پُرس که اعراف بهشت است

> **રાખવું છે એને તો અલ્લાહના ઘરને સભર,**
> **એટલે નિજના ભર્યા ઘરને લૂંટાવે છે હુસૈન.**

**અય સૈર તરાનાન ! જવીન ખુશ નનમાયદ**
**મા'શૂક મન અસ્ત આન્કા બે નઝદીક તૂ ઝિસ્ત અસ્ત**
**હૂરાને બેહિશ્તી રા દોઝખ બૂદ એઅરાફ**
**અઝ દૂઝખયાન પુર્સ કે એઅરાફ બેહિશ્ત અસ્ત.**

(અય ધરાયેલા (માણસ) ! જવની રોટલી તને આકર્ષક નહીં દેખાય. જો કે તને તે રોટલી કદરૂપી ભલે લાગતી હોય છતાં તે રોટલી મારા માટે તો પ્રેયસી (સમાન) છે. જન્નતની અપ્સરાઓની દૃષ્ટિએ એઅરાફની જગ્યા નર્ક જેવી છે. જહન્નમમાં પડેલાઓને પૂછો તો તેઓ કહેશે કે એઅરાફની જગ્યા તો ખરેખર જન્નત છે.)

مرغِ بریان به چشم مردم سیر
کمتر از برگ ترّه بر خوان است
وانکه را دستگاه وقوّت نیست
شلغمِ پخته، مرغِ بریان است

**મુર્ગે બાર્યાન બો ચશ્મ મર્દમ સૌર**
**કમતર અઝ બર્ગે તર્રા બર ખ્વાન અસ્ત**
**વાન્કા રા દસ્તગાહ વ કુવ્વત નીસ્ત**
**સલ્ગામે પુખ્તા મુર્ગે બ બિર્યાન અસ્ત**

(જે લોકો ધરાયેલા છે તેમની દૃષ્ટિએ દસ્તર ખ્વાન ઉપર લીલી ડુંગળી કરતાં ચિકન તંદૂરીનું મૂલ્ય ઓછું છે. પરંતુ જેની પાસે ધન કે સાધન સરંજામ નથી તેના માટે તો બાફેલું શલગમનું કંદમૂળ ચિકન તંદૂરી જેટલું જ સ્વાદિષ્ટ હોય છે.)

با گرسنگی قوّتِ پرهیز نماند
افلاس عنان از کفَ تقوی بستاند

**બાગર સંગી કુવ્વત પરહેઝ નમાનદ**
**અફલાસ અનાન અઝ કફ તકવી બસ્તાનદ**

(જ્યારે કોઈ માણસ ભૂખની વ્યથા ભોગવતો હોય તો તેના માટે ખાવા-પીવામાં પરહેઝ કરવો નકામું હોય છે. ગરીબાઈ ધર્મનિષ્ઠાના હાથમાંથી અંકુશ લગાવનાર લગામને છીનવી લે છે.) (ક્રમશઃ)

> **જંગમાં બેફામ એ સૌનાં હૃદય જીતી ગયાં,**
> **આંસુ આવી જાય છે જ્યાં યાદ આવે છે હુસૈન.**

# આપણા ઘરની વાતો

● **True Faith Village Education Committee દ્વારા યોજાયેલ ઈલ્મોત્સવ-૨૦૧૦ :**

ઈલ્મનો તહેવાર... ઈલ્મનો ઉત્સવ... ઈલ્મોત્સવ. **True Faith Village Education Committee (TFVEC)** દર વર્ષે જુદા જુદા ગામોમાં ઈલ્મોત્સવનું આયોજન કરે છે. જેમાં ચિત્ર, મહેંદી, રમત-ગમત, બોસ્તાને તિફલાનના બાળકોનું કીડ્સ કોમ્પિટીશન અને જનરલ નૉલેજ ક્વિઝ કોમ્પિટીશન જેવી પ્રવૃત્તિઓ થાય છે. ઈલ્મોત્સવ-૨૦૧૦ કાકોશીમાં કરબલા મુકામે તા.૨૦-૧૧-૨૦૧૦ અને તા.૨૧-૧૧-૨૦૧૦ના રોજ ઉજવવામાં આવ્યો હતો જેમાં મોટી સંખ્યામાં માનવ મહેરામણ ઈલ્મોત્સવની ઉજવણી માટે ઉમટી પડ્યો હતો. કાકોશી ગામના ૫૩૦ ગ્રુપે ઈલ્મોત્સવ-૨૦૧૦નું તમામ ખર્ચ તથા મંડપ અને જમણવારના તમામ કાર્યનો ભાર ઉપાડ્યો હતો. આપણા સમાજના દરેક વયના મોમિનોને ધ્યાનમાં રાખીને સુષુપ્ત શક્તિઓ બહાર લાવવા અને લોકોમાં દીની અને દુન્યવી ઈલ્મનો વધારો કરવાના હેતુથી ઈલ્મોત્સવનું આયોજન કરવામાં આવે છે. તા.૨૦-૧૧-૨૦૧૦ને શનિવારના રોજ થયેલ પ્રોગ્રામ ગામ કાકોશી પૂરતો સીમિત હતો જેમાં સવારે ૮-૩૦ કલાકે અન્ડર-આર્મ ક્રિકેટ ટુર્નામેન્ટ યોજવામાં આવી હતી. આ સ્પર્ધામાં કુલ ૧૨ ટીમોએ ભાગ લીધો હતો. આ સ્પર્ધા પછી બપોરે ૨-૦૦ કલાકે રમત-ગમતનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં સંગીત-ખુરશી, ફુગ્ગા ફોડ, ત્રીપગા દોડ, લીંબુ ચમચી, કોથળા દોડ, ઈંટ દોડ, લોટ ખાઓ ચોકલેટ લાઓ, રનીંગ, વિગેરે જેવી વિવિધ રમતો રાખેલી હતી. આ રમતોનું મુખ્ય આકર્ષણ નાના બાળકો હતા જે ખરેખર અદભૂત રીતે પોતાની આવડતનું પ્રદર્શન કરતા હતા. આ સાથે કાકોશીના મોટી ઉંમરના પુરૂષોએ પણ દોડમાં અને સ્ત્રીઓએ સંગીત-ખુરશીમાં ભાગ લીધો હતો. સંગીત-ખુરશીમાં કુલ-૩૯ બહેનોએ ભાગ લીધો હતો. કુલ ૫૦૯ લોકોએ રમત-ગમતમાં ભાગ લીધો હતો. સમગ્ર સેશન દરમિયાન લોકો ખૂબ જ ઉત્સાહી જણાતા હતા. રાત્રે ૮-૩૦ કલાકે બીજા સેશનની શરૂઆત થઈ. હરીપુરાના ભાઈઓ દ્વારા 'સમાજની એક વાસ્તવિકતા' અને 'મોબાઈલે વાળ્યો દાટ' અને ફાતેમા ગર્લ્સ હોસ્ટેલ, ઝહીરાબાદની બહેનો દ્વારા 'એક ભણેલી વહુ'નું સુંદર નાટક રજૂ કરવામાં આવ્યું હતું. આ નાટકોમાં શિક્ષણનું મહત્વ, સમાજની રૂઢિ અને મોબાઈલનો દૂરઉપયોગ જેવા મુદ્દાઓ સુંદર રીતે વણી લીધા. ત્યાર પછી ઈલ્મ-ઓ-અમલ સ્કૂલના બાળકો દ્વારા કરાટે પ્રદર્શન કરવામાં આવ્યું હતું જે ખરેખર કાબિલે તારીફ હતું. દાતા ગ્રુપ તરફથી કાકોશી ગામના મદ્રેસાના બાળકોને ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું.


બીજા દિવસે જેની ઈન્તેજારી કરવામાં આવતી હતી, જે ઈલ્મોત્સવનું હાર્દ ગણાય છે એવા ક્વિઝ કોમ્પિટીશનની શરૂઆત થઈ હતી. સવારે ૯-૩૦ વાગે પ્રારંભ થનાર કિડ્ઝ કોમ્પિટીશનમાં જુદા જુદા ૯ ગામોની બોસ્તાને તિફલાનના ૭૩ બાળકોએ પોતાની ટેલેન્ટ બતાવવા સુંદર કાર્યક્રમો રજૂ કરેલા જેમાં ગામ વાઘરોલની બોસ્તાને તિફલાનને ઈલ્મોત્સવ-૨૦૧૦ની વિજેતા ટ્રોફી ઈનાયત કરવામાં આવી હતી. ૧૧ થી ૧૨ કલાક સુધી જમણવારનો પ્રોગ્રામ રાખવામાં આવેલ હતો. બપોરે ૧-૩૦ કલાકે ક્વિઝ કોમ્પિટીશનની શરૂઆત થઈ. ક્વિઝ કોમ્પિટીશનની લેખિત પરીક્ષા તા.૧૪-૧૧-૨૦૧૦ના રોજ અમદાવાદ, બાદરગઢ, બાદરપુર, ઈલોલ(ત.), કાકોશી, મેતા અને સુરત જેવા સેન્ટરોમાં રાખવામાં આવી હતી. જેમાં કુલ ૧૧૫ ટીમોએ ભાગ લીધો હતો. જેમાંથી પાંચ ટીમો કાકોશી, સેજલપુરા, જેઠીપુરા,

ઈલોલ(ત.) અને વાઘરોલ ફાઈનલમાં પહોંચી હતી. આ પાંચ ટીમોને સ્ટેજ ઉપર વિવિધ રાઉન્ડમાં દીની અને દુન્યવી જ્ઞાનના પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. અંતે કાકોશી અને સેજલપુરા વચ્ચે ૨૫૦-૨૫૦ ગુણથી ટાઈ થતાં બન્ને ટીમોને એક ટાઈ-બ્રેકર પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો જેનો સાચો જવાબ કાકોશીની ટીમે આપીને ઈલ્મોત્સવ-૨૦૧૦ની ક્વિઝ કોમ્પિટીશનની ટ્રોફી પોતાના નામે કરી લીધી હતી. સમગ્ર સ્પર્ધાને લોકોએ મન ભરીને માણી હતી. ઈનામ વિતરણમાં ઈલ્મોત્સવના તમામ વિજેતાઓને લોકોએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધા. આ સાથે બે દિવસ દરમિયાન વિજ્ઞાન પ્રદર્શન, ચિત્ર પ્રદર્શન, જસ્ટ ફૉર ફન, યુનીવર્સ(બ્રહ્માંડ), દષ્ટિભ્રમ અને પ્રદુષણનું મૃત્યુ જેવા સુંદર પ્રદર્શન સ્ટોલ લાગેલા હતા જેને લોકોએ ઉત્સાહથી નિહાળ્યા હતા.

કાકોશી શીઆહ જાફરી મશાયખી મોમિન જમાઅતના તમામ મોમિન ભાઈ-બહેનો, ૫૩૦ ગ્રુપ અને એવી તમામ વ્યક્તિ જેને ઈલ્મોત્સવને સફળ બનાવવા જાહેરી અને છૂપી રીતે સહકાર આપ્યો હોય તેમનો **TFVEC** ખૂબ ખૂબ આભાર માને છે.

નોંધ : વર્ષ : ૨૦૦૫ થી વર્ષ : ૨૦૧૦ સુધીની ક્વિઝ કોમ્પિટીશનના લેખિત પ્રશ્નપત્રો **www.tfvec.org** ઉપરથી ડાઉનલોડ કરી શકાશે.

● **ઈન્નાલિલ્લાહે :**



ઈલોલ પહાડીયા નિવાસી **મર્હૂમા મો.ઉરીબેન શરીફભાઈ બલોસપુરા** મુ.તા.૯ ઝિલહજ-૧૪૩૧, તા.૧૬-૧૧-૨૦૧૦ને મંગળવારના રોજ અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યાં છે.

અલ્લાહ તઆલા મર્હૂમાને ગરીકે રહેમત કરે અને તેમના કુટુંબીજનોને સબ્રે જમીલ અતા ફરમાવે, આમીન.


**ફૈઝ-અલ-ઈમાન**
**ટુર ઍન્ડ ટ્રાવેલ્સ**
**હજ • ઉમરાહ • ઝિયારત**
e-mail: faizalimantours@gmail.com

**અલ્લાહ તઆલા ના ફઝલો કરમથી મોહંમદ વ આલે મોહંમદ અને પીરો મુરશીદની દુઆઓથી અમે ફૈઝ-અલ-ઇમાન ટુર એન્ડ ટ્રાવેલ્સ ની શરૂઆત કરી છે. હજ, ઉમરાહ, ઝિયારત, વેકેશન ટુર અને મોહર્રમ ટુરનું આયોજન કરેલ છે. ઇચ્છુક મોમીન ભાઇ-બહેનો નીચે જણાવેલ નામ અને ફોન નંબર ઉપર સંપર્ક કરી માહિતી મેળવવી.**

*** સંપર્ક ***

| | |
|---|---|
| પટેલ મેહદીઅલી ઇબ્રાહીમ (સૅમકૉમ-પીરોજપુરા) | 09819300429 |
| ખોરજીયા ઇબ્રાહીમ પોલીસ (બાદરગઢ) | 09820388326 |
| ફત્તેહ સાદીકઅલી મોહંમદ હુસૈન (પીરોજપુરા) | 09820491740 |
| શેલીયા હસનઅલી અબ્બાસ (ખડિયાસણા) | 09324818041 |
| ગુલામ હબીબ ઢાબરા (બાદરગઢ) | 09879120492 |

# જાફરી આવાઝ(માસિક)ને મળેલ ડોનેશનની યાદી

રૂા.૧૦૦/- મો.હાજીયાણી ફાતમાબેન નુરમહંમદ(કઠોર)તરફથી જનાબા સૈયદા ઈતરતફાતેમા બેગમ સાહેબાની રૂહના સવાબ અર્થે.

રૂા.૫૧/- મો.ફિરોઝહુસૈન કાસિમભાઈ(કઠોર) તરફથી પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા(રહે.) તથા મર્હૂમ કાસિમભાઈની રૂહના સવાબ અર્થે.

**મર્હૂમા મો.ઉરીબેન શરીફભાઈ બલોસપુરા (ઈલોલ પહાડીયા)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૧૦૧/- મો.શરીફભાઈ ખાંનજીભાઈ બલોસપુરા
રૂા.૫૧/- મો.ઈસ્માઈલભાઈ ખાંનજીભાઈ બલોસપુરા
રૂા.૫૦/- મો.ગુલામમહંમદ શરીફભાઈ બલોસપુરા
રૂા.૫૦/- મો.ફાતમાબેન ગુલામમહંમદ બલોસપુરા
રૂા.૫૦/- મો.હસનઅલી શરીફભાઈ બલોસપુરા
રૂા.૫૦/- મો.ઝોહરાબેન હસનઅલી બલોસપુરા
રૂા.૫૦/- મો.શેરઅલી અલજીભાઈ મસી
રૂા.૫૦/- મો.ફાતમાબેન શેરઅલી મસી
રૂા.૨૫/- મો.અસ્મતફાતેમા ગુલામમહંમદ બલોસપુરા
રૂા.૨૫/- મો.શબ્બીરહસન ગુલામમહંદ બલોસપુરા
રૂા.૨૫/- મો.તાહેરાફાતેમા હસનઅલી બલોસપુરા
રૂા.૨૫/- મો.મહંમદહુસૈન હસનઅલી બલોસપુરા
રૂા.૫૦/- મો.ઈબ્રાહીમભાઈ ગુલામભાઈ મસી
રૂા.૫૦/- મો.હાસમભાઈ ગુલામભાઈ મસી
રૂા.૫૦/- મો.મહંમદઅલી ગુલામભાઈ મસી
રૂા.૫૦/- મો.હબીબઅલી દાઉદભાઈ મસી

રૂા.૧૦૧/- મો.હાજી ગુલામઅબ્બાસ હાજી ગુલામનબી(વસો) તરફથી તેમના પિતાશ્રી મર્હૂમ હાજી ગુલામનબી હાજી રસૂલભાઈની રૂહના સવાબ અર્થે.

રૂા.૧૦૧/- મો.રેહાનાબેન ગુલામઅબ્બાસ (વસો)તરફથી જનાબા સૈયદા ઈતરતફાતેમા બેગમ સાહેબાની રૂહના સવાબ અર્થે.

રૂા.૧૦૧/- મો.નજમાબેન ગુલામઅબ્બાસ (વસો)તરફથી 'જાફરી આવાઝ'ને ઉત્તેજન અર્થે.

રૂા.૧૦૧/- મો.હસનઅબ્બાસ ગુલામઅબ્બાસ (વસો)તરફથી તેમની દીકરી હમીદાફાતેમાના જન્મની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૦૧/- મો.હુસૈનમહંમદ ગુલામઅબ્બાસ (વસો)તરફથી પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા(રહે.)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૨૫/- મો.મોહંમદ ઈલ્યાસ ગુલામમોહંમદ (ખેડા)તરફથી તેમની દીકરી રાશેદાફાતેમાની શાદીની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૦/- મો.એહસાનઅલી મોહંમદહુસૈન (વસો)તરફથી પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા(રહે.)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૧૦૦/- મો.એહસાનઅલી મોહંમદહુસૈન (વસો)તરફથી મોહંમદ વ આલે મોહંમદની અરવાહના સવાબ અર્થે.

રૂા.૫૦૦/- મો.ઈમ્તિયાઝઅલી ગુલામહુસૈન અલીજી(વસો-લંડન)તરફથી તેમના દીકરા ઈમદાદઅલીની શાદીની ખુશાલી પ્રસંગે.

રૂા.૨૦૦/- મો.મોહંમદહનીફ અબ્દેરહેમાન (દમણ-લંડન)તરફથી તેમની દીકરી તરન્નુમ ફાતેમાની શાદીની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૦/- મો.આબિદહુસૈન હાસમભાઈ ભગત (દમણ)તરફથી તેમનાં માતા-પિતાની રૂહના સવાબ અર્થે.

રૂા.૫૦/- મો.નજમાબેન આબિદહુસૈન(દમણ) તરફથી પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા(રહે.)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૫૦/- મો.મંજૂરફાતેમા આબિદહુસૈન(દમણ) તરફથી 'જાફરી આવાઝ'ને ઉત્તેજન અર્થે.

રૂા.૫૦/- મો.મહેંદીઅલી ગુલામઅલી(વસો) તરફથી નુસરતફાતેમાને બિસ્મિલ્લાહ પઢાવ્યા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૦૦/- મો.મિકદાદહૈદર ગુ. મોમિન(વસો) તરફથી તેમના દીકરા અખ્લાકએહમદ B.E. E.C.માં ઉત્તીર્ણ થયા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૧/- બંદએ ખુદા તરફથી 'જાફરી આવાઝ' (માસિક)ને ઉત્તેજન અર્થે.

રૂા.૫૦/- મો.ગુલામઅલી વલીભાઈ ડોડીયા (ઈલોલ તલાવ)તરફથી મર્હૂમા સુગરાબેન આબિદઅલી ડોડીયાની રૂહના સવાબ અર્થે.